પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

જાન્યુઆરી
૨૦૦૦
વર્ષ ૭૩

કુમાર

સંસ્થાપક
ર.મ.રા.

સળંગ
અંક
૮૬૫

તંત્રી • ધીરુ પરીખ



સહસ્રાબ્દીનો શહીદ સંત

બરાબર પચાસ વર્ષ પૂર્વે કરાયેલો પેન્સિલ-સ્કેચ. 'હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી,' એમ કહેનારનો સ્કેચ કરનારે પોતાના નામની અશુદ્ધ જોડણી કરી અક્ષમ્ય અનાદર કર્યો છે તેનો શરમજનક દસ્તાવેજી પુરાવો પણ અહીં જોવા મળે છે.



મહાત્મા ગાંધીજીની ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ દિલ્હી ખાતે હત્યા થઈ. વિશ્વમાં હાહાકાર મચી ગયો. પરન્તુ આ કરુણ અને દારુણ ઘટનાની જાણ ચિત્રકાર ટૉપોસ્કિને અગમ્ય આગાહી થઈ ગઈ હોય તેમ ઈ. ૧૯૪૬માં, એટલે કે ગાંધીજીની વાસ્તવિક હત્યાનાં બે વર્ષ પૂર્વે, ગાંધીજીની શહીદીનું આ રંગીન ચિત્ર તૈયાર કર્યું હતું ! ટૉપોસ્કિ વિશ્વના ખ્યાતનામ કલાકારોમાંના એક. વિષયાનુરૂપ રંગરમણા અને ભાવાનુકૂળ આકૃતિ-આયોજન એમની ચિત્રકલાની ખાસિયતો. ગાંધીજીનાં ચિત્રો તૈયાર કરવા એ ભારત આવ્યા, પણ એમની સામે બેસવાનો ગાંધીજી પાસે સમય જ ક્યાંથી હોય ? ગાંધીજીએ તો એમને પોતે જ્યાં રહે ત્યાં રહી દિનચર્યા નિહાળ્યા કરી જે રીતે ચિત્રો કરવાં હોય તે રીતે કરવા માટે પરવાનગી આપી. એમણે ગાંધીજીનાં જે રેખાકંનો - ચિત્રો કર્યાં તે ૧૯૫૫ આસપાસ પ્રગટ થયેલાં. નીચે આપેલું, ગાંધીજીની હત્યાનું ચિત્ર હત્યા થયા પછી ટૉપોસ્કિએ તૈયાર કરેલું. ટૉપોસ્કિનાં ઘણાં ચિત્રો બકિંગહામ પૅલેસની વિવિધ પડસાળોમાં શોભનવૃદ્ધિ કરી રહ્યાં છે. બ્રિટિશ સાહિત્યકાર બર્નાર્ડ શૉનાં એમણે કરેલાં રેખાચિત્રો વિશ્વવિખ્યાત બનેલાં છે.



પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૩મું — અંક ૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

કુમાર સળંગ અંક ૮૯૫

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બહુચરાજીની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦. અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

'કુમાર'ના સળંગ અંક ૮૬૧ ઑક્ટોબર ૧૯૯૯માં વડોદરાના જ્યોતિ ભટ્ટના 'ગણિતગમ્મત' લેખના અનુસંધાનમાં વિશેષ કંઈક જણાવીશ તો અસ્થાને નહિ ગણાય.

નવ પુત્રોના પિતા પાસે ૧ થી ૮૧ સુધીના નંબર આપેલ ૮૧ ગાયો છે. દરેક પુત્રને નવ ગાય મળે એ નિ:સંદેહ છે. પરંતુ એ દરેકને મળતી નવ ગાયનું દૂધ દરેકને સરખા પ્રમાણમાં મળવું જોઈએ. એ પ્રશ્ન ઉકેલવાનો છે. દરેક ગાય તેમને આપેલા નંબર જેટલા જ લિટર દૂધ આપે છે.

એક નંબરથી શરૂ કરીને ગમે તે નંબર સુધી સરવાળો કરવાની સહેલી રીત આ પ્રમાણે છે : આપેલા છેલ્લા નંબરને ત્યાર પછીના નંબરથી ગુણીને, બે વડે ભાગવાથી જે આવે તે આપેલા નંબરનો સરવાળો હશે. દા.ત. ૧ થી ૮૧ સુધીના નંબરનો સરવાળો (૮૧x૮૨) ÷ ૨ અથવા ૮૧x(૮૨÷૨) કરતાં ૩૩૨૧ આવે છે. એટલે કહી શકાય કે ૧ થી ૮૧ સુધીના નંબરનો સરવાળો ૩૩૨૧ થાય. બીજી રીતે કહીએ તો ૮૧ ગાયોનું ૩૩૨૧ લિટર દૂધ થાય. દરેક પુત્રને ભાગે ૯ ગાય આવતાં ૩૩૨૧ ને ૯ વડે ભાગતાં ૩૬૯ આવે, જે દરેકને મળતી નવ ગાયોનું દૂધ ૩૬૯ લિટર મળવાનું સૂચન કરે છે.

હવે દરેકને કયા કયા નંબરની ગાય આપવામાં આવે જેથી દરેકને ૯ ગાયોનું દૂધ ૩૬૯ લિટર મળી રહે. ઉપરના ૯x૯ના જાદૂઈ ચોરસની રીતે એ બતાવેલ છે.

આ જાદૂઈ ચોરસમાં દરેક હાર અને સ્તંભમાં આવતા નવ નંબરનો સરવાળો ૩૬૯ થાય છે. એટલે કહી શકાય કે ઉપર તેમજ સ્તંભમાં જણાવેલા નવેય દીકરાનાં નામ સામેની આડી હારમાં અથવા ઊભી હારમાં આવતા નંબરની ગાયોના નંબર જેટલું જ દૂધ મળતાં દરેકને ૩૬૯ લિટર દૂધ મળી રહે છે.

ખેડૂત પુત્રો	કરશન	ખીમજી	ગણપત	ઘનશ્યામ	ચીમન	છગન	જેરામ	ઝાખરો	ટભાજી
કરશન	૧૨	૮	૧૬	૮૧	૧૫	૮૦	૯	૭૬	૭૨
ખીમજી	૭૯	૫૯	૬૪	૬૨	૨૬	૨૮	૨૧	૨૭	૩
ગણપત	૧૩	૧૯	૫૧	૩૦	૪૮	૨૯	૪૭	૬૩	૬૯
ઘનશ્યામ	૭૮	૫૮	૩૩	૪૪	૩૭	૪૨	૪૯	૨૪	૪
ચીમન	૧૧	૫૭	૩૬	૩૯	૪૧	૪૩	૪૬	૨૫	૭૧
છગન	૭૭	૧૭	૫૦	૪૦	૪૫	૩૮	૩૨	૬૫	૫
જેરામ	૧૪	૨૨	૩૫	૫૨	૩૪	૫૩	૩૧	૬૦	૬૮
ઝાખરો	૭૫	૫૫	૧૮	૨૦	૫૬	૫૪	૬૧	૨૩	૭
ટભાજી	૧૦	૭૪	૬૬	૧	૬૭	૨	૭૩	૬	૭૦

જો કોઈ દીકરાને પોતાને મળતી ગાયોના નંબર પ્રમાણેની નવ ગાયો ના જોઈતી હોય તો તેમના અન્ય ભાઈને પોતાને મન પસંદ નંબર પ્રમાણેની ગાયો મેળવવા, ઉપરની આડી હાર તેમજ ડાબેની ઊભી હારમાં જણાવેલા નામોની અદલા- બદલી કરવાથી પોતાને મન પસંદ ગાયો મળી રહેશે. આમ, અદલાબદલી કરવાથી અંતે તો ૯ ગાયો ને ૩૬૯ લિટર દૂધ જ મળવાનું છે.

આ 'કુમાર'માં 'કરશન'ને નવ ગાયોનું ૩૩૯ લિટર દૂધ મળે છે. '૭' નંબરની ગાય ને બદલે '૩૭' નંબર હોવા જોઈએ. જેથી ૩૬૯ લિટર દૂધ મળી રહે.

આ છે મારો ઉકેલ!

– માધવજી દેવળીઆ (કોવેન્ટ્રી, યુ.કે.)

'કુમાર' વાંચવું ગમે છે, કારણ કે તેમાં રુચિ જળવાય છે. આમ તો હું જ્યોતિષ-શાસ્ત્ર કે પંચાંગનો વિદ્વાન નથી, પણ છતાં શ્રી પ્રફુલ્લભાઈએ જણાવ્યું છે કે તિથિમાં વધઘટ થતી હોવાથી તેમજ સમયાંતરે અધિક માસ ઉમેરાતા હોવાથી જાહેર ઉપયોગ માટે ચાંદ્રપંચાંગ અગવડ- ભર્યું છે. આ વાક્ય થોડું યોગ્ય લાગતું નથી, કારણ કે હજારો વર્ષથી જે હિંદુ તહેવારો ઉજવાય છે તે બહુધા તિથિ પર જ આધારિત છે. અને તેને ચંદ્રની કળા સાથે ઘનિષ્ઠ સંબંધ છે. અધિક માસને લીધે ચાંદ્રવર્ષ અને સૌર વર્ષમાં ફેર પડતો નથી અને મોસમ પણ ચાંદ્રમાસ પ્રમાણે ગણી શકાય છે, જે સૂર્યની ઉપર જ આધાર રાખે છે. ચોમાસુ અષાઢ-શ્રાવણમાં જ આવે અને ઉનાળો ચૈત્ર-વૈશાખમાં જ આવે. આવું ઇસ્લામી મહિનામાં બનતું નથી. તેથી તે હિંદુ પંચાંગની વિશિષ્ટતા ગણાય. અંગ્રેજી શાસનને લીધે અંગ્રેજી કેલેન્ડર આપણા મગજમાં બેસી ગયું છે અને તે સરળ છે, પણ વૈજ્ઞાનિક નથી. તેના મહિના આકાશનાં નક્ષત્ર સાથે અનુકૂળ નથી તેમજ તારીખો પણ મનસ્વી રીતે છે. જાન્યુઆરીના ૩૧ કે ફેબ્રુઆરીના ૨૮ કે ૨૯ દિવસ છે તેનું કોઈ ખગોળીય કારણ નથી.

૧૯૫૭માં ભારતમાં જૂના પૈસાને બદલે નવા પૈસાનું ચલણ શરૂ થયું અને ૬૪ જૂના પૈસાના રૂપિયાને બદલે ૧૦૦ નવા પૈસા થયા. અને તેથી ૧ આના બરાબર છ પૈસા, બે આના બરાબર બાર પૈસા અને ત્રણ આના માટે ઓગણીસ પૈસા કિંમત રાખવામાં આવી. તેની ત્યારે ઘણાએ મજાક પણ કરી પરંતુ સરળતા માટે મેટ્રિક પ્રણાલી ચાલી પણ હજી એન્જિનીઅરિંગ ક્ષેત્રે ફૂટ-પાઉણ્ડની પ્રણાલી ચાલે જ છે.

આમાં ૬ને બદલે ૬.૨૫ પૈસા લઈએ અને અર્ધા કરતાં ઓછાને કાઢી નાખીએ અને અર્ધા કરતા વધારેને પૂર્ણ ગણીએ તો આ ભેદ નીકળી જતો હતો. આમ થોડું ક્લિષ્ટ હતું, પણ ગણિતીય હતું તેથી તે વિરોધ બહુ ન ચાલ્યો. આવું જ ચાંદ્ર તિથિ બાબત છે, તેમ મને લાગે છે. ચાંદ્ર તિથિ આકાશ સાથે જોડાયેલી છે. અધિક માસ

(અનુસંધાન પૃ.૪૫)

છતાં પણ ઝરે... / ગીતા પરીખ

(પૃથ્વી)

થયાં વરસ બે હજાર ઈશુના મહા-જન્મને
ખરેખર થયો હતો જનમ એમનો પૃથ્વીમાં!
જીવ્યા જીવન ભવ્ય એ યુગ નવો અહીં સર્જીને
પરંતુ જીરવી શક્યાં નહિ જ આપણે એમને
ચઢાવી વધસ્તમ્ભની ઉપર દીધ - શી હીનતા!

થયાં વરસ બે હજાર પણ ના હજી આપણે
જરીય સુધર્યાં
હણ્યા પળમહીં જીવંત ભગવાન શા ગાંધીને
(ખરે ગાંધીજીને!) કશી ક્રૂરતા!
હવે ઊજવીએ મિલેનિયમને કયા ભાવથી?
થતું હૃદય મૂઢ આ અકળ વેદનાભારથી!

છતાં પણ ઝરે હજી ઉરથી માહરા પ્રાર્થના :
'હઠો તિમિર કાળના સકલ વિશ્વનાં કારમાં,
મિલેનિયમનાં પ્રદીપ્ત નવ સૂર્યના રશ્મિથી!

વિમાસણ / ભાનુપ્રસાદ પંડ્યા

(ઉપજાતિ • સૉનેટ)

વિશાલ બુદ્ધિ, પ્રતિભા અનન્યા
પરોઢના વ્યોમ સમી ખૂલી જતાં
જાગી અભીપ્સા રચવા ઋષિને
મહાકથાઃ દર્શન વર્ણને વહું!
મળે ત્વરાથી લખનાર કોઈ
દિયે બધાં માનસમોતી પ્રોઈ.

વિઘ્નેશને મંત્રબળે નિમંત્ર્યા
સુખાસને આસીન દેવ અર્ચિયા
'ઉતારી દો સિંધુતરંગ જેવી
કથા.' - વિરામું'ન, વદો સવેગઃ,
ઉવાચ ગૌરીસુત. વ્યાસ હાસી
કહે : 'ગણેશાય નમઃ લખોજી.'
ક્ષોભે થતા બેય કપોલ રાતા
થંભે સ્વહસ્તે લખું આત્મગાથા?

પતન / ભરત પાલ

(મુક્તક)

કામઠોથી તંગ ને પાછો નથી સ્હેજે પવન,
તો ય ઊંચે ઊડવાની છે પતંગોને અગન,
ઠૂમકા માર્યા છતાં પણ ના ચગે નીચે પડે;
આપણું પણ આ પતંગોના સમું અંતે પતન!

છતાં પણ ઝરે : વીસમી સદીને નવી સહસ્રાબ્દીનો આરંભ ગણવાના વિવાદાસ્પદ નિર્ણયટાણે કવયિત્રી અહીં જેના નામ સાથે સહસ્રાબ્દી સંકળાઈ છે તે ઈસુની અને બીજી સહસ્રાબ્દીમાં ગાંધીની શહીદીના નિર્દેશો સાથે માનવજાતની ક્રૂરતા વિશે વિચારે છે. અને છતાંય અંતે જતાં નવી સહસ્રાબ્દીનો સૂર્યોદય વિશ્વસમસ્તમાં તિમિરઓઘનો નાશ કરનાર નીવડો એવો પ્રાર્થનામય સૂર પ્રકટાવી રહે છે. **વિમાસણ** : શ્રી ગણેશ વ્યાસના લહિયા બન્યા એ પુરાણકથા પર આધારિત આ રચનામાં વ્યાસ 'ગણેશાય નમઃ' લખો એમ કહે છે ત્યારે તે પાર્વતીપુત્રને જાણે પોતાની કથા લખવાનો આરંભ ન કરતા હોય તેવો સંકોચભાવ થાય છે તેવી કવિકલ્પનાનું કાવ્ય. **માધુર્યનાં વરદાન દે** : જીવનમાં ભલે વ્યથા, વ્યગ્રતા, નૈરાશ્ય, નિરુપાયતા આદિ હોય પણ કવિ કહે છે કે મારી તો એટલે કે મનુષ્ય માત્રની તો પ્રાર્થના માધુર્યનાં વરદાનની જ હોય! **ક્યાં જવું?** પ્રણયના ભરતીઓટ સમા ભાવોની ગઝલ. **ફેફસાંમાં** : ફેફસાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા દ્વારા માનવીને ટકાવી રાખે છે. પણ કોઈક એવા પણ અનુભવો થાય છે કે જાણે બધું ફેફસાંમાં વિલીન થવા લાગે છે!

૩૦ જાન્યુઆરી, ૨૦૦૦ : 'માંધાતા' એટલે પુરાણ પ્રમાણે ઇન્દ્રે જેના મોંમાં જન્મકાળે આંગળી આપીને કહેલું કે 'માં ધાસ્યતિ' (મને ધાવશે). આથી તે 'માંધાતૃ' કહેવાયો. આવા આ સદીના કૈસર, હિટલર, મુસોલિની, લેનિન, સ્ટાલિન, ચર્ચિલ આદિ માંધાતાઓને તો સહુ વીસરી ગયું. એમની કેવળ લાશ જ ઊંચકાઈ. પણ ગાંધીજી તો નર્યો માણસ. વિશ્વનાં સમજુ લોકોએ એમને હૃદયમાં ધારણ કર્યા. 'માંધાતા' અને 'માણસ' શબ્દના વિરોધથી, કાંધે લાશ અને હૃદયમાં વાસ, એવી પણ વિરોધી કલ્પનાથી ગાંધીજીના નિર્મળ, નિખાલસ, નિર્દંભ વ્યક્તિત્વને અંજલિ ધરાઈ છે. **પતન** : પ્રતિકૂળ પરિસ્થિતિમાં ઊંચે ચગવાના ઉધામા કરતો પતંગ છેવટે નીચે જ પડે છે તેમ માનવીને પણ ક્યારેક વિપરીત સંજોગોમાં આવો અનુભવ થાય છે તે દર્શાવતું મુક્તક.

...ક્યાં જવું? / (ગઝલ) ભરત વિંઝુડા

એકબીજા પાસે જઈને બેસવું
કંઈ ખબર પડતી નથી કે ક્યાં જવું?

હું કહું છું તે મને સમજાય છે,
બહુ કઠિન છે અન્યને સમજાવવું.

પંખીઓને ઊડતાં જોયાં પછી
મનને આવડતું ગયું છે ઊડવું.

એ ક્ષણે સળગી ગયો'તો હું ય પણ
છે ખબરમાં માત્ર તારું દાઝવું.

એક દિ' અખબાર કોરું આવશે,
એક દિવસ થઈ જશે કંઈ ના થવું.

માધુર્યનાં વરદાન દે / 'ઉશનસ્'

(ગઝલ)

- તો આજની આ સાંજને માધુર્યનાં વરદાન દે,
વીતી ગઈ જે કાલ એને માન દે, સમ્માન દે.

અંધારના આ શ્વેત પડછાયાનું તાંડવનૃત્ય જો,
કાલે સૂરજ ઊગે તો એને યુદ્ધનું આહ્વાન દે.

જોઈ નથી જાતી હવે આ વૃદ્ધ દરિયાની વ્યથા,
ખોવાયલાં બચપણ તણાં એનાં પરત તોફાન દે.

છે આભમાં તારો ઝરૂખો ઝૂલતો અધ્ધર ભલે,
કાં ઊડવાને પાંખ દે, કાં શબ્દનાં સોપાન દે.

ઝરમર વરસતા મેહમાં તડકાનાં ખીલે ફૂલ તો,
આંસુ ભલે દે આંખને, આ હોઠને મુસ્કાન દે.

ઘાયલ કોઈ ચિત્કાર હો કે ચીસ કાળી રાતની,
છે દ્વાર સ્વાગતનાં ખૂલાં, એવા અગર મહેમાન દે.

બેઠા છીએ ચકચૂર થઈને જિન્દગીના કેફમાં,
કે પી જશું એનેયે ચલ, તું મૃત્યુનાં મયપાન દે.

મારી હથેલી તો હતી વેરાન કોઈ રણ સમી,
કોણે પૂર્યા એમાં ગઝલના સાથિયા! - પ્હેચાન દે.

ફેફસાંમાં / મનીષ પરમાર

(ગઝલ)

સાંજ ડૂબે શ્વાસ ડૂબે ફેફસાંમાં,
ભૂખરો અજવાસ ડૂબે ફેફસાંમાં.

ઊડવાના ઓરતા પીંછાં મહીં છે,
તે છતાં આકાશ ડૂબે ફેફસાંમાં.

આ સમય ખૂલી ગયો છે એકધારો,
ક્ષણ તણા વિશ્વાસ ડૂબે ફેફસાંમાં.

ખેડવા બેસું હૃદય જેવું ખરેખર,
અક્ષરોના ચાસ ડૂબે ફેફસાંમાં.

જિન્દગીનો ખેલ પલમાં થાય પૂરો -
વિશ્વની લાલાશ ડૂબે ફેફસાંમાં.

૩૦ જાન્યુ., ૨૦૦૦ / હસમુખ પાઠક

(મુક્તક)

વીસમા શતકે કાંધે લીધી સૌ
માંધાતાની લાશ,
પણ હૃદયે કેવળ ધર્યો નર્યો એક
માણસ મોહનદાસ.

સૂત્રસાર

કલ્પનાના સત્યની વાત શી છે?

રાધેશ્યામ શર્મા

> અંતરની ઊર્મિઓની શુચિતા અને કલ્પનાના સત્ય સિવાય હું કશા વિશે નિશ્ચિત નથી. સૌન્દર્યરૂપે કલ્પના જેને ગ્રહે છે એ સત્ય જ હોય.
>
> **કીટ્સ**

જીવનમાં શું નિશ્ચિત છે? અનુભવીઓ આનો એક જ જવાબ આપે : કશું જ નક્કી નથી.

નિશ્ચિત કરવું, કે નિશ્ચિંત રહેવું મનુષ્યને શા માટે પસંદ છે? કેમ કે બધું જ અનિશ્ચિત છે.

અનિશ્ચિત હોવાથી મનુષ્ય નચિંત રહી શકતો નથી. બિનસલામતી અનુભવે છે. ચિંતાતુર રહે છે.

અસ્તિત્વવાદી ચિન્તનમાં 'કન્ટિન્જન્સિ' શબ્દ ઘણી વાર પ્રયોજાયો છે. અકસ્માતે બનતી ઘટનાઓ, ઓચિંતા આકાર લેતા સંયોગો અને અણધારી પરિસ્થિતિઓની ગતિવિધિ સૂચવતો આ શબ્દ દાર્શનિક મહત્ત્વ ધરાવે છે.

મનુજ-અસ્તિત્વમાં સમાવિષ્ટ 'હોવાપણું', આત્મસ્વીકાર, આત્મપ્રસ્થાપના અને આત્માભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય - આવી બધી સ્થિતિઓનો વિચાર કરતાં વ્યક્તિએ ઉપર કથેલી અનિશ્ચિતતાની સ્થિતિ-ગતિને ગણનામાં લેવી જ પડે.

આપણે ત્યાં અગાઉ એક ગીત ઘણું સંભળાતું : 'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે?' સવારે તો ઠીક, આઠે પહોરમાંથી ક્યારે શું ના બને, કહેવાય કે ભાખાય એમ નથી.

જેની કવિતામાં ઇન્દ્રિયગ્રાહ્ય કલ્પના અને કલ્પનો ગૂંથાયેલાં છે એ જ્હોન કીટ્સે સહજપ્રાપ્ત અધિકારથી 'કલ્પનાના સત્ય'ની અહીં વાત કરી છે.

વાસ્તવનું સત્ય, દસ્તાવેજી હકીકતો અને ઇહલૌકિક તથ્યોને લક્ષમાં લે છે. એનો પગ પૃથ્વી પર ચીપકેલો હોય.

જ્યારે કલ્પનાત્મક સત્ય, સર્જકના સંવેદનસામ્રાજ્યમાં સુમન સમ ખીલ્યું હોય છે, એથી એવા સત્યના હોવાપણા વિશે કશી અનિશ્ચિતતા નથી.

જે પોતાની જાતમાંથી જ, આત્મચેતનાની ભૂમિ પર અંકુરિત થયું હોય, ફૂટ્યું હોય એના વિશે કોઈ પ્રકારની શંકા રહેતી નથી.

'સત્ય' સાચું, પણ 'કલ્પના'નું. અહીં વિચાર-મતિ-તર્કને અલ્પ અવકાશ છે. તર્કાતીત થવાની સહજ પ્રક્રિયા છે. વિચારની સાવધતા કે બુદ્ધિગત સતર્કતા અહીં નામની જ હોવાની, કેમ કે સત્ય વાસ્તવિકતાથી વિભિન્ન એવી કાલ્પનિક વાસ્તવિકતામાંથી ઝમેલું છે.

કલ્પનાશક્તિ જે તત્ત્વને સૌંદર્યસ્વરૂપે સ્વીકાર કરે છે તે બીજું કશું નથી, કેવળ 'સત્ય' છે. કવિજનોને પછી એની પ્રતીતિની પહોંચ પણ જોઈતી નથી હોતી! વાત આટલેથી અટકાવી દઈએ તો સૂત્રસાર અધૂરો રહે. કીટ્સે કલ્પનાના સત્યની વાત ઉચ્ચારી છે એ સ્વાભાવિક છે. એમાં કશું અસામાન્ય નથી. પણ સૂત્રના આરંભમાં એણે 'અંતરની ઊર્મિઓની શુચિતા', હૈયાના હેતની પવિત્રતાની જિકર કરી છે એનો મહિમા મોટો છે. આવી શુદ્ધ શુચિતા કેવળ માનવતા, માનવ્ય પૂરતી નહિ પણ પશુપંખીઓ પરત્વે પણ પ્રસરે છે.

ફ્રાંસનો કલાકાર શિલ્પી રોંદા. સરકારી મકાનનું પ્રવેશદ્વાર બનાવવાનું કામ સ્વીકાર્યું એમાં દ્વારને વિવિધ પ્રતિમાઓથી સજાવવાનું હતું. જેમ જેમ કામ ચાલ્યું તેમ તેમ મૂર્તિઓની સંખ્યા પણ વધતી ગઈ. લગભગ દોઢસો મૂર્તિઓ સર્જી. કેટલાં વરસ કામ ચાલ્યું ખબર છે?

પૂરાં વીસ વર્ષ! જીવનના બે દસકા. તો યે અહીંનાં જૈન દેરાસરની જેમ કામ ચાલ્યાં જ કર્યું. નક્કી કરેલી રકમથી રોંદા વધુ ધન પણ લઈ ચૂકેલો.

ફ્રાંસની સરકારે રોંદા પર કેસ કર્યો કે પ્રવેશદ્વારનું કાર્ય પરિપૂર્ણ કરી આપે કે લીધેલા પૈસા પાછા આપે.

રોંદાએ સહર્ષ પૈસા પરત કરી દીધા!

આ દરમિયાન વિદેશો સુધી રોંદાના પ્રવેશદ્વારને ખ્યાતિ પ્રાપ્ત થઈ ગઈ હતી. રોંદાની સર્જનાત્મક કૃતિ જોવા લોકો દૂરદૂરથી આવવા માંડ્યાં.

બ્રિટનનો સમ્રાટ એડવર્ડ સાતમો પણ ફ્રાંસ આવેલો. દરવાજા પર રોંદાની બનાવેલી ચિંતકની મૂર્તિ જોઈને તો મંત્રમુગ્ધ થઈ ગયો. સમ્રાટને આ વિશ્વવિખ્યાત મૂર્તિશિલ્પને નિકટ જઈ જોવાની મરજી થઈ. સીડી મંગાવી. સીડી હાજર થઈ અને સમ્રાટ જેવો સીડી પર પગ મૂકવા જતો હતો ત્યાં રોંદાએ તેને તરત રોકી પાડ્યો! સમ્રાટે આશ્ચર્ય સાથે કારણ પૂછ્યું ત્યારે રોંદાએ સ્પષ્ટતા કરી : ઉપર એક અજાણ્યા પંખીએ માળો રચ્યો છે. ઉપર જવાથી બચ્ચાંમાં ગભરાટ ફેલાઈ જશે! □

મારી ભાષામાં જો કોઈ પણ પ્રકારનું સૌન્દર્ય, માર્દવ અથવા તેજ આવ્યું હોય તો તે ભાષા કેળવવાના પ્રયત્નમાંથી નથી આવ્યું, પણ ભાષા દ્વારા સમાજ અને સંસ્કૃતિની અનવદ્ય સેવા મારે હાથે થાય એ ઉત્કટતાને કારણે આવેલું છે.

કાકા કાલેલકર

——— માનવ થાઉં તો ઘણું ———

'ઉત્તમ માનવી બનવા તરફનાં પગલાં'

——— સુધીર દેસાઈ ———

એક માનવી રસ્તા ઉપરથી જતો હોય અને સામે એને ઓળખતો માનવી પસાર થાય તો તરત જ મોઢા ઉપર સ્મિત ફરક્યા વગર ન રહે. હાથ કુદરતી રીતે જ ઊંચો થઈ જાય અભિવાદ ન કરવા.

આ આપણી હજારો વર્ષોથી ચાલી આવતી રીત.

પણ આજે માનવી એવું વિચારતો થઈ ગયો છે કે હું તો મોટો માણસ! સામેથી આવતો માણસ પ્રતિષ્ઠામાં, પૈસામાં નાનો છે. એણે હાથ પહેલો ઊંચો કરવો જોઈએ.

આજે માનવીનું મહત્ત્વ ઘટી ગયું છે. પ્રતિષ્ઠા અને પૈસાનું મહત્ત્વ વધી ગયું છે. એના દ્વારા માન ઉઘરાવવા માનવી નીકળી પડ્યો છે. પણ પહેલાં આવું ન હતું.

એવી નોંધ કરવામાં આવી છે કે હઝરત મહમ્મદ પયગંબરે જીવનમાં ક્યારેય કોઈને અભિવાદન કરવા માટે પહેલો હાથ ઊંચો કરવાનો મોકો આપ્યો નથી. સામેથી કોઈ પણ ઓળખીતો માનવી મળે કે હઝરત મહમ્મદ પયગંબર પોતે જ પહેલો હાથ ઊંચો કરી સામી વ્યક્તિનું અભિવાદન કરે.

અને આ જ એમની મોટાઈ છે એટલે જ એની નોંધ કરવામાં આવી અને આજે આટલા વરસો સુધી એ વાત સચવાઈ છે.

આજે એવી એક ગેરસમજ પ્રવર્તે છે કે જો પહેલો હાથ અભિવાદન કરવા માટે હું ઊંચો કરીશ તો હું નાનો માણસ છું અને સામી વ્યક્તિ મોટી છે એવું પ્રસ્થાપિત થઈ જશે. આ નાના માણસની મનોવૃત્તિ. માનવી મોટો પોતાનાં ઉત્તમ કાર્યોથી બને છે એની એને સમજ જ નથી હોતી.

એક વખત જ્યોર્જ વૉશિંગ્ટન પોતાના મિત્રો અને ઉચ્ચ અધિકારીઓ સાથે રસ્તા ઉપરથી જતા હતા. સામેથી એક હબસી આવતો હતો. એણે જ્યોર્જ વૉશિંગ્ટનને જોઈને પોતાની ટોપી માથા ઉપરથી ઉતારી અભિવાદન કર્યું. વૉશિંગ્ટને પણ એ જ રીતે એનું અભિવાદન કર્યું.

થોડા સમય પછી એમના મિત્રોએ કહ્યું, 'તમે પણ ખરા માણસ છો?! એક કાળા માણસ પ્રત્યે આ પ્રમાણે સન્માન પ્રદર્શિત કરો છો!!'

વૉશિંગ્ટને જવાબ આપ્યો, 'મિત્રો! તમે એમ કહેવા માગો છો કે એ બિચારા અશિક્ષિત હબસીએ મારા પ્રત્યે સભ્યતા બતાવી તો એના ઉત્તરમાં હું એની સામે અસભ્ય વર્તન કરીને પોતાને નાનો માણસ સાબિત કરું ?!'

આ મહાન સંસ્કારી માનવીનાં લક્ષણ.

(અનુસંધાન પૃ.૫૧)

પડછાયો

મૂ.લે. બનફૂલ • અનુ. કલ્પના શાહ

હું અંધારામાં એકલો મેદાનમાં ફરતો હતો. એ સાથે ન હતો. એના શરીરની સુગંધ, મીઠી લહેરો, મૃદુ નિઃશ્વાસનો હું અનુભવ કરતો હતો. એ મારી બહુ પાસે હતો. પરંતુ બંનેમાંથી એકેના મોઢામાંથી એક પણ શબ્દ નીકળતો નહતો; છતાં અમારો વાર્તાલાપ ચાલુ હતો. એનો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય મારી કલ્પના સામે તરવરતા હતા. તેથી જ્યારે એણે મૂગામૂગા મને પૂછ્યું, 'તેં મને ક્યારેય જોયો નથી છતાં આટલો પ્રેમ કેમ કરે છે?' ત્યારે મેં સંકોચપૂર્વક કહ્યું, 'હું તને ઓળખું છું.'

'શી રીતે?'

'શી રીતે એ તો નથી જાણતો; પરંતુ જાણું છું.'

અંધકાર વધારે ઘેરો બન્યો.

અમે બંને ઘણી વાર સુધી પાસે પાસે ચાલ્યા.... કેટલી વાર એ ખબર નથી. માનું છું કે સૈકાઓના સૈકાઓ વીતી ગયા... અચાનક મારા મનમાં એનો બીજો એક નીરવ પ્રશ્ન ઉદ્ભવ્યો.

'તું મને આટલું ચાહે છે તો પકડી કેમ નથી પાડતો?'

'પકડીને શું કરવું છે?'

એના શરીરની સુગંધ વધારે ખીલી ઊઠી.

મને થયું એની ચકિત દૃષ્ટિ અંધકારને વીજળીની જેમ ચીરીને ચાલી ગઈ. થોડી વાર માટે ચારેબાજુ પ્રકાશથી ઝળહળી ઊઠી.

'તું મને હંમેશાં પકડી પાડે છે અને કહે છે કે પકડી નથી શકતો!'

'હું તને જ્યાં પકડવા ઇચ્છું છું ત્યાં તું મને પકડવા નથી દેતો.'

'ક્યાં પકડવા ઇચ્છે છે?'

'ઇન્દ્રિયોના ઇન્દ્રલોકમાં!'

એણે ઘેરો નિઃસાસો મૂક્યો. અંધકાર હલ્યો. જાણે ખૂબ પાસે આવતો ન હોય! એનાં આંસુ મારા ગાલ પર પડ્યાં... એક આંસુનું ટીપું... જાણે બરફ જોઈ લો....

મારી ચેતના પાછી ફરી. વરસાદ પડતો હતો. હું ઘરે પાછો ફર્યો. એ પણ સાથેસાથે ચાલ્યો. મુશળધાર વરસાદ આવ્યો. હું દોડવા માંડ્યો... એ પણ સાથેસાથે દોડ્યો. અચાનક જાણે એકદમ પાસે આવી ગયો... મને થયું એનાં ભીનાં કપડાંનો સ્પર્શ થયો... બંને પાસેપાસે ચાલતા હતાં. ઊભા શ્વાસે મૂગામૂગા નિર્જન રસ્તો કપાઈ ગયો. પછી લાંબી ગલી આવી. ગલીના નાકા પર મારું વિશાળ નિર્જન ઘર રાક્ષસની જેમ ઊભું હતું; જાણે હમણાં જ મને ગળી જવાનું ન હોય! હું ઝડપથી વરંડામાં જઈને ઊભો. એ પણ ઊભો રહ્યો. હું ઘરમાં ગયો. એ પણ આવ્યો. મેં ઝડપથી સ્વીચ ઑન કરી. ચારેબાજુ પ્રકાશ છવાઈ ગયો. જોયું તો કોઈ ન હતું. □



રામુ પંડિત

દુષ્યન્ત પંડ્યા

સને ૧૯૬૦ના અંતમાં, રિપબ્લિકન પક્ષના ઉમેદવાર નિક્સનને હરાવી જૉન કેનેડી યુ.એસ.એ.ના રાષ્ટ્રપતિપદે ચૂંટાઈ આવ્યા હતા. એ ડેમોક્રેટ હતા, જુવાન હતા, ઉત્સાહથી તરવરતા તોખાર હતા, નવું કરવાની ધગશવાળા હતા, ભારત પ્રત્યેનો એમનો અભિગમ જૉન ડલૅસની સંકુચિત, પૂર્વગ્રહયુક્ત અને રોગિષ્ઠ દૃષ્ટિથી તદ્દન વિરુદ્ધનો નહીં તો પણ ઠીક ઠીક ભિન્ન અને સહાનુભૂતિભર્યો હતો અને પોતે પદગ્રહણ વખતે આપેલા ટૂંકા પણ વેધક અને પ્રેરક પ્રવચનથી તેમણે જગતના ઘણા બધા દેશોના જુવાનોમાં નવી આશાનો સંચાર કરી દીધેલો.

જાન્યુઆરી ૧૯૬૧માં એ સત્તારૂઢ થયા અને, 'તમારો દેશ તમારે માટે શું કરી શકશે તે નહીં, પણ તમારા દેશને માટે તમે શું કરી શકશો તે તમારી જાતને પૂછો' - એ યાદગાર કેનેડીપ્રવચનના પડઘા ગાજતા હતા તે જ અરસામાં, એક રવિવારે સવારે, જામનગરના વિદ્યોત્તેજક મંડળની નવી ખૂલતી કૉમર્સ કૉલેજના આચાર્ય માટેની જાહેરાતના જવાબમાં જે સાતઆઠ મહાનુભાવો આવેલા તેમાંના એક આ રામુભાઈ પંડિતને પહેલી વાર જોયા.

વિદ્યોત્તેજક મંડળ સંચાલિત ડી.સી.સી. વિવિધલક્ષી હાઇસ્કૂલના પુસ્તકાલયમાં એ સૌ મહાનુભાવો બેઠા હતા. એ શાળાના આચાર્ય તરીકે એ સૌ મહાનુભાવોના સ્વાગતની જવાબદારી મને સોંપાઈ હતી. પોતાની પ્રસન્ન મુખાકૃતિ, હસતી, વિશાળ આંખો, ગૌર વર્ણ, સંસ્કારી વાણી, પોતાનાં કપડાંની સુઘડતા આદિથી રામુભાઈ મને પ્રથમથી જ આકર્ષક લાગ્યા હતા એટલું જ નહીં પણ, કોણ જાણે કેમ, મને એમની મુખાકૃતિમાં અને અમેરિકાના રાષ્ટ્રપતિ કેનેડીની મુખાકૃતિમાં સામ્ય લાગતું હતું. સહજ સૌજન્ય અને સંસ્કારિતાથી નીતરતા રામુભાઈના આ પહેલા પરિચયે પાડેલી છાપ સમય જતાં વધારે દૃઢ થતી ગઈ.

પિતાની નોકરી રેલવેની હોઈને, રામુભાઈએ વિવિધ શાળાઓમાં અભ્યાસ કર્યો હતો. પણ, ઉચ્ચ શિક્ષણ માટે એમણે અમદાવાદની એચ.એલ. કૉલેજ ઓવ્ કોમર્સ પસંદ કરી અને, એ કોલેજના વિદ્વાન અને કંઈક અરૂઢ વિચારણાવાળા પ્રાચાર્ય સુરેન્દ્ર દેસાઈના એ માનીતા વિદ્યાર્થી બની ગયા. પ્રાચાર્ય દેસાઈ કોઈ વિદ્યાર્થી પર જલદીથી વરસી પડે એવા ન હતા. એ વિદ્યાર્થી બુદ્ધિશાળી, તેજસ્વી, વાચનનો શોખીન, ઇતર પ્રવૃત્તિઓમાં રસ લેનારો અને તંદુરસ્ત મનોદશાવાળો હોવો જોઈએ તો જ પ્રાચાર્ય દેસાઈની કૃપાનો લાભ એને મળે. રામુભાઈમાં એ બધા ગુણો હતા. બેતાળીસના 'હિંદ છોડો' આંદોલનમાં લીધેલા ભાગે રામુભાઈને નીડર બનાવ્યા હતા. સુરેન્દ્ર દેસાઈના પ્રીતિપાત્ર થવા માટે આ લાયકાત ઓછી ન હતી. ગુરુ પાસેથી રામુભાઈએ ઘણું બધું ગ્રહણ કર્યું હતું, ગુરુનો ધારદાર કટાક્ષ ગુરુ પાસે ન રહેવા દીધો હતો. રામુભાઈ સદાના મિષ્ટભાષી.

જ્ઞાનપિપાસા રામુભાઈને અમે એમનાં પત્ની હર્ષિદાબહેનને અમેરિકા લઈ ગઈ. યુ.એસ.એ.ને પશ્ચિમ કાંઠે આવેલા કેલિફોર્નિયા રાજ્યના લૉસ એન્જલસમાં આવેલી યુનિવર્સિટી ઑવ્ કેલિફોર્નિયામાં તેમણે અભ્યાસ કર્યો અને મેનેજમેન્ટના નિષ્ણાત બન્યા. ત્યાં નવેક વરસ બંને રોકાયાં અને ત્યાં જન્મેલા પુત્ર અસિતને લઈ '૫૯-૬૦'માં પાછાં આવ્યાં. પંડિતદંપતી અમેરિકા ગયું તે પહેલાંથી 'ઊર્મિ-નવરચના'માં અને બીજાં ગુજરાતી સામયિકોમાં વિવિધ લેખો બંને લખતાં. એ સમયના અમદાવાદના સાહિત્ય વર્તુળમાં બંને જાણીતાં હતાં.

ઇન્ટર્વ્યૂ વ્યાપાર ચાલુ થવા પહેલાંથી જ રામુભાઈ મારી નજરમાં વસી ગયા હતા. યુ.સી.એલ.એ. કંઈ આઈવી લીગ*

---

* યુ.એસ.એ.ના પૂર્વ કાંઠાના પ્રદેશની હાર્વર્ડ, યેઈલ, પ્રિન્સ્ટન, કોલંબિયા વગેરે યુનિવર્સિટીઓ આઈવી લીગની યુનિવર્સિટીઓ કહેવાય છે.

છાપની યુનિવર્સિટી ન હતી. પણ તે આગળ પડતી યુનિવર્સિટી હતી એ ચોક્કસ. એમની આ પરદેશી ડિગ્રીએ પણ મને થોડો આકર્ષ્યો હોય એવું બને.

તે કાળે કૉલેજો માટે અધ્યાપક કે આચાર્યની વરણી કરવા માટે આજે છે તેવા, મારે મતે તદ્દન નિરર્થક, સરકારી કે યુનિવર્સિટીના અંકુશો ન હતા. સરકારી શિક્ષણ નિયામકની અને યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલરના પ્રતિનિધિની હાજરી વગર કરાયેલી અસંખ્ય નિમણૂકોમાં કોઈક નબળો માટી હશે, પણ આજના ૫૫% + અને એમ.ફિલ.ની ડિગ્રી ધરાવતા, વિદ્વત્તાથી ઉભરાતા અધ્યાપકો-આચાર્યોમાં પણ નબળા માટીઓનો તોટો નથી!

ઇન્ટર્વ્યૂ માટે આવેલા ઉમેદવારોમાંથી બેએકે કેટલાંક પુસ્તકો - અલબત્ત, પાઠ્યપુસ્તકો જ અને, તેયે કદાચ, તરજુમિયા પ્રકારનાં - લખ્યાં હતાં. અમારા મંડળના પ્રમુખ મા. ડોલરભાઈ માંકડ એવાં પુસ્તકોથી અંજાય એમ ન હતા. એ તથા, મંડળના મા.મંત્રી સ્વ. કાંતિભાઈ શાહ બંને માણસની પરખમાં કુશળ હતા. એ બંનેએ આચાર્યપદનો કળશ રામુભાઈ પર ઢોળ્યો.

પછી, મે મહિનાના આરંભમાં જામનગર આવી રામુભાઈએ કૉલેજના આચાર્ય તરીકેની કામગીરી આરંભી. બધું જ એકડે એકથી કરવાનું હતું. ચીવટપૂર્વક અને ખંતપૂર્વક, રામુભાઈએ બધાં ફૉર્મ, બધા ચોપડાઓ, પુસ્તકાલયનાં પુસ્તકોનાં કાર્ડ, ચોપડા, સામયિકો રાખવાનાં સ્ટેન્ડો વગેરેનું સુઘડ સુવ્યવસ્થિત અન સુંદર આયોજન કર્યું. મેં જોયું કે ઝીણી વિગતોમાં પણ એમને ઊંડો રસ હતો.

રામુભાઈ જામનગર એક જ વર્ષ રહ્યા. જામનગરનું ક્ષેત્ર તેમને નાનું લાગ્યું? હર્ષિદાબહેનને ત્યાં કશું યોગ્ય કામ સાંપડ્યું નહીં તે કારણ હતું? સંચાલક મંડળ સાથે તેમને એક બાબતમાં મતભેદ થયેલો. કૉલેજના વિદ્યાર્થીઓએ કૉલેજના વાર્ષિક સમારંભના અતિથિવિશેષ તરીકે ગુજરાતના તે સમયના રાજ્યપાલ નવાબ મહેંદી નવાઝ જંગને નિમંત્રણ આપ્યું, જે એમણે સ્વીકાર્યું. મંડળના મંત્રી કાંતિભાઈ ત્યારે વિધાનસભાના સભ્ય હતા. તેમને આ વાતની જાણ ગવર્નર તરફથી થતાં તેમને જરીક આંચકો લાગ્યો અને તેમણે આ બાબત ટકોર કરી. પણ એ એવી મૃદુ ભાષામાં હતી અને એટલી આછી હતી કે બીજી કોઈ વ્યક્તિ એની નોંધ સરખી લે નહીં. રામુભાઈએ પણ તે વિશે કદી જ કશો ઉલ્લેખ કર્યો નથી. પણ વર્ષાન્તે રામુભાઈએ જામનગર છોડ્યું.

પછી કોઈ મિત્રની કંપનીમાં થોડો સમય તેમણે સેલ્સમન તરીકે કામ કર્યું. પણ બિઝનેસ મેનેજમેંટનો નિષ્ણાત તબીબી સારવાર માટેનાં કોઈ સાધનોના પ્રચાર માટે ગામેગામ ફરે તે કેટલું નભે? તોપથી ફુગ્ગો ફોડવા જેવું એ હતું.

પણ હવે એ મુંબઈવાસી બની ગયા હતા. એમની શૈક્ષણિક કારકિર્દી તેજસ્વી હતી, યુસીએલએની ડિગ્રીની એના પરની મહોર હતી, ત્યાં લૉસ એન્જલસમાં કામનો અનુભવ હતો અને સ્વભાવે મિલનસાર હોઈ એમના સંપર્કનું વર્તુળ પણ વિશાળ હતું. એટલે અમેરિકન વેપારી પેઢીઓની અને અમેરિકા સાથે વેપાર કરતી ભારતીય પેઢીઓની ઈંડોઅમેરિકન ચેમ્બર ઑવ્ કૉમર્સના સેક્રેટરી તરીકેની જવાબદારી એમણે સંભાળી. પછીથી મુંબઈની વિખ્યાત ઇંડિયન મર્ચન્ટ્સ ચેમ્બરના સેક્રેટરી તરીકે એ જોડાયા. નિવૃત્તિ સુધી ત્યાં જ રહ્યા.

આ પદ એમની અભ્યાસુ વૃત્તિને સર્વથા અનુકૂળ હતું. વેપાર (બિઝનેસ) ના વ્યવહાર અને સિદ્ધાંત વચ્ચેની ખાઈનું તેમને સ્પષ્ટ દર્શન થયું હશે અને એ પૂરવામાં શી મુશ્કેલીઓ છે તે પણ કદાચ એમને દેખાયું હશે.

પણ એ અધ્યાપકનો જીવ હિસાબી ચોપડાઓમાં, સરકારી ફતવાઓમાં, રિઝર્વ બૅન્કના આદેશોમાં અને નફાતોટાની વાતોમાં કંઈ થોડો બંધાઈ રહે? એટલે દર વર્ષે અમેરિકાથી પૃથ્વી પ્રદક્ષિણાએ નીકળતા વિદ્યાર્થીઓ ભરેલા એક જહાજની તરતી વિદ્યાપીઠ-ફ્લોટિંગ યુનિવર્સિટી-માં રામુભાઈ-હર્ષિદાબહેન તોકિયો, હોંગકોંગ કે સિંગાપુરથી વિઝિટિંગ અધ્યાપકો તરીકે જોડાતાં અને પંદરવીસ દિવસ, સાગરમાં સફર કરતું એ જહાજ પિનાંગ, રંગૂન, કલકત્તા, મદ્રાસ, કોલંબો વગેરે બંદરોમાંથી ક્યાંક ને ક્યાંક રોકાતું મુંબઈના બંદરમાં લાંગરે ત્યાં સુધી એ દંપતી વ્યાખ્યાનો આપતું. જહાજમાં રામકથા થઈ શકે તો અધ્યયન-અધ્યાપન પણ જરૂર થઈ શકે. પ્રવાસ સાથે અધ્યયનને આમ અમેરિકનો જ જોડી શકે.

આ તો ઉનાળાના એકાદ માસ જેટલું કાર્ય માંડ હતું. રામુભાઈની અધ્યાપક વૃત્તિ એમને ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ મેનેજમેંટમાં લઈ ગઈ હતી. ત્યાં રામુભાઈ અઠવાડિયે એક દિવસ જતા અને નિયમિત વર્ગો લેતા. આ અધ્યાપનકાર્ય એમના વિદ્યાવ્યાસંગને જીવંત રાખતું. ત્યાં ચેમ્બરમાં મેનેજમેન્ટનો પ્રત્યક્ષ વ્યવહાર હતો તો અહીં એના શાસ્ત્રીય સિદ્ધાંતો હતા. બંને રામુભાઈને તુલાદ્ધાર રાખતાં.

રામુભાઈએ અભ્યાસ વાણિજ્યનો કર્યો હતો અને વ્યવસાયે વાણિજ્ય સાથે સંકળાયેલા રહ્યા હતા પણ સાહિત્ય, સંગીત અને એવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં એમને ઊંડો રસ હતો. એલિયટ, ઓડન, સ્પેંડર, ફ્રૉસ્ટ વગેરે કવિઓએ પોતાનાં કાવ્યોનાં કરેલાં પઠનોની રેકૉર્ડનો ખજાનો તેમની પાસે હતો. ભારતીય તેમજ પાશ્ચાત્ય શાસ્ત્રીય સંગીતની રેકોર્ડો પણ તેમની પાસે હતી. એમના પુસ્તકસંગ્રહને પુસ્તકાલય જ કહી શકાય. અંગ્રેજી-ગુજરાતી અનેક સામયિકોના એ નિયમિત ગ્રાહક. આટલું બધું એ ક્યારે ને કેમ વાંચી શકતા હશે? એ પ્રશ્ન પણ કોઈને થાય. એમનું વાચન વિશાળ હતું. એ બહુશ્રુત હતા. વર્તમાનપત્રોમાં આર્થિક સમસ્યાઓ વિશે એ લખતા.

પરિચય પુસ્તિકાઓ પણ એમણે લખી છે. દુર્ભાગ્યે, અર્થશાસ્ત્રની તાત્ત્વિક ચર્ચા કરતું પુસ્તક ગુજરાને એમની કલમેથી સાંપડ્યું નથી.

રામુભાઈ જામનગર પૂરું એક વર્ષ પણ રહ્યા ન હતા. એ અર્થશાસ્ત્રના નિષ્ણાત ત્યારે હું એનો કક્કો પણ નહીં જાણનારો. અમારી વચ્ચે વયનો પણ એવો ભેદ. છતાં, અમારી વચ્ચે જે સંબંધ બંધાયો તેને હું મૈત્રી જ કહીશ. જામનગરમાં એ જે ઘરમાં રહેતા હતા તે મારા એક નિકટના સંબંધીનું ઘર હતું. કૉલેજનું મકાન બંધાયું નહીં હોઈ કૉલેજ અમારી શાળાના મકાનમાં બેસતી. અમે લગભગ દરરોજ મળતા. થોડીક કામની વાતો અને થોડુંક વાતોનું કામ કરતા.

કોઈ એક્સચેંજ પ્રોગ્રામ હેઠળ ડઝનેક અમેરિકન યુવક-યુવતિઓનું વૃંદ જામનગર આવ્યું. એના કાર્યક્રમો ગોઠવવાની મારી જવાબદારી રામુભાઈએ સાવ હળવી બનાવી દીધી. વળી, એ વૃંદમાં એક યુવાનયુવતી 'ટ્રોજન', યુસીએલએનાં હતાં. એટલે રામુભાઈને વળી ઓર ફાવી ગયું.

એ મુંબઈ ગયા પછીયે અમારો સંબંધ અતૂટ જ રહ્યો. પત્રવ્યવહાર હતો જ. કોઈ વાર મળવાનું પણ થતું. એવામાં, ફુલબ્રાઈટ ગ્રાંટ મળતાં, ટીચર એક્સચેંજ પ્રોગ્રામ હેઠળ મારે અમેરિકામાં એક વર્ષ શિક્ષણકાર્ય માટે જવાનું થયું. એ સમાચારથી રામુભાઈ ખૂબ આનંદિત થયા હતા. એમણે અને હર્ષિદાબહેને આપેલું માર્ગદર્શન અમને ખૂબ મૂલ્યવાન જણાયું હતું. એથીયે વધારે મૂલ્યવાન હતા એ બંનેએ મને અને પુષ્પાને આપેલા ગરમ ઓવરકોટ. અને જેનું મૂલ્ય જ ન આંકી શકાય તે હતી રામુભાઈએ આપેલી ટ્રાવેલિંગ ચેક્સની ભેટ. ભારત સરકારે કોઈ પોલિટિશ્યનના પાનના ખર્ચ જેટલું માતબર(?) વિદેશી ચલણ અમારે બંને માટે મંજૂર કર્યું હતું તેને રામુભાઈએ સવાયું બનાવી દીધું હતું. રામુભાઈનો એ નિર્વ્યાજ સ્નેહ કેમ ભુલાય?

અમેરિકાથી પાછાં આવ્યાં પછી મારે ફરીથી મુંબઈમાં વસવાનું બન્યું. પણ અમે હતાં દૂરસુદૂર વિક્રોળીમાં; હવે પિરોજગાને નામે ઓળખાતા, ગોદરેજ કંપનીના વિશાળ સંકુલમાં, નગર અને એ રહેતા પારસી જનરલ હૉસ્પિટલને અડીને આવેલી શેરીમાં. આમ છતાં, વરસમાં એકબે વાર અમે રૂબરૂ મળતાં જ. ફોન પર વાતો અવારનવાર થતી.

એમનો પુત્ર અસિત અમેરિકામાં જન્મેલો અને શાળેય શિક્ષણ અહીં પૂરું કરી એ ઉચ્ચ શિક્ષણ માટે અમેરિકા ગયેલો. અમારી પુત્રી વરદા પણ અમેરિકામાં જન્મી હતી. એના ઉચ્ચ શિક્ષણ માટે એ પણ અમેરિકા જાય એવું વિચારબીજ રામુભાઈએ અમારા મનમાં અને વરદાના મનમાં વાવ્યું. એ ઘડી આવી તેની પહેલાં, નિવૃત્ત થઈને હું તો પાછો જામનગર ચાલી ગયો હતો. કામપ્રસંગે મુંબઈ આવતો ત્યારે, ચર્ચગેટ સ્ટેશનની નજીક જ આવેલી એમની ઑફિસે એમને મળવા પ્રયત્ન કરતો. વરદાએ હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કરી અને એને અમેરિકા જવાનું થયું તેમાં રામુભાઈનું એને સતત પ્રોત્સાહન હતું અને, વરદા વિશે અમને નચિંત રહેવાની સલાહ હતી. ૧૯૮૬માં એ ગઈ ત્યાર પછીથી પણ એને વિશેની અમારી ચિંતાનો ભાર ઓછો કરવામાં રામુભાઈનો ફાળો નાનોસૂનો ન હતો.

સતત પ્રવૃત્તિશીલ, આહારવિહારમાં ખૂબ નિયમિત પૂરા તંદુરસ્ત રામુભાઈ સુરત યુનિવર્સિટીમાં પ્રવચન આપવા માટે ગયા ત્યારે પોતે પાછા મુંબઈ નહીં આવે તે થોડું જાણતા હશે? સૂરતનું કામ આલેખી મુંબઈ પાછા જવા એ સૂરતને સ્ટેશને આવ્યા ત્યાં જ અચાનક યમરાજે એમના હૃદય પર ક્રૂર પ્રહાર કરી એનો ધબકાર થંભાવી દીધો સદાને માટે. 'સવારે શું થવાનું છે' એ જાનકીનાથ જાણી શક્યા નહતા. જાનકીનાથના જ નામધારી રામુભાઈ એ ક્યાંથી જાણી શકે? એમના હૃદયનું ઔદાર્ય, બીજાને સહાયરૂપ થવાની એમની તત્પરતા, એમનું નિખાલસ હાસ્ય, એમનાં પ્રસન્ન નયનો, એમનું ભાવભર્યું 'હલ્લો', એમના સંપર્કમાં આવેલું કોઈ કદી ભૂલી શકશે નહીં. □

લઘુકથા

છેલ્લો પ્રયોગ

દુર્ગેશ ઓઝા

હોટલમાં ભરપેટ ભોજન કરી લીધા પછી મગને ગજવાં ફંફોસ્યાં ને પછી ડરતાડરતા સ્પષ્ટતા કરી : 'શેઠ, મારું... મારું પાકિટ... ક્યાંક પડી ગયું લાગે છે. આવું પહેલી જ વાર બન્યું. શેઠ, પણ તમારા પૈસા હું ખોટા નહિ કરું. હું અબઘડી પૈસા લઈને આવું છું. વિશ્વાસ ન બેસતો હોય તો લ્યો આ મારી સોનાની વીંટી...'

મોહનશેઠે ધારી ધારીને મગન સામે જોયું. આ પહેલા પણ આવા કિસ્સા બન્યા હતા ને ત્યારે તેમણે જરાયે પીગળ્યા વિના કડક હાથે કામ લીધું હતું. આવી ભૂલ કરનારાને ભોજન સાથે મારનો સ્વાદ પણ ચખાડ્યો હતો. પણ આજે... 'હોય... ક્યારેક આવું થઈ જાય. મારે વીંટી નથી જોઈતી. મને તમારા પર પૂરો ભરોસો છે. તમતમારે ચિંતા કર્યા વિના જાવ, હોં...'

શેઠનો આ નવતર, પહેલો પ્રયોગ હતો. પરંતુ મગનને તો આ દસમો પ્રયોગ હતો. બે રૂપિયાની નકલી વીંટી ધાબડીને પછી... દરવખત એને અપમાન કે મારની પ્રાપ્તિ થતી પણ આ વખતે પહેલીવાર અનોખો અનુભવ થયો.

મગનનો આ દસમો પ્રયોગ મગને પોતે નિષ્ફળ બનાવ્યો. આ એનો છેલ્લો પ્રયોગ હતો. □

દિલભર દિલ

મુનિકુમાર પંડ્યા

અમેરિકાથી આવેલી મોનિકાની ટપાલ દેવેન્દ્રરાય ત્રીજી વખત વાંચી રહ્યા. વાંચતા ધરાતા જ નહોતા. દીકરીને ખુદને મળવા જેટલો આનંદ એની ટપાલ વાંચતા થતો હતો. મોનિકા લખતી હતી :

'પૂજ્ય પપ્પા-મમ્મી' પણ પછી મમ્મી શબ્દ ઉપર છેકો મારી દીધો હતો. અને છતાં એ શબ્દ ઉકેલી શકાતો હતો. પત્ની સરયૂબાળાના અવસાનને બે વરસ થઈ ગયાં હતાં. પોતે તો આટલા સમયમાં સ્વસ્થ થઈ ગયા છે. પણ દીકરી હજી એની માને ભૂલી નથી શકી. ફિક્કું હસીને દેવેન્દ્રરાય આગળ વાંચવા લાગ્યા;

'પપ્પા, તમે અમારી જરા પણ ચિંતા ન કરશો. અહીં અમે સરસ રીતે સેટ થઈ ગયાં છીએ. આપણા કરતાં અહીંનો સમાજ સાવ જુદો છે. અહીંનાં લોકોની રહેણીકરણી પણ ઇન્ડિયા કરતાં એકદમ અલગ - દેશ તેવો વેશ. તેમજ નાનપણમાં અમને શીખવેલું કે ગમે તેવા સંયોગોમાં પણ માણસને એડજસ્ટ થતાં આવડવું જોઈએ. તમારું એ ભણતર આજે ઉપયોગી થઈ રહ્યું છે.'

'વાહ રે દીકરા' - પત્ર વાંચતાં દેવેન્દ્રરાય મનોમન મલકી ઊઠ્યા. મોનિકા નાની હતી ત્યારે કોઈ વાર ઘરમાં તેને ન ભાવતું દૂધીનું કે કારેલાનું શાક બનાવ્યું હોય તો તે રિસાઈને ભાણાને ઠેબું મારી ઊભી થઈ જતી. સરયૂબાળા દીકરી ઉપર ખીજાઈને વઢતી, 'તોફાન કર્યાં વિના છાનીમાની જે રાંધ્યું છે એ ખાઈ લે. નીકર મરજે ભૂખી. અહીં લાડ કરે છે તે સાસરે જઈશ ત્યારે ત્યાં તારાં લાડ નહીં હાલે.' તો પોતે મોનિકાને સમજાવતા, 'બહેન, બધુંય ખાતાં શીખવું જોઈએ.' એક વાર ચંપલની પટ્ટી તૂટી ગઈ. મોનિકાએ નવાં ચંપલ લેવાની જીદ પકડી પણ પોતે એને સમજાવી. પટ્ટી સંધાવી આપી. કરકસર કરતાં શીખવેલું.

દેવેન્દ્રરાય આગળ વાંચવા લાગ્યા :

'અને હા, પપ્પા, શિયાળામાં વહેલી સવારે ફરવા જાઓ ત્યારે હાથમાં લાકડી રાખવાનું ભૂલશો મા. ગોદાવરીમાસીને બોલાવીને મેથીનો પાક તમારા માટે કરાવજો. મમ્મી કહેતી હતી કે એક શિયાળામાં મેથીનો પાક ખાઈએ તો પછી દર શિયાળે મેથી કરવી જોઈએ. શરીરના સાંધા ઝલાઈ ન જાય.'

'અરે અરે મોનુ' - વાંચતાં વાંચતાં દેવેન્દ્રરાય શબ્દેશબ્દને પી રહ્યા. કાગળમાંથી દીકરીનો ભાવદેહ તેમની સમક્ષ રચાઈ રહ્યો.

કાગળ પૂરો વાંચી, ગડી કરીને બાજુમાં મૂકતાં દેવેન્દ્રરાય આછું બબડ્યા; 'લાવને હું જ એક વાર અમેરિકા જઈ આવું. આમેય અહીં તો હું એકલો જ થઈ ગયો છું. બેચાર મહિના દીકરી જોડે રહેવાશે. જમાઈનો સ્વભાવેય સરળ છે. મને ગમશે ને એ લોકોનેય ગમશે.' પત્નીના અવસાન પછી દેવેન્દ્રરાયનો માનસિક આધાર દીકરી મોનિકા બની ગઈ હતી.

ખુરશીમાંથી ઊભા થઈને દેવેન્દ્રરાય હીંચકે આવી બેઠા. હીંચકાને આછો ઠેલો માર્યો. 'હંહ, એમ કાંઈ અમેરિકા રેહું પડ્યું છે?'

થોડી વાર આમતેમ હાલીને હીંચકો સ્થિર થઈ ગયો.

પત્નીનો આધાર ચાલી જતાં, હૃદયની બધી લાગણીઓ વાત્સલ્યનું રૂપ ધારીને દીકરી ભણી વહી રહી હતી. આખરે એય પરણીને દૂર દેશાવર ચાલી ગઈ. માતાપિતાના મૃત્યુ વખતે નહીં રડેલા દેવેન્દ્રરાય દીકરીને વળાવતી વેળાએ રડી પડેલા. પોતે ઘણા મજબૂત મનોબળવાળો છું એવી તેમની માન્યતા દીકરી માટેની લાગણીએ ખોટી પાડેલી.

આછો ખખડાટ થતાં, ખોવાઈ ગયેલા દેવેન્દ્રરાય ઝબકીને પાછા આવી ગયા, પોતાને કોઈ જોઈ રહ્યું છે? અહીં મોનિકા કેવી ને વાત કેવી! ઓસરીના જાળિયામાંથી તેમની નજર સીધી મેડી પરની બારીએ ગઈ. મીનાક્ષી ત્યાં ઊભી ઊભી માથું ઓળી રહી હતી. એની નજર આ બાજુ મંડાયેલી હતી. દેવેન્દ્રરાય મનોમન અકળાઈ રહ્યા. તાકી રહેલી મીનાક્ષીની નજરને તે સહન કરી શક્યા નહીં. હીંચકાના બીજા છેડે ખસી ગયા.

આ છોકરી એના મનમાં શુંય ધારીને બેઠી છે? એ તો મારી દીકરી જેવડી છે. એને જોઈને મને મારી દીકરી યાદ આવે છે. પગથી સહેજ ઠેલો મારીને દેવેન્દ્રરાયે હીંચકો હલાવ્યો. છેડે બેઠેલા હોવાથી હીંચકો ત્રાંસો હાલવા લાગ્યો.

નાદાન છે નાદાન. એ અને અરુણભાઈ મકાન ભાડે રાખવા આવ્યાં ત્યારે એને જોતાં જ મોનિકા દીકરી યાદ આવી ગઈ. એમને ભાડું વધારે લાગ્યું તો થોડું ઓછું પણ કરી દીધું. એ ઘરમાં રહે તો જાણે દીકરી નજર સામે લાગે. દૂર પરદેશ વસતી દીકરીની ખોટ સાલે નહીં. દીકરી મોનિકા... દીકરી મોનિકા...

દેવેન્દ્રરાયે આંખેથી ચશ્માં ઉતારીને ખમીસની ચાળ વતી લૂછ્યાં.

બે અગરબત્તીની ધૂમ્રસેરો ઊંચે ઊંચે ચડીને એકમેકમાં ભળી રહી હતી. એકરૂપ બનીને આકાશમાં વીખરાઈ જતી હતી.

થોડા સમયથી ઉપરનો મેડીનો ભાગ અરુણભાઈ-મીનાક્ષીને ભાડે આપ્યો છે. એમને કાંઈ સંતાન નહોતું. બંને છડાં હતાં. સરયૂબાળાના ગયાં પછી ઘરમાં એકલવાયું ન લાગે અને વસ્તી રહે એ માટે મેડી ભાડે આપવી એવો દીકરીનો પણ આગ્રહ હતો.

'પટ પટ પટ' - મીનાક્ષીનાં ચંપલનો અવાજ દાદર પરથી નીચે ઊતરતો આંગણામાં આવ્યો. જાળી ખખડી. ઓસરીમાં

પગલાં સંભળાયાં. આવતા પવનની લેરખીમાં પરફ્યૂમની સુગંધ ભળી. મીનાક્ષી ઓરડામાં આવી. ઓરડો મહેંકી રહ્યો. ગુલાબી સાળુમાં સજ્જ મીનાક્ષી છેક હીંચકા પાસે આવીને ઊભી રહી.

'જુઓ પપ્પાજી, ગઈ લગ્નતિથિએ આ સાળુ અરુણે અપાવ્યો'તો.' ખભા પરથી સરી જતો સાળુ સરખો કરતાં મીનાક્ષી બોલી, 'તો મેં તેને કાંડાઘડિયાળની ભેટ આપી. હિસાબ બરોબરને, પપ્પાજી! હેં! હં... તમેય પપ્પાજી નવું ઘડિયાળ લ્યોને. આ જૂનું મોડલ કેવું ભૂંડું લાગે છે? તમારા કાંડે આવું ઘડિયાળ કાંઈ શોભે?' નીચા વળીને મીનાક્ષીએ દેવેન્દ્રરાયનો હાથ ઊંચો કરી કાંડા ઘડિયાળમાં જોયું. દેવેન્દ્રરાયનું નાક વેણી સાથે ઘસાયું.

અસ્વસ્થ બનેલા દેવેન્દ્રરાય આંખો મીંચી ગયા.

પણ ત્યાં તો મીનાક્ષી પાછી હઠી, 'અરે, અહીં હું ક્યાં તમારી જોડે વાતોએ વળગી! મોડું થશે પાછું.' કહેતી તે પાછી ફરી. જેવી રીતે તે આવી હતી એ રીતે જવા લાગી. ઓસરી વટાવીને કોમ્પાઉન્ડમાં પહોંચી. એટલામાં અરુણ પણ નીચે ઊતરી આવ્યો. દરવાજો ખોલીને બંને બહાર નીકળ્યાં. નીકળતાં નીકળતાં મીનાક્ષીએ પાછળ ડોક ફેરવીને દેવેન્દ્રરાય ભણી જોયું. 'અરુણથી ચોરીછૂપીથી મારી સામે જોયું!' દેવેન્દ્રરાયને મનમાં થયું.

'હું તો એના બાપ જેવડો છું. એ મારી પાસે આવે એ મને ગમેય છે, પણ મારી સાથે દિવસે દિવસે એ વધારે છૂટ લેતી જાય છે. એની મારી તરફની નજરમાં મને કશુંક જુદું કેમ લાગે છે??? એને એના પતિથી શું અસંતોષ હશે? આ તો ઠીક છે કે હું છું. પણ મારી જગ્યાએ બીજો કોઈ એકલવાયો વિધૂર હોત તો! આનો કાંઈ ઉપાય?'

'પણ નહીં; મકાન જ ખાલી કરાવું. કાંઈ મોટી ઉંમરવાળાને ભાડે આપીશ, હં. એ જ બરાબર છે. એ જ ઉપાય છે. આ જ રાતે જ એમને કહી દઉં.'

હીંચકો ધીરે ધીરે હાલતો હતો.

આજ મોનિકા ખૂબ યાદ આવે છે. આઠેક મહિના પહેલાં એ અમેરિકાથી આવી ત્યારે મને જોતાં જ ભેટીને રડી પડેલી. પપ્પા સિવાય બીજો શબ્દ એના મોંમાંથી નીકળી શક્યો નહીં. ઘણી વારે માંડમાંડ બોલી, 'બહુ દૂબળા પડી ગયા છો!' ને ફરી એની આંખમાં આંસુ ધસી આવ્યાં. ક્યાંય સુધી મારાથી આઘી ન ગઈ. પાસે ને પાસેજ ફરતી રહી. ...દેવેન્દ્રરાય વિચારતા હતા. એમને આ સાથે જ હમણાંની એક ઘટના યાદ આવી ગઈ.

દીવાળીની રજાઓમાં મીનાક્ષી અને અરુણભાઈ આબુ ગયેલાં. પ્રવાસેથી પાછાં આવ્યાં ત્યારે પોતે બારણામાં જ ઊભેલા. બંનેને જોઈને રાજી થયા. ચાલો, સારું થયું. આવી ગયાં તે. મને એકલું લાગતું'તું. 'કેમ છો, પપ્પાજી? નવા વર્ષના પ્રણામ.' કહેતાં બંનેએ નીચા વળીને પ્રણામ કર્યા. પોતાને ઘણું થયું - 'મીનાક્ષી દીકરીનું માથું સૂંઘીને પૂછવુ - બેટા આવી ગઈ તું!' પણ એમ તે કરી શક્યા નહીં. ના, જાત ઉપર તો ભરોસો છે, પણ અણસમજુ મીનાક્ષી...

રાતે મોડાં મોડાં મીનાક્ષી-અરુણ આવ્યાં. દાદર ચડતાં ચડતાંય મીનાક્ષીએ આણીપા નજર નાખી એ દેવેન્દ્રરાયથી છાનું ન રહ્યું.' હમણાં એ લોકો સ્વસ્થ થાય પછી ઉપર જઈને મકાન ખાલી કરાવવાની વાત કરું.' તેમણે વિચાર્યું.

દસેક મિનિટ પસાર થઈ. દેવેન્દ્રરાય ઊભા થયા. બારણું ખોલીને બહાર આવ્યા. કૉમ્પાઉન્ડમાં સુદ અગિયારસની ચાંદની વરસી રહી હતી. દાદર પર પગ મૂકતાં જ પતિપત્નીની વાતચીત સંભળાણી :

'મીના' અરુણ કહેતો હતો. 'હું ઑફિસે જાઉં પછી ઘરમાં તને એકલું તો લાગતું હશે, નહિ?'

'ખાસ એવું નથી. નીચે પપ્પાજી છે ને! બિચારા બહુ લાગણીવાળા છે. મારા પપ્પા જેવો જ એમનો શાંત સ્વભાવ છે. મને એમની ઉપર સાચું કહું? તમારા સમ! મારા પપ્પા જેટલી જ લાગણી થાય છે. એમને જોઉં છું ને મારા પપ્પાને મળતી હોઉં એવો ઉમળકો મનમાં જાગે છે.'

દાદરના પગથિયેથી જ દેવેન્દ્રરાય પાછા વળી ગયા. હવે જ ચાંદની ભણી એમનું ધ્યાન ગયું. કૉમ્પાઉન્ડમાં ક્યાંય સુધી ઊભા રહીને ચાંદનીમાં ન્હાતા રહ્યા.

અચાનક તેમને થયું - 'લાવ, અમેરિકા ફોન કરીને મોનિકાના ખબરઅંતર પૂછું.' □

સંગીતશાસ્ત્ર - ૩૩

ડૉ. હસુ યાજ્ઞિક

પદગાન અને જાતિગાન

સંગીતની રચનાને કૃતિ તરીકે સંસિદ્ધ એવું સ્વરૂપ તો વેદોના સંપાદન પહેલાંનું છે. સામવેદમાં કોઈ એક સૂક્તને એક ઢાળમાં અને પદરૂપ બનતાં સૂક્તોને તેના નિજી ઢાળો સાથે રજૂ કરવાના નિર્દેશ મળે છે અને વિવિધ વૈદિક છંદો તથા અનુગામી છંદો વિશિષ્ટ એવા ગેય ઢાળમાં રજૂ થાય છે. આ વિકાસની સાથે જ સાંગીતિક કૃતિઓના વિવિધ અંગો ઘડાયાં છે અને તેનો સ્પષ્ટ નિર્દેશ સંગીતશાસ્ત્રો આપે છે.

કોઈ એક ગેય ઢાળથી બીજો ગેય ઢાળ જુદો પડે છે તેનાં કારણની શોધમાંથી જ સ્પષ્ટ થયું હશે કે દરેક ઢાળ સપ્તકના અમુક સ્વરો લે છે, અમુક સ્વરો બાદ કરે છે. આથી કયા ઢાળમાં કયા સ્વરો લેવાયા છે તેની કુલ સંખ્યાને દૃષ્ટિમાં રાખીને જાતિગાનની વિભાવના સ્પષ્ટ બની અને વૃત્ત સાથે એનો સંબંધ પ્રકટ થયો. ભરતનાટ્યશાસ્ત્ર અધ્યાય ૩૨માં 'જાતયો વૃત્તસંભવાઃ' કહ્યું છે તેમાંથી ફલિત થાય છે કે વૃત્તમાંથી જાતિ ઉત્પન્ન થઈ. ત્રિષ્ટુભ રીતે ગવાતો હોય એ કરતાં અનુષ્ટુપ જુદી રીતે ગવાતો હોય કેમ કે એમાં સ્વરો જુદા હોય. આથી કયા વૃત્તમાંથી કયા, કેટલા સ્વરો બાદ થયા તે ધ્યાનમાં લઇને જાતિ દૃશ્યમાન બની. આથી જાતિ વૃત્તમાંથી જન્મે છે, એમ કહેવાનું તાત્પર્ય સંભવે છે. આની વિશેષ સ્પષ્ટતા કરતાં-

> सर्वासंभवे जातिनां त्रिविधं वृत्तमिष्यते
> गुरुप्रायं लघुप्रायं गुरुलघ्वक्षरं तथा ।

એમ કહ્યું અને જાતિના પણ ત્રણ પ્રકાર પાડ્યા ને તેમાં ગુરુપ્રાય, લઘુપ્રાય અને ગુરુલઘુપ્રાય એમ દર્શાવ્યું. વૃત્તને ગેયને બદલે કેવળ પાઠ્યરૂપમાં પણ વિશિષ્ટ લય છે. આ લય બાંધનારું તત્ત્વ સમય છે. એનો સંભવ કોઈ વર્ણના ઉચ્ચારમાં જે લંબાણ, ટૂંકાણ અને મધ્યમ સમયમાપ છે, તેમાંથી થાય છે. આવા લઘુગુરુના સમન્વયે ગણ આવ્યા. અને અક્ષરમેળ છંદની માત્રાઓ આવી. સંગીતનો તાલબદ્ધ લય તો સુનિશ્ચિત રીતે ઘડિયાળની યાંત્રિકતાએ માપેલો છે, પરંતુ શબ્દોચ્ચાર કે પઠનમાં એવું બાંધેલું માપ નથી છતાં લય તો છે જ અને તે સમયના સૂક્ષ્મતમ અંશનો આધાર લે છે. એક જ સ્વર ખોડો અને પૂરો ઉચ્ચારાય, તેથી અર્થના પણ ભેદ થાય તે કાકુમાં જોઈ શકાય છે. માત્ર વજન ફરે કે અર્થ ફરે. 'આ મેં કર્યું' - માં શબ્દ પરના વજન બદલતાં તાત્પર્ય, અર્થ બદલાશે. જામનગર ને 'જામન ગર' બોલતાં 'ઇશ્કે ચબૂક' જેવું થશે! અને જે શબ્દોચ્ચારમાં છે, તેના અક્ષરના સ્વરવ્યંજનમાં છે, તે સંગીતના તાલમાં જ નથી, સ્વરમાં છે. જો કોઈ સ્વરમાં નિશ્ચિત, નિયંત્રિત સમય ઉમેરાય ત્યારે જ તે સ્વર બને છે. એમ પ્રત્યેક ગણ ઉચ્ચારનો નિશ્ચિત સમય છે. આમ, સમયનું તત્ત્વ જ શબ્દ અને સંગીતનો પ્રાણ છે. એને આધારે જ માત્રા આવી, ગણ આવ્યા અને છંદોનું ગેયત્વ સિદ્ધ થયું.

આમાંથી જાતિઓ આવી અને જાતિગાન આવ્યાં. નાટ્યગીતો, ભરતકાળ રાગસંગીતનો નહીં, જાતિગાનનો છે. એમાં ધ્રુવા, ધત્તા આવ્યા. ત્રણ આવર્તન કે તિહાઈ આવી અને તે ભારતીય સંગીત તથા પાશ્ચાત્ય બેલેમાં પણ જોવા મળે છે અને ભવાઈમાં પણ જોવા મળે છે. આ જાતિગાનની અસર સામગાનમાં સંભવે છે. ભરતનાટ્યશાસ્ત્ર પદ અને પદગાનનો પણ નિર્દેશ 'પદમ્ તસ્ય ભવેદ્ વસ્તુ સ્વરતાલાનુભાવકમ્'માં મળે છે. અને તાલનિબદ્ધ તથા તાલમુક્ત એવાં ગાનનો પણ નિર્દેશ મળે છે. જે રચનાઓ કોઈ નિશ્ચિત માત્રાના તાલમાં બાંધીને ગવાતી હતી તે નિબદ્ધ ગાન તરીકે ઓળખાવી છે. અને તેમાં પ્રબંધ, વસ્તુ અને રૂપક એમ ત્રણ પ્રકારો પાડ્યા છે. આ પ્રકારની રચનાને, કૃતિના સમગ્રરૂપને ૧.ઉદ્ગ્રાહ, ૨. ધ્રુવ, ૩. મેળાપક, ૪. અંતરા અને ૫. આભોગ એવા પાંચ વિભાગમાં નિર્વહણ પામતું દર્શાવ્યું છે. અનિબદ્ધ ગાન સ્વરમાં હોય છે, ગેય હોય છે પરંતુ એમાં રચનાને, કૃતિને કોઈ તાલમાં બાંધેલી હોતી નથી. છતાં આવાં ગાનને પણ શરીર છે, માળખું છે જેમાં રાગાલાપ, રૂપકાલાપ, આલપ્તિગાન એવા તબક્કા છે, પ્રકાર છે. કૃતિમાં ગીત તથા આલાપના નાના એકમને વિકારી કહેવામાં આવ્યા છે.

સાંગીતિક કૃતિનું શરીર અને એમા જે અવયવો કે ક્રમિક વિકાસના તબક્કા છે, વિભાગ છે તેને ધાતુ કહેવામાં આવે છે. સ્વર, બિરુદ, પદો, તેનક, પટ અને તાલ પ્રબંધગીતનાં અવયવો છે.

પ્રાચીનકાળના જે સંગીતશાસ્ત્રો છે અને તેમાં જે વીગતો છે અને તે પછી મધ્યકાલમાં રચાયેલાં શાસ્ત્રોમાં વિકાસ જણાય છે, તેને આધારે નિબદ્ધ અને અનિબદ્ધ ગાન તરીકે કૃતિનું માળખું રચાઈ ચૂક્યું હતું. અને પદગાન, જાતિગાન વેદકાળે જ કૃતિરૂપે સંસિદ્ધ થઈ ચૂક્યાં હતાં એવું તારણ નીકળી શકે. સામગાનમાં ધાતુનાં છ અંગો બીજરૂપે છે જ. સામગાનમાં કૃતિનાં પાંચ અંગો છે : પ્રસ્તાવ, ઉદ્ગીથ, પ્રતિહાર, ઉપદ્રવ અને નિધન.

આ વિભાગોનો જ નિર્દેશ નામ, પર્યાય કે સંજ્ઞાફેરે અનુગામી સંગીતશાસ્ત્રોમાં મળે છે. 'સંગીતરત્નાકર' પ્રબંધના વિભાગોનાં ઉદ્ગ્રાહ, મેલાપક, ધ્રુવક, અંતરા અને આભોગ એવાં નામ આપે છે. એ પછીના કાળે અઢારમી સદીમાં સ્થાયી, અંતરા,

સંચારી અને આભોગ એવા ચાર ભાગમાં દર્શાવ્યા છે. ખયાલ અને ગીતના મોટા ભાગના પ્રકારોમાં સ્થાયી અને અંતરા એવા બે ભાગો હોય છે. અઢારમી સદીના પં.અહોબલ 'સંગીત પારિજાત'માં નિબદ્ધ ગીતના ઉદ્‌ગ્રાહ, મેલાપક, ધ્રુવ, અંતરા અને આભોગ એમ પાંચ ભાગ આવે છે. 'સંગીતરત્નાકર' 'પ્રબંધાયવોઃ ધાતુ સઃ ચતુર્ધા નિરુપિતઃ' કહે છે તે પ્રમાણે પ્રબંધના અવયવરૂપ ધાતુ ચાર વિભાગમાં વહેંચાય છે. પ્રાચીનકાળે ધ્રુવથી અંતરાને એકરૂપ પણ માન્યા છે. અને ધ્રુવ જ અંતરા તરીકે કાર્ય બજાવે છે તેમ દર્શાવ્યું છે. ક્યાંક ધ્રુવથી અંતરાને જુદો પાડી દર્શાવ્યો છે. ઓગણીસમી સદીમાં ધ્રુપદને દૃષ્ટિમાં રાખીને પ્રબંધગાનના સ્થાયી, અંતરા, સંચારી અને આભોગ એવા ચાર ભાગ કૃતિના, પ્રબંધગાનના અવયવ તરીકે દર્શાવ્યા છે. કર્ણાટકી સંગીતશાસ્ત્રમાં પર્યાય જુદા છે પરંતુ પલ્લવી અર્થાત્ સ્થાયી અને અનુપલ્લવી અર્થાત્ અંતરા એમાં દર્શાવેલા છે અને ગીતનું બીજ પલ્લવીમાં હોય છે.

આમ, વૈદિકકાળ પહેલાં જ સાંગીતિક કૃતિનું માળખું ઘડાયેલું હશે અને પદગાન જાતિગાનમાં જ એના ધાતુનો વિકાસ થઈ મૂક્યો હશે, એમ જણાય છે. સ્થાયી, અંતરા, સંચારી અને આભોગ એના મુખ્ય નિર્વહણ તબક્કાઓ છે.

સ્થાયી એ કૃતિનો આરંભનો ભાગ છે. અહીં કૃતિના મંડાણ થાય છે. બીજનિક્ષેપ અને આરંભ થાય છે. ભાવને એક મધ્ય સ્થિતિએ સ્થાપવામાં આવે છે. અને તેમાં સામાન્ય રીતે પૂર્વાર્ધના સ્વરો સુધી જ, અર્થાત્ મધ્યમ કે પંચમ સુધી જ, સ્વરનું ચલન રહે છે.

'અંતરા' બીજો વિભાગ છે, ઉત્તરાર્ધ છે. એમાં સ્વરને તારસપ્તક સુધી લઈ જવામાં આવે છે. આ ભાગમાં જ મધ્યસપ્તક પૂર્ણ થાય છે અને સ્વરરચના તારસપ્તકના ષડજમાં મળે છે. આ વિભાગની રચનાઓમાં હવે મંદ્રસપ્તકના સ્વરોનો ઉપયોગ કરવાને બદલે મધ્યસપ્તકના ગાંધાર, મધ્યમ કે પંચમથી આરંભ કરીને તારના ષડજ સુધીના સ્વરોનો પ્રયોગ થાય છે.

આરંભમાં અનિબદ્ધ સ્વરૂપે આલાપ કરીને રાગના સ્વરૂપને પ્રકટ કરવામાં આવે છે અને પછી ચીજ કે ગીતનો આરંભ થાય છે અને સ્થાયીમાં આરંભથી સમ સુધીનો મુખડો ગાઈવગાડી તાલબદ્ધ રીતે સમથી આલાપ લેવાય છે. એ રીતે સ્થાયીને બહેલાવી, અંતના આલાપમાં ગંભીરતાને બદલે થોડી ચંચળતા લાવી અંતરાનો આરંભ થાય છે. અહીં પણ તાલબદ્ધ રીતે આલાપ ભરી, ચીજ કે ગતને બહેલાવી, એના ભાવનો ઉત્કર્ષ કરી ચંચળતા પ્રવેશે છે અને ફરી સ્થાયી પર આવી તાનક્રિયા થાય છે. આ સમયે લય વધારીને તાન લેવાય છે. અને ભાવને પરાકાષ્ટાએ પહોંચાડીને અંતે તિહાઈ લઈને કે તે ન લેતાં સાદી રીતે સમાપન કરવામાં આવે છે.

કૃતિના સર્વસામાન્ય આ માળખામાં જે જુદા જુદા ગાનશૈલીના પ્રકારો છે, સ્વરૂપો છે જેમાં પ્રાચીન ધ્રુપદ-ધમાર વગેરે છે. ધ્રુપદ એટલે ધ્રુવપદ. એક ને એક પંક્તિનું સમયાંતરે આવર્તન તે ધ્રુવપદ. સાહિત્યકૃતિ કે પરંપરાગત લોકગીતમાં આરંભની પંક્તિ ગીતના દરેક અંતરમાં અંતે સંકળાતી, ગવાતી હોય છે. આ ધ્રુવપંક્તિ કે ધ્રુવપદને આધારે ગાનપ્રકાર અને શૈલી ધ્રુપદ તરીકે ઓળખાય છે.

જાતિગાન પછી ભારતીય શાસ્ત્રીય રાગસંગીતમાં અનેક પ્રકારો, સ્વરૂપો વિકસ્યાં હશે અને નિબદ્ધગાનનાં વિવિધ સ્વરૂપો અસ્તિત્વમાં હશે, પરન્તુ એની વિશેષ વીગત મળતી નથી. તેરમી અને ચૌદમી સદીમાં ધ્રુપદનો પૂર્ણ વિકાસ થઈ ચૂક્યો હતો, એ નિઃશંક છે. એ પછી ખયાલ ગાયકીનો પ્રવેશ અને વિકાસ થયો. ઈ.૧૩૧૦ના અરસામાં જીવિત અને અલ્લાઉદ્દીન ખીલજીના સમકાલીન એવા કર્ણાટકી સંગીતના પં.ગોપાલનાયક ધ્રુપદના ખ્યાતનામ ગાયક હતા. 'સંગીત-રત્નાકર' પર ઈ. ૧૪૩૦માં પં.કલ્લિનાથે ટીકા લખી છે તેમાં જણાવ્યું છે કે પં. ગોપાલનાયક કદંબ તરીકે ઓળખાતા પ્રબંધના પ્રકારના પ્રવીણ યશસ્વી ગાયક હતા અને તે પ્રકાર કુડ્ડુક તાલમાં ગાતા હતા. પ્રબંધગાન તો એક પ્રકાર છે, સ્વરૂપની દૃષ્ટિએ એમાં કાળક્રમે અનેક પ્રકારો ઉદ્‌ભવ્યા અને વિકસ્યા હશે, પરંતુ તે વિશે ખાસ અભ્યાસ થયો નથી, સંદર્ભ મળતા નથી. આ કદંબ અને ધ્રુપદ વચ્ચે ક્યાં કેટલો સંબંધ, એનું સ્વરૂપ શું તે જાણમાં નથી. સુરેન્દ્રમોહન ટાગોરે 'યુનિવર્સલ હિસ્ટરી ઑવ્ મ્યૂઝિક'માં અમીર ખુશરો સાથેની સ્પર્ધામાં ગોપાલનાયકના પરાજયની વીગત આપી છે. આવું ઘણુંબધું માત્ર કહેવાતું આવતું હોય છે. અમીર ખુશરોથી જ ખયાલ વિશેષ પ્રચલિત અને લોકપ્રિય બન્યા હોય અને એમાં કાળક્રમે ધ્રુપદ ગૌણ બન્યા હશે, પરંતુ અકબરના દરબારના તાનસેન પોતે ઉત્તમ ધ્રુપદ ગાયક હતા, એ જોતાં આ પરંપરા લુપ્ત તો નહોતી જ. કદાચ લાંબા ગાળા સુધી એ પ્રશિષ્ટ મનાઈ હશે. તાનસેને અનેક વાગ્ગેયકારી રચનાઓ આપી છે, ધ્રુપદ રચ્યાં અને ગાયાં છે, જેના પર બહુ ઓછું સંશોધન થયું છે. ફ્રેન્ચ વિદુષી નલિની દેલ્વોએ તાનસેનની ધ્રુપદ રચનાઓ પર, વારાણસીમાં રહીને અભ્યાસ સંશોધન કર્યાં છે. તાનસેનના ગુરુ મનાયેલા સ્વામી હરિદાસ પણ ઉત્તમ ધ્રુપદ ગાયક હતા. કિંવદન્તી પ્રમાણે બૈજુ બાવરા સ્વામી હરિદાસનો શિષ્ય હતો અને તે પણ ધ્રુપદ ગાયક જ હોવાનો સંભવ છે. ઐતિહાસિક વીગતો સાથે તો ધ્રુપદની ગાયકીનો પ્રચાર પંદરમી સદીમાં ગ્વાલિયરના રાજા માનસિંહથી થયેલો મનાય છે. પરંતુ આ ઉત્તર ભારતીય કે હિંદુસ્તાની સંગીતની દૃષ્ટિએ. ધ્રુપદ વિશેષ તો પખવાજ સાથેનો ગાનપ્રકાર છે. અને તેની આલાપચારીમાં જે નોમ્-તોમ્ છે તેનો ગમકયુક્ત લગાવ વગેરે જોતાં કર્ણાટકી સંગીતનું જ બાર-તેર સદી પહેલાંનું ખાસ અંગ હોવું સંભવે

(અનુસંધાન પૃ.૧૪)

એકવીસમી સદી ક્યારથી?

પ્રહ્લાદ છ. પટેલ

વીસમી સદીનું અંતિમ સૂર્યકિરણ ૩૧ ડિસેમ્બર, ૧૯૯૯-ના રોજ કચ્છના આગોશમાં સમાઈ ગયું અને એકવીસમી સદીનું પ્રથમ કિરણ ૧ જાન્યુઆરી, ૨૦૦૦ના રોજ મોઢેરાના જગપ્રસિદ્ધ સૂર્યમંદિરમાં ઝિલાયું. વીસમી સદીના અંતિમ કિરણની વિદાય અને એકવીસમી સદીના પ્રથમ કિરણને સત્કારવા માટે સરકારે તડામાર તૈયારીઓ કરી. સરકારની આમાં કોઈ ગેરસમજ તો નથી ને? એ પણ ખરું કે સમજ હોય ત્યારે જ ગેરસમજનો ખયાલ આવે.

દેશ અને દુનિયા પણ આ ક્ષણો માટે આતુર અને અધીરા બની રહ્યાં. વિદાય અને સત્કાર માટે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું. લોકો અને સમાચાર માધ્યમો આ બધામાં લોલમાં લોલ કરી રહ્યાં.

વીસમી સદીના છેલ્લા દિવસ અને એકવીસમી સદીના પ્રથમ દિવસ માટે વિગતવાર અને શાસ્ત્રીય અભ્યાસનો અભાવ પ્રવર્તતો લાગે છે. પ્રચારવાદીઓ સામે અભ્યાસીઓની તતૂડી સંભળાતી નથી. હમણાં હમણાં 'હિસ્સો હિસ્સો'ના વાતાવરણમાં નવ્ય સહસ્રાબ્દીની ઉજવણીના અનેકવિધ કાર્યક્રમો યોજાયા ને યોજાય છે! રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે વેપારીઓ અને ઉદ્યોગપતિઓ માલના વેચાણ માટે નવી નવી નુસખાભરી યોજનાઓ ઘોષિત કરી રહ્યા છે!

બ્રિટનના ગ્રીનિચમાંથી પસાર થતા રેખાંશને શૂન્ય રેખાંશ ગણવામાં આવ્યો છે. વિશ્વની ઘટનાઓના સમયની નોંધણી ખગોળવિદો રાખે છે. આથી નવી સહસ્રાબ્દી માટે તેમનો મત ઘણો મહત્ત્વનો ગણાય. આ રીતે ગ્રીનિચની વેધશાળાએ અધિકૃત રીતે જાહેર કર્યું છે કે એકવીસમી સદીનો વિધિસર આરંભ ૧ જાન્યુઆરી ૨૦૦૧થી થશે. યુ.એસ. નેવલ વેધશાળાએ પણ આ જ જાહેરાત કરી છે.

દશાબ્દી, શતાબ્દી અને સહસ્રાબ્દીનો અંત અનુક્રમે ૧૦મા, ૧૦૦મા અને ૧૦૦૦મા વર્ષના અંતે આવે છે. તે રીતે ૨૦૦૦મા વર્ષના અંતે બીજી સહસ્રાબ્દીનો અંત અને ૨૦૦૧ના પ્રથમ દિવસથી ત્રીજી સહસ્રાબ્દીનો આરંભ થશે.

'ન્યૂ યૉર્ક ટાઈમ્સે' વીસમી સદીનો આરંભ ૧ જાન્યુઆરી ૧૯૦૧થી જાહેર કરેલો. તે પ્રમાણે એકવીસમી સદીનો આરંભ ૧ જાન્યુઆરી ૨૦૦૧થી થાય એ દેખીતું છે.

૩૧ ડિસેમ્બર ૧૮૯૯ અને ૩૧ ડિસેમ્બર ૧૯૯૯ અનુક્રમે ઓગણીસમી અને વીસમી સદીના અંતિમ દિવસો અને ૧ જાન્યુઆરી ૧૯૦૦ અને ૧ જાન્યુઆરી ૨૦૦૦ એ અનુક્રમે વીસમી અને એકવીસમી સદીના આરંભના દિવસો એ માત્ર લોકલાગણી આધારિત છે. વિજ્ઞાન-લેખક સ્ટીફન જે. ગોલ્ડના મત મુજબ છેલ્લે બે શૂન્ય ધરાવતું વર્ષ (દા.ત. ૧૮૦૦, ૧૯૦૦, ૨૦૦૦) પૂરું થાય પછી જ નવી સદીનો આરંભ થાય છે. 'સદીના અંત' માટે સ્ટીફનની વાત સ્વયંસ્પષ્ટ છે.

૧ જાન્યુઆરી ૨૦૦૦ના રોજ જન્મનાર 'ન્યૂ મિલેનિયમ ચાઈલ્ડ' માટે વિશ્વભરમાં ભાતભાતની જાહેરાતો થઈ અને તેવું 'શિશુ' મેળવવા ચિત્રવિચિત્ર નુસખા અજમાવવામાં આવ્યા. મિલેનિયમના આરંભ અને અંતની અધકચરી સમજ ધરાવનારા જ હૈસોહૈસો કૂટ્યે રાખે છે.

ઐતિહાસિક કાળગણનામાં દશકની ગણના ૧થી ૧૦; શતાબ્દીની ૧થી ૧૦૦ અને સહસ્રાબ્દીની ૧થી ૧૦૦૦ના ક્રમમાં થાય છે. વીસમી સદીના દશક દર્શાવતું નીચેનું ઉદાહરણ વધુ સ્પષ્ટતા કરે છે :

પ્રથમ દશક - ૧૯૦૧થી ૧૯૧૦ (તા.૧-૧-૧૯૦૧થી ૩૧-૧૨-૧૯૧૦)
બીજો દશક - ૧૯૧૧થી ૧૯૨૦ (તા.૧-૧-૧૯૧૧થી ૩૧-૧૨-૧૯૨૦)
નવમો દશક - ૧૯૮૧થી ૧૯૯૦ (તા.૧-૧-૧૯૮૧થી ૩૧-૧૨-૧૯૯૦)
દશમો દશક - ૧૯૯૧થી ૨૦૦૦ (તા.૧-૧-૧૯૯૧થી ૩૧-૧૨-૨૦૦૦)

હવે શતાબ્દી જોઈએ :

અઢારમી સદી - ૧ જાન્યુ. ૧૭૦૧થી ૩૧ ડિસે. ૧૮૦૦ સુધી
ઓગણીસમી સદી - ૧ જાન્યુ. ૧૮૦૧થી ૩૧ ડિસે. ૧૯૦૦ સુધી
વીસમી સદી - ૧ જાન્યુ. ૧૯૦૧થી ૩૧ ડિસે. ૨૦૦૦ સુધી
એકવીસમી સદી - ૧ જાન્યુ. ૨૦૦૧થી ૩૧ ડિસે. ૨૧૦૦ સુધી

તે જ રીતે સહસ્રાબ્દી માટે જોઈએ :

પ્રથમ સહસ્રાબ્દી - ૧ જાન્યુ. ૦૦૦૧થી ૩૧ ડિસે. ૧૦૦૦ સુધી
બીજી સહસ્રાબ્દી - ૧ જાન્યુ. ૧૦૦૧થી ૩૧ ડિસે. ૨૦૦૦ સુધી
ત્રીજી સહસ્રાબ્દી - ૧ જાન્યુ. ૨૦૦૧થી ૩૧ ડિસે. ૩૦૦૦ સુધી

આપણા દેશમાં જનગણના (વસ્તીગણતરી) દશકના પ્રથમ વર્ષમાં થાય છે. તે મુજબ ૧૯૧૧, ૧૯૨૧...૧૯૯૧માં જનગણના કરવામાં આવી હતી અને હવે પછી ૨૦૦૧માં થશે. શતાબ્દી સો વર્ષની હોય છે. તેની ગણતરી ૧થી ૧૦૦, ૧૦૧થી ૨૦૦...પ્રમાણે થાય છે એટલે કે વીસમી સદીનું અંતિમ વર્ષ ૧૯૯૯ નહિ પણ ૨૦૦૦ ગણાય. આથી ૧ જાન્યુ. ૨૦૦૦થી વીસમી સદીના અંતિમ વર્ષનો આરંભ થશે અને ૩૧ ડિસેમ્બર ૨૦૦૦ના રોજ તેનો અંત આવશે.

તે રીતે બીજી સહસ્રાબ્દીનું સમાપન ૩૧ ડિસે. ૨૦૦૦ના રોજ અને ત્રીજી સહસ્રાબ્દીનો આરંભ ૧ જાન્યુ. ૨૦૦૧થી થશે. ખ્યાતિપ્રાપ્ત ખગોળવિદ્ ડૉ. જે.વી. નારલીકર પણ આ મત ધરાવે છે.

સંવાલ એ થાય છે કે આવો ગોટાળો થયો કેવી રીતે. આ ગોટાળાનું મૂળ કમ્પ્યૂટર ગણાય છે. કમ્પ્યૂટરનો ઉદ્ભવ વીસમી સદીમાં થયો. કમ્પ્યૂટરની સંચયવ્યવસ્થામાં જગાની કરકસર માટે કોઈ પણ સાલને માટે ચાર અંકોને બદલે છેલ્લા બે અંકોનો ઉપયોગ કરવાનો શિરસ્તો અખત્યાર કરવામાં આવ્યો. જેમ કે ૪ જુલાઈ ૧૯૭૬ને ૦૪-૦૭-૭૬ વડે દર્શાવવામાં આવે છે. ૭ જૂન ૧૯૯૯ને ૦૭-૦૬-૯૯ વડે દર્શાવવામાં આવે છે. ૧૯૭૬માં માત્ર ૭૬ અને ૧૯૯૯માં માત્ર ૯૯ની સંખ્યા દર્શાવી, ૧૯ને અધ્યાહાર

ત્રાનકથા

દોધારી તલવાર

બહાદુરભાઈ જ. વાંક

દિનાનાથ નામના એક સદ્ગૃહસ્થને કોઈક અવાવરું જગ્યાએથી એક વિચિત્ર પ્રકારનો સિક્કો મળ્યો. આ સિક્કો એક બાજુ સોનાનો હતો, ને બીજી બાજુ લોખંડનો! આથી તેને જેટલો આનંદ થયો, એટલું જ દુઃખ પણ થયું. દુઃખ એટલા માટે થયું કે બજારમાં સિક્કો વેચવા જતાં તેની જોઈએ તેવી કિંમત ઊપજી શકી નહીં - સિક્કાનો એક ભાગ લોખંડનો હોવાના કારણે. આથી સિક્કામાંથી આ ભાગ કઈ રીતે દૂર કરી શકાય તેની દ્વિધામાં તે પડી ગયો. તે એટલી હદ સુધી કે લોકોએ તેનું નામ પણ દિનાનાથમાંથી દ્વિધાનાથ પાડી દીધું! સિક્કાની ચિંતામાં ને ચિંતામાં તેને છાતી ઉપર સિક્કા જેવાં જ ચાંભાં ઊપસી આવ્યાં! તે એકદમ નાસીપાસ થઈ ઊઠ્યો. સિક્કાનું હવે શું કરવું તે અંગે કોઈકના સૂચનથી તેણે ગુરુ બજુવાનું માર્ગદર્શન મેળવવા વિચાર્યું.

બીજે દિવસે સવારમાં તે ગુરુ બજુવાના આશ્રમે આવ્યો. બજુવાને બધી વાત કરતાં તે બોલ્યો : 'નથી હું આ સિક્કાને વેચી શકતો કે નથી એને પાસે રાખવાની ઇચ્છા. બસ, આ દ્વિધામાં ને દ્વિધામાં મને છાતી ઉપર પણ ચાંભાં ઊપસી આવ્યાં છે. હવે આપ જ મને કંઈક માર્ગદર્શન આપો. સિક્કાનું મારે શું કરવું?'

બજુવાએ કહ્યું : 'જે થવું જોઈએ તે જ થયું છે. આપણે એક હાથથી સોનું પકડીએ, તો આપણા બીજા હાથથી અનાયાસે લોઢું પણ પકડાઈ જવાનું! જીવનમાં પ્રકૃતિમાં બધું જ દ્વન્દ્વ-ગ્રસ્ત છે ને હરેક દ્વન્દ્વ દોધારી તલવાર જેવું છે, માટે મારી તો સલાહ છે કે સહેજ પણ વિચાર કર્યા વગર તમે આ સિક્કાનો ઘા કરીને જંગલમાં ક્યાંક ફગાવી દો.'

'પણ સિક્કાને ફગાવી દેવાની પણ હું હિંમત કરી શકું તેમ નથી.' દિનાનાથે લાચારી દર્શાવી.

'તો પછી આ સિક્કો જ તમારો ઘા કરી દેશે એ વાત ભૂલશો નહીં.' બજુવાએ ચેતવણી ઉચ્ચારી.

આખરે બજુવાની વાતને માન્ય રાખી તેણે સિક્કાનો ઘા કરી દીધો, દૂર જંગલમાં. ને કોણ જાણે તેને બીજી તકલીફ શરૂ થઈ. વાંસામાં પણ સિક્કા જેવાં જ ચાંભાં ઊપસી આવ્યાં. વેદના અનુભવતાં તે પાછો ગુરુ બજુવા પાસે દોડી આવ્યો. ગુરુને પોતાની આ બીજી તકલીફની વાત કરી.

બજુવાએ કહ્યું : 'તમે સિક્કાના લોખંડવાળા ભાગનો જ ઘા કર્યો છે. સોનાવાળો ભાગ તો હજુ પણ તમારા ચિત્તમાં સચવાઈને પડ્યો છે. ને એનું જ આ બધું પરિણામ છે.'

'હા, મારી નબળાઈ કબૂલ કરું છું. પણ હવે આમાંથી મુક્ત થવાનો કાંઈ ઉપાય?'

'આમાંથી બચવાનો કે બચાવવાનો કોઈ ઉપાય નથી, સિવાય તમે જ તમારાં ચાંભાંઓને જ સોનાના સિક્કાની જેમ સ્વીકારી લો! સંભવ છે તમારી આ નિખાલસ સ્વીકૃતિ તમને તમારી આ વેદનામાંથી પણ મુક્ત કરી દે.' ગુરુએ છેવટની સલાહ આપતાં કહ્યું.

દિનાનાથે ગુરુની સલાહનો સ્વીકાર કરતાં ગુરુને મસ્તક નમાવ્યું. ને પહેલી જ વખત તેણે હળવાશનો અનુભવ કર્યો - જાણે તેનાં ચાંભાં ધરતી ઉપર કેમ ન ખરી પડ્યાં હોય!! □

ગણવામાં આવેલ છે. આ પ્રથા મુજબ ૧૯૦૧, ૧૯૦૨, ૧૯૦૩... વગેરેને અનુક્રમે ૦૧, ૦૨, ૦૩... વડે દર્શાવવામાં આવે છે. અહીં સુધી તો ઠીક, પણ ૨૦૦૦ની સાલને દર્શાવતાં ૦૦ જોવા મળે છે. એટલે કે ૦૧-૦૧-૨૦૦૦ને બદલે ૦૧-૦૧-૦૦ મળે છે. જેનો કોઈ અર્થ નથી. કમ્પ્યૂટરમાં સ્વીકારેલી પ્રથા પ્રમાણ તે ૦૧-૦૧-૧૯૦૦ સમજાય. આ છે સમગ્ર સમસ્યાનું મૂળ. આ સમસ્યાને Y2K (Year 2 Kilo) કહે છે. કમ્પ્યૂટરની Y2K સમસ્યા વર્ષ ૧૯૯૯ના અંત સાથે સંકળાયેલી છે. માટે જ લાગે છે કે લોકો તેને વીસમી સદીનું અંતિમ વર્ષ સમજી બેઠાં છે!

આ રીતે વીસમી સદીનો અંતિમ વિશ્વ રમતોત્સવ (ઑલિમ્પિક) ૧૯૯૬માં યોજાયેલ તે નહિ, પણ સિડની ખાતે ૨૦૦૦માં યોજાનાર ઑલિમ્પિક અંતિમ હશે. ૧૯૯૯માં રજૂ થયેલ આપણું રાષ્ટ્રિય બજેટ વીસમી સદીનું અંતિમ નહિ, પણ ૨૦૦૦માં રજૂ થનાર અંતિમ બજેટ હશે.

ગણતરી ૧થી શરૂ થાય ત્યારની આ વાત છે. એક એવી માન્યતા છે જેમાં ગણતરી શૂન્યથી શરૂ થાય છે. આ સંજોગોમાં સદી અને સહસ્રાબ્દીના આરંભ અને અંતનો અર્થ બદલાય છે. આ બધું તથ્ય કરતાં સ્વીકૃતિ-આધારિત જ ગણાય.

અંતતઃ કાળગણનાની ગણિતીય સ્વીકૃતિ પ્રમાણે એકવીસમી સદીનો આરંભ ૧ જાન્યુઆરી ૨૦૦૧થી થશે અને તે દિવસે ત્રીજી સહસ્રાબ્દીનો પ્રથમ દિવસ હશે. લાગે છે કે 'હિસ્સો હિસ્સો'-વાદીઓ આવતી સદીને પણ અન્ય ન્યાયે અને વ્યવહાર-વ્યાપાર-પટુતાએ પુનઃ ઉજવણીનો અધ્યાય શરૂ કરશે કે શું? □

અનુ.] સંગીતશાસ્ત્ર [પૃ.૧૨થી

છે. ભક્તિગાન અને સંસ્કૃત કૃતિઓ સાથે તેનો સંબંધ છે. કવિ જયદેવની અષ્ટપદી એ વિવિધ રાગમાં ગવાતી ગેયનૃત્ય પ્રકારની શૈલી છે. તેવી જ ધ્રુપદ પણ ભક્તિના ગાનપ્રકારનું જ સ્વરૂપ અને ગાનશૈલી છે, જે તેરથી પંદરમી સદીમાં હિન્દુસ્તાની સંગીતમાં પ્રવેશ્યું. ધ્રુપદની અનેક રચનાઓ હિંદી, વ્રજ અને ઉર્દુમાં પણ મળે છે. ભક્તિ એનો મુખ્ય રસ છે. અને વીર, શૃંગાર અને શાંત રસ એને અનુકૂળ છે. એના સ્વરાલંકાર અને સ્વરલગાવ સુદીર્ઘ મીંડ લેતા કષ્ટસાધ્ય અને મર્દાના પ્રકારના છે. 'અનૂપસંગીતરત્નાકર'માં ધ્રુપદનું સ્વરૂપ આપ્યું છે અને તેમાં સ્થાયી, અંતરા, સંચારી અને આભોગના વિભાગો હોય છે. 'અનૂપસંગીતરત્નાકર'માં ધ્રુપદનું લક્ષણ દર્શાવ્યું છે તે આગામી હપ્તામાં જોઈશું. (ક્રમશઃ)

આવો, શીખીએ અંગ્રેજી (૨૯)

ધનુભાઈ મહેતા

તુલનાની કક્ષા - Degree of Comparison - (2)

તુલનાની કક્ષા ત્રણ પ્રકારની છે. તેમાંની બે, સમાનતા-દર્શક કક્ષા અને અધિકતાદર્શક વિષે શીખી ગયા. કક્ષાનો ત્રીજો પ્રકાર તે શ્રેષ્ઠતાદર્શક કક્ષા - the superlative degree. કોઈ પદાર્થ, પ્રાણી કે સ્થળમાંના કોઈ એક અમુક ચોક્કસ વિશિષ્ટ ગુણની અન્ય બે કરતાં વધારે પદાર્થ, પ્રાણી કે સ્થળની શ્રેષ્ઠતા દર્શાવતું વાક્ય તે શ્રેષ્ઠતાદર્શક કક્ષાનું વાક્ય કહેવાય. આ પ્રકારની કક્ષામાં વિશેષણનું શ્રેષ્ઠતા-દર્શક રૂપ વાપરવું. શ્રેષ્ઠતાદર્શક કક્ષા દર્શાવતું વાક્ય હંમેશાં સાદુ વાક્ય જ હોય છે અને તેવા વાક્યનું સમાનતા અને અધિકતાદર્શક કક્ષામાં રૂપાંતર થઈ શકે. વિશેષણના શ્રેષ્ઠતા-દર્શક રૂપની આગળ હંમેશાં the - આર્ટિકલ વપરાય છે.

શ્રેષ્ઠતાદર્શક કક્ષા બે પ્રકારની છે :

(૧) સર્વમાં શ્રેષ્ઠ કે ઉત્તમ, (૨) સર્વ શ્રેષ્ઠો કે સર્વોત્તમ માંહેનું એક. ઉદાહરણ તરીકે,

મોર સુંદરમાં સુંદર પક્ષી છે. (સર્વમાં શ્રેષ્ઠ)

The peocock is the most beautiful bird.

મોર સુંદરમાં સુંદર પક્ષીઓમાંનું એક છે. (શ્રેષ્ઠ માંહેનું એક)

The peococke is one of the most beautiful birds.

ઉપરોક્ત બન્ને પ્રકાર પૈકી પ્રથમ પ્રકારના વાક્યનું સમાનતાદર્શક અને અધિકતાદર્શક કક્ષામાં રૂપાંતર કરતાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખો.

(અ) સર્વશ્રેષ્ઠ દર્શક કક્ષાનું સમાનતાદર્શકમાં રૂપાંતર (૧) No other, (૨) વિશેષણ પછી વપરાયેલું નામ એકવચનમાં, (૩) તેને યોગ્ય ક્રિયાપદનું રૂપ, (૪) so, (૫) વિશેષણનું સમાનતાદર્શક રૂપ, (૬) as, અને પછી કર્તાસહિતનો નીચે પ્રમાણે વાક્યનો બાકીનો ભાગ.

પ્રકાર પહેલો સર્વશ્રેષ્ઠ શ્રેષ્ઠતાદર્શક	પ્રકાર પહેલાના સમાન બીજું કોઈ નહિ તેવું સમાનતાદર્શક
The peocock is the most beautiful bird.	No other bird is so beautiful as the peocock.
The Ganga is the holiest river.	No other river is so holy as the Ganga.
It was the unikindest cut	No other cut was so unkind as it.

હવે પ્રથમ પ્રકારની શ્રેષ્ઠતાદર્શક કક્ષાનું અધિકતાદર્શક કક્ષામાં રૂપાંતર કેમ થાય તે શીખીએ.

(૧) કર્તા તેના મૂળ સ્થાને, (૨) તેને યોગ્ય ક્રિયાપદનું રૂપ, (૩) વિશેષણનું અધિકતાદર્શક રૂપ, (૪) વિશેષ્ય, (૫) than any other, અને પછી વાક્યનો મૂળ ભાવ દર્શાવતો ભાગ, તેમાં any other પછીનું નામ એકવચનમાં આવે. દા.ત.

શ્રેષ્ઠતાદર્શક	અધિકતાદર્શક
He is the fastest bowler in the team	He is a faster bowler than any other bowler in the team.
Karsankaka is the oldest man in the village.	Karsankaka is older than any other man in the village.
He is my eldest brother	He is elder than any other brother of mine.

'સર્વશ્રેષ્ઠ' કે 'સર્વોત્તમ' નહિ પણ 'સર્વશ્રેષ્ઠ માંહેનો એક' કે 'સર્વોત્તમ માંહેનું એક' એવો અર્થ દર્શાવતાં શ્રેષ્ઠતાદર્શક વાક્યો તે શ્રેષ્ઠતાદર્શક કક્ષાનો બીજો પ્રકાર છે. તે પ્રકારનાં નમૂના રૂપ થોડાંક વાક્યો સમજીએ.

તાજમહલ દુનિયાની અજાયબીઓમાંની એક છે.

The Taj Mahal is one of the wonders of the world.

અશોક ભારતના મહાન્ રાજાઓમાંનો એક હતો.

Ashok was one of the greatest Indian Kings.

જવાહરનાં ઉત્તમ છટાદાર ભાષણોમાંનું તે એક હતું.

It was one of the most eloqnent speeches of Jawahar. (eloqnent - ઇલોક્વન્ટ - છટાદાર)

ઉપરોક્ત પ્રકારનાં વાક્યોને સમાનતાદર્શક કક્ષામાં કેવી રીતે દર્શાવાય તે સમજીએ.

(૧) very few, (૨) વિશેષણ પછી વપરાયેલું નામ બહુવચનમાં, (૩) તેને યોગ્ય ક્રિયાપદ, (૪) as, (૫) વિશેષણનું સમાનતાદર્શક રૂપ (૬) as. પછી વાક્યનો બાકીનો ભાગ. જેમ કે :

Superlative	Positive
Bombay is one of the best sea-ports of India.	Very few sea-ports of India are so good as Bombay.
America is one of the riche countries of the world.	Very few countries of the world are as rich as America.

હવે આ પ્રકારનાં વાક્યોને અધિકતાદર્શક કક્ષામાં કેમ રજૂ કરાય તે સમજીએ.

(૧) કર્તા, (૨) યોગ્ય ક્રિયાપદ, (૩) વિશેષણનું અધિકતા-દર્શક રૂપ, (૪) most of, (૫) વપરાયેલા નામનું બહુવચન, અને પછી વાક્યનો બાકીનો ભાગ.

Superlative	Comparative
Gandhiji was one of the greatest saints of the world.	Gandhiji was greater than most of the saints of the world.
Computer is one of the most modern inventions.	Computer is a more modern invention than most of the inventions.

શ્રેષ્ઠતાદર્શક કક્ષાનું વાક્ય નકારમાં હોય તો તેનું સમાનતાદર્શકમાં રૂપાંતર કરવા માટે (૧) some other, (૨) પછીનું નામ અને ક્રિયાપદ બન્ને બહુવચનમાં (૩) at least, (૪) as - as. અને અધિકતાદર્શકમાં રૂપાંતર કરવા માટે (૧) મૂળ કર્તા નકાર સાથે, (૨) વિશેષણનું અધિકતાદર્શક રૂપ, (૩) than. (૪) some other. (૫) અને પછીનું નામ બહુવચનમાં. નીચે આપેલાં વાક્યો પરથી આ સ્પષ્ટ થશે.

Delhi is not the hottest city in India. (superlative)

Some other cities in India are at least as hot as Delhi. (positive)

Delhi is not hottest than some other cities in India. (comparative)

Mayuri is not the cleverest girl in the class. (superlative)

Some other girls in the class are at least as clever as Mayuri. (positive)

Mayuri is not cleverer than some other girls in the class. (comparative)

તુલનાની ત્રણ કક્ષામાં વિશેષણનો પ્રયોગ સમજ્યા. હવે ક્રિયાવિશેષણનો પ્રયોગ શીખીએ.

વિશેષણ કોઈ નામનો વિશેષ ગુણ દર્શાવે છે, તો ક્રિયાવિશેષણ કોઈ ક્રિયાનો વિસ્તાર બતાવે છે એમ આપણે શીખ્યા છીએ. ક્રિયા શબ્દ - action word - પણ ત્રણ કક્ષામાં દર્શાવાય. દા.ત. રમવું - to play એ ક્રિયાપદ છે. ગુજરાતીમાં તેને આ પ્રમાણે ત્રણે કક્ષામાં વપરાય.

(૧) - ના જેટલું સારું રમે છે, (૨) - ના કરતાં વધારે સારું રમે છે, (૩) સૌથી સારું રમે છે.

ફક્ત બે જ પ્રાણી કે પદાર્થ વચ્ચે થતી અમુક સમાન ક્રિયાના વિસ્તારની તુલના કરવી હોય તો તે માત્ર સમાનતાદર્શક અને અધિકતાદર્શક કક્ષામાં જ થઈ શકે, પણ બે કરતાં વધારે પ્રાણી કે પદાર્થ વચ્ચેની સમાન ક્રિયાની તુલના ત્રણે કક્ષામાં કરી શકાય.

ક્રિયાવિશેષણનો મૂળ શબ્દ તે તેનું સમાનતાદર્શક કક્ષાનું રૂપ છે.

એકપદી (એક સ્વરવાળા) ક્રિયાવિશેષણનું અધિકતાદર્શક અને શ્રેષ્ઠતા દર્શકરૂપ વિશેષણમાં શીખ્યા તે પ્રમાણે જ અનુક્રમે 'er' અને 'est' પ્રત્યયો લગાડવાથી બને છે. અહીં પણ આગળ શીખી ગયા તે જ નિયમો સમજવા. થોડાંક ક્રિયાવિશેષણો ઉદાહરણરૂપે સમજીએ.

Positive	Comparative	Superlative
early	ealier	earliest
late	later	latest
hard	harder	hardest

ઉપરોક્ત ક્રિયાવિશેષણો વિશેષણ તરીકે પણ વપરાય છે.

અન્ત્ય 'ly' આવતા ક્રિયાવિશેષણોની આગળ અનુક્રમે more અને most મૂકવાથી તેના અધિકતાદર્શક અને શ્રેષ્ઠતાદર્શક રૂપ બને છે. જેમ કે,

Positive	Comparative	Superlative
brightly	more brightly	most brightly
fluently	more fluently	most fluently
(ફ્લુઅન્ટલી - અસ્ખલિત પણે)		
Politely	more Politely	most politely

કેટલાંક નીચેના અનિયમિત ક્રિયાવિશેષણો પણ યાદ રાખો.

Positive	Comparative	Superlative
well	better	best
badly	worse	worst
much	more	most
ill	worse	worst
little	less	least
far	farther	farthest
forth	further	furthest

સમાનતાદર્શક કક્ષાના હકાર વાક્યોની રચના કરવા માટે (૧) કર્તા, (૨) કર્તા અને કાળ પ્રમાણેનું ક્રિયાપદ, (૩) as. (૪) ક્રિયાવિશેષણનું સમાનતાદર્શક રૂપ, (૫) as. (૬) ગૌણ ઉપવાક્યનો કર્તા. એટલું ધ્યાનમાં રાખશો કે ઉપવાક્યનો કર્તા મૂક્યા પછીનું ક્રિયાપદ અધ્યાહાર રહે છે.

અજય અમર જેટલું જ અસ્ખલિતપણે બોલી શકે છે.

Ajaya can speak as fluently as Amar.

લતાએ આશા જેટલું જ સારું ગાયું.

Lata sang as well as Asha. (good - વિશેષણ સાથે વપરાય જ્યારે ક્રિયાવિશેષણ સાથે well આવે.)

ગુજરાત મેઇલ સૌરાષ્ટ્ર મેઇલ જેટલો જ ઝડપથી દોડે છે.

The Gujarat mail runs as fast as the Saurashtra mail.

હવે સમાનતાદર્શક કક્ષા નકારવાચક વાક્યરચના વાક્યો દ્વારા સમજીએ.

તમે આજે ગઈ કાલ જેટલું સારું ન રમ્યા.

You did not play today as well as yesterday.

વિમાન આપણા વિચારોની સમાન ઝડપે દોડતું નથી.

An aeroplane does not fly so fast as our thoughts.

હવે અધિકતાદર્શક હકાર વાક્યરચના શીખીએ. (૧) કર્તા, (૨) જે તે કાળનું, કર્તા ને યોગ્ય ક્રિયાપદ, (૩) કર્મ (હોય તો), (૪) ક્રિયાવિશેષણનું અધિકતાદર્શક રૂપ, (૫) than. (૬) ગૌણ ઉપવાક્યનો કર્તા.

સીઝર રોમને તેની પત્ની કરતાં વધારે ચાહતો.

Ceaser loved Rome more than his wife.

આપણા વિચારો સમય કરતા વધારે ઝડપથી ઊડે છે.

Our thoughts fly faster than time.

અધિકતાદર્શક નકાર વાક્યરચના નીચે આપેલાં વાક્ય પ્રમાણે સમજવી.

તે મારા કરતાં વધારે સારું રમતો નથી.

He does not play better than I.

શ્રીમાન વાગલે તેના કામને તેની પત્નીના કરતાં વધારે ચાહતા નથી.

Mr. Wagle does not love his wife more than his work.

સમાનાતદર્શક અને અધિકતાદર્શક કક્ષાનું અન્યોન્યનું રૂપાંતર નીચે મુજબ સમજવું.

Positive	**Comparative**
I love my children as much as my wife.	I do not love my wife more than my children.
A pupil does not know as much as a teacher.	A teacher knows more than a pupil.
Comparative	**Positive**
The sun shines more brightly than the moon.	The moon does not shine so brightly as the sun.
Mrs. Mehta does not teach so well as Mrs. Desai.	Mrs. Desai teachers better that Mrs. Mehta.

શ્રેષ્ઠતાદર્શક કક્ષામાં ક્રિયાવિશેષણનો પ્રયોગ શીખીએ. (૧) કર્તા, (૨) જે તે કાળનું કર્તા પ્રમાણેનું ક્રિયાપદ, (૩) ક્રિયાવિશેષણનું શ્રેષ્ઠતાદર્શક રૂપ, (૪) બધામાં કે સર્વમાં શ્રેષ્ઠ એવો ભાવ દર્શાવવા માટે of, all કે જે કાંઈ વાક્યને અનુરૂપ હોય તે શબ્દો. દા.ત.

ફ્લાઈંગ રાણી બધી જ ગાડીઓમાં સૌથી વધારે ઝડપથી દોડે છે.

The Flying Queen runs the fastest of all the trains.

બધા જ વક્તાઓમાં કમલ સૌથી ઉત્તમ બોલ્યો.

Kamal spoke best of all the speakers.

બધાં જ ગાયકોમાં મીનાએ મધુરતમ ગાયું.

Mina sang most sweetly of all the singers.

તુલનાની કક્ષાનો પ્રસ્તુત વિષય પૂરો કરતાં પહેલાં શ્રેષ્ઠતાદર્શક કક્ષાનાં નમૂના રૂપ વાક્યોને બાકીની બન્ને કક્ષામાં કેમ રજૂ કરાય તે શીખીએ.

He did the worst of all. - superlative

No one else did so badly as he - positive.

He did wose than the others. - positive.

Ya - toe worked hardest of all the servants in the house. - superlative.

No other servant in the house worked so hard as Ya-toe. - positive. Ya-toe worked harder than any other servant in the house.

The sun shines most brightly of all the stars. - superlative.

No other stars shine so brightly as the sun.

The sun shines more brightly than any other star.

તુલનાની કક્ષાને બરાબર સમજવા માટે આટલું યાદ રાખો.

(૧) વિશેષણ અને ક્રિયાવિશેષણ વચ્ચેનો ભેદ જાણો.

(૨) એક કક્ષામાંથી વાક્યનું અન્ય કક્ષામાં રૂપાંતર કરતાં પહેલાં આપેલા મૂળ વાક્યની કક્ષા કઈ છે તે વિચારો.

(૩) વાક્યનું રૂપ બદલો. અર્થ કે ભાવ અકબંધ જાળવો.

(૪) ટૂંકમાં, નીચે પ્રમાણેના નિયમો પાકા કરો.

(૧) સમાનતા દર્શક હકાર = as + વિશેષણ / ક્રિયાવિશેષણનું સમાનતાદર્શક રૂપ + as.

(૨) સમાનતાદર્શક કક્ષા નકાર = so + વિશેષણ / ક્રિયાવિશેષણનું સમાનતા દર્શક રૂપ + as.

(૩) અધિકતાદર્શક કક્ષા = વિશેષણ / ક્રિયાવિશેષણનું અધિકતાદર્શક રૂપ + than.

(૪) શ્રેષ્ઠતાદર્શક કક્ષા = વિશેષણ / ક્રિયાવિશેષણનું શ્રેષ્ઠતાદર્શક રૂપ અને વિશેષણની આગળ the આર્ટિકલ. કક્ષા સમજવા માટે આટલું જાણવું અનિવાર્ય અને પર્યાપ્ત છે. (ક્રમશઃ)

જાણીતા માણસની અજાણી વાતો

— પુષ્કરભાઈ ગોકાણી —

ભૂતપૂર્વ વડાપ્રધાન વિશ્વનાથ પ્રતાપસિંહ દ્વારકાયાત્રાએ આવ્યા હતા. ગુજરાત ઇતિહાસ પરિષદનો ટ્રસ્ટી હોઈ મને દ્વારકાધીશ મંદિરને પુરાતત્ત્વ માહિતી સાથે દેખાડવા કલેકટર સાહેબે વિનંતી કરી. બને તો અંગ્રેજી ભાષામાં સમજાવવા જણાવ્યું. તેઓને રાધિકાજી અને જાંબુવંતીજી (શ્રીકૃષ્ણ ભગવાનનાં પટરાણી પૈકી) વિષે જણાવતાં મેં કહ્યું કે, રાધિકાજી 'શિડ્યુલ કાસ્ટ'નાં હતાં અને જાંબુવંતીજી 'શિડ્યુલ ટ્રાઈબ્સ'નાં હતાં. આમ, માનવમાંથી માધવ બનેલા શ્રીકૃષ્ણે ભારતમાં સ્વીકારાયા પહેલાં બન્ને જનજાતિને (પત્ની તરીકે) સ્વીકારી હતી.

વી.પી. સિંહે કહ્યું : 'વહેલું જાણ્યું હોત તો કદાચ મંડલ કમિશનનો વિશ્વાસમત મેળવી હું વડોપ્રધાન રહ્યો હોત!' તેઓ હસ્યા. દરમિયાન તેમને મંદિર બતાવતાં બતાવતાં હું અંગ્રેજીમાંથી હિંદી ભાષામાં અને પછી જાણીજોઈને ગુજરાતી ભાષામાં સમજાવવા લાગ્યો. સાથે તેમનાં પત્ની એ સાંભળી મીઠું હસવા લાગ્યાં. કલેકટરશ્રીએ અંગ્રેજીમાં સમજાવવા મને ટકોર કરી તો હસતાં હસતાં ગુજરાતી ભાષામાં જ વિશ્વનાથ પ્રતાપસિંહ બોલ્યા : "હું ગુજરાતી જાણું છું, કારણ કે તે મારી 'પત્નીભાષા' છે. અલબત્ત, માતૃભાષા હિંદી છે. પ્રસન્ન દાંપત્ય માટે દરેકે પત્નીભાષા સમજતાં શીખવું જ રહ્યું." વિશ્વનાથ પ્રતાપસિંહ દેવગઢબારીઆનાં રાજપુત્રીને પરણ્યા છે. □

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૧૬

પ્રા. પ્રવીણ ન. શેઠ

ભારતીય અમેરિકનો - બારાખડીના ચોકઠામાં!

જે તે પ્રજામાં જે શબ્દો કે ભાષાપ્રયોગો થતા હોય છે, ઘણી વાર તે પ્રજાનાં લક્ષણો આબાદ રીતે સ્પષ્ટ કરતા હોય છે. તે જ રીતે એક પ્રજા વિશે બીજી પ્રજા જે પ્રયોગો કે પ્રતીકો યોજતી હોય છે, તે એમને વિશેની રૂઢ માન્યતાનો ખ્યાલ આપી જાય છે.

અમેરિકામાં વસેલાં ભારતીયોની જ વાત લઈએ. ભારતીય અમેરિકનોમાં પરસ્પર યોજાતા કેટલાક શબ્દપ્રયોગો તેમનામાં સૂક્ષ્મ રૂપે વહેતા હોય તેવા સાંસ્કૃતિક વિભેદનો ખ્યાલ આપી જાય છે. આ શબ્દો તે - ABCD-એબીસીડી, DCBA - ડીસીબીએ અને એબીસીડીઈએફજી; અરે, આપણે વિષે 'એ' થી માંડીને 'ઝેડ' (ઝી) તરીકે ઉલ્લેખ થાય છે! સાલગા, ત્રિકોણ, માનવી, મૈત્રી; સખી, ગ્રીનકાર્ડ, મોટેલ-પોટેલ, સીનિઅર સિટીઝન્સ, બેબી સીટિંગ કરનારાં, દેશી, ગુજ્જુઓ, ત્રિશંકુ, મસાલા વગેરે.

અહીંનાં ભારતીયો બીજી જાતિઓ વિશે કેટલાક પ્રયોગો કરે છે : 'કલ્લુઓ', કાળિયા; ભૂરિયા, ધોળીઆ. અમેરિકન મધ્યપ્રવાહ કે ગોરી જાતિનો પ્રભાવક વર્ગ ભારતીયો સહિતના એશિયન-અમેરિકનો માટે કઈ સંજ્ઞા વાપરે છે? 'મોડેલ માઈનોરિટી.'

એબીસીડી એટલે 'અમેરિકન બોર્ન કન્ફ્યુઝ્ડ દેશીસ.' ભારતથી આવીને અહીં વસેલી પહેલી પેઢીનાં અહીં જન્મેલાં સંતાનો માટે આ પ્રયોગ મજાકમાં થાય છે. અહીં જન્મીને ઉછરેલ બાળકો નથી પૂરાં અમેરિકન બની શકતાં કે નથી પૂરાં ભારતીય રહી શકતાં. કારણ તેઓ બે પ્રભાવશાળી (અમેરિકન અને ભારતીય) સંસ્કૃતિઓનાં વિરુદ્ધ દિશામાંથી આવતાં પ્રતિદબાણો વચ્ચે અથડાતાં રહીને પોતાની આત્મઓળખ શું, તે વિશે સતત મૂંઝાતાં અને ગૂંચવાતાં રહે છે. અને તેથી જેઓ પોતે જ ભારતીય સંસ્કૃતિ ટકાવી રાખી છે, તેવું માનતા ભારતીયો તેમને અમેરિકામાં જન્મેલી અને પોતાની નિજી સંસ્કૃતિ વિષે ફાંફાં મારતી હોય, તેવી આ નવી પેઢીને 'એબીસીડી' તરીકે પોતાના જૂથમાં ઓળખાવે છે. ખેદજનક તો એ હકીકત છે કે એક જ યુનિવર્સિટી કેમ્પસ પર ભારતીય વિદ્યાર્થીઓનાં સાંસ્કૃતિક ધોરણે બે જૂથો છેલ્લા થોડા સમયથી રચાયેલાં હોય, તેવું જોવા મળે છે. જેઓ પોતાને સાચા ભારતીય ગણે છે તેવા વિદ્યાર્થી ત્યાં વાર્તાલાપ આપવા આવેલા જાણીતાં લેખિકા ચિત્રા બેનરજી દેવકારૂણી સાથે કેમ્પસ પર બધું બતાવતો હતો. અહીં જન્મીને ઉછરેલ બીજી પેઢીના યુવાભારતીયો દ્વારા સંચાલિત એવા ઈન્ડિયન સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશનની એક ડાન્સ પાર્ટીની જાહેરાત કરતાં ફ્લાયર્સને ચીંધીને આ વિદ્યાર્થીએ ચિત્રાને કહ્યું :

'તે લોકો ખરેખર ભારતીય નથી. તેઓ તો 'એબીસીડી' છે. અમે એમના આવા હાઈબ્રીડ ડાન્સના કાર્યક્રમમાં જતા નથી. અમે તો ભરતનાટ્યમ્ અને શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો યોજીએ છીએ.' પછી તેણે ગર્વભેર ઉમેર્યું : 'ગયે વર્ષે અમારા (જુદા) મંડળે પંડિત જસરાજને બોલાવ્યા હતા.'

અચ્છા. અને અહીં (અમેરિકામાં) જન્મેલા એવા મોટાભાગના બીજી પેઢીના ભારતીય અમેરિકન યુવાનો અહીં ભારતથી નવા આવેલા યુવા વિદ્યાર્થીઓ વિશે શું કહે છે? આ કહેવાતા 'એબીસીડી' કહે છે.

'તેઓ (ભારતથી આવેલા નવા વિદ્યાર્થીઓ) તો 'ડીસીબીએ' (દેશીઝ કન્ફ્યુઝ્ડ બાઈ અમેરિકા!) છે! અમેરિકાની અતિઆધુનિક જીવનતરાહથી ડઘાઈ, ગૂંચવાઈ ગયેલા દેશીઓ છે - અણઘડ અને ચપળતા વિનાના!' પછી ભારતમાં બનેલા અને વપરાતાં એવા ટેરીલીન-પોલિયેસ્ટર કપડાં વિષે કટાક્ષમાં ઉમેરે છે :

'આવા પોલિયેસ્ટર પેન્ટવાળા શું બોલે છે, તેનો અડધો ભાગ પણ અમે સમજતા નથી.' વાત માત્ર ચાર બારાક્ષરોને ઉલટાવવાની રમતની નથી. પણ એક જ વયજૂથના ભારતીય તરુણોની પરસ્પર વિરોધી છાપ (પરસેપ્શન) જેવી અર્થગંભીર છે.

૧૯૮૦ પછી, પોતાના કુટુંબી દ્વારા સ્પોન્સર્ડ થઈ અહીં આવેલા ઘણા ગ્રીનકાર્ડધારક નવવસાહતી ભારતીયો પ્રમાણમાં ઓછાં શિક્ષિત છે. તેઓ શરૂઆતમાં અંગ્રેજી બરાબર બોલી શકતાં નથી. તેમનો બિન-ગુજરાતીઓ 'એબીસીડીઈએફજી' તરીકે રમૂજમાં - ને કોઈક તો તુચ્છકારભાવે - પોતાની વાતચીતમાં ઉલ્લેખ કરે છે. ABCDEFG એટલે અમેરિકા બ્રોટ કન્ફયુઝ્ડ દેશી-ઈંગ્લીશ સ્પીકિંગ ફ્રોમ ગુજરાત.'

એથી પણ તાણીતૂસીને આ પ્રયોગને આગળ વધારાયો છે. ડૉ. વિજય પ્રસાદ નામના ડાબેરી વિચારસરણી ધરાવતા યુવાન પ્રોફેસર ૨૦૦ કૉલેજો-યુનિવર્સિટીઓના ૧૨૦૦ વિદ્યાર્થીઓની સાસા-'૯૮ (સાઉથ એશિયન સ્ટુડન્ટ્સ એલાયન્સ) કોન્ફરન્સમાં પ્રો. ચિત્રા દેવકારૂણી, કર્મશીલ મહિલાઓ, આ લેખક, 'ઈન્ડિયા એબ્રોડ'વાળા દેવાશિષ મિશ્ર સાથે ફેકલ્ટી-મેમ્બર (વક્તા) હતા. તેમણે તો બારાખડીના બધા જ અક્ષરો, 'એ' થી 'ઝી' (ઝેડ) વાપરીને ગુજરાતીઓ વિશે પૂછ્યું : 'તમે એબીસીડી એટલે શું, તે જાણવાની વિમાસણ અનુભવતા હતા ને? હવે તમો આ પ્રયોગનો અર્થ જાણો. 'એ બી સી ડી

ઈ એફ જી એચ આઈ જે કે એલ એમ એન ઓ પી ક્યુ આર એસ ટી યુ વી ડબ્લ્યુ એક્સ વાઈ ઝેડ' American born confused desi escaped from Gujarat. Housed in Jersey, keeping lots-a motels. Named Omkarnath Patel. Quickly Reached Success through Underhanded, Vicious Ways. Xenophobic, yet zealous.

ઉદ્યમ કરીને, સાહસ ખેડીને તથા કોઠાસૂઝથી સ્ટોર ચલાવીને, શરૂઆતમાં છાપાંનો ધંધો કરતા કે મોટેલ ચલાવીને પછી ખૂબ આગળ આવેલા અને સાધનસંપન્ન અને નામ કાઢી શકેલા એવા ગુજરાતીઓ વિશે બીજા વ્યવસાયીઓ ખાનગીમાં કેવો તુચ્છકાર વ્યક્ત કરતા હશે, તેનો અણસાર આમાંથી પામી શકાય.

૧૯૬૯-૭૦માં આઈવી લીગ (Ivy League)ની પેન યુનિવર્સિટીના મારા અભ્યાસકાળ દરમિયાન ગ્રીનકાર્ડધારક ગુજરાતીઓ અહીંનાં કાળા-બ્લૅક લોકો વિશે 'કાળિયા' કે 'કલ્લુ' તરીકે તુચ્છકારભાવથી આપસી વાતમાં ઉલ્લેખ કરતાં પહેલી વાર સાંભળ્યા ત્યારે મને અચરજ થયું હતું. (તે દશકામાં નિજી 'બ્લૅક કલ્ચર' વિશે ગૌરવ વ્યક્ત કરીને, પહેલાં પોતાને વિશે 'નીગર' કે 'નીગ્રો' તરીકેનો ઉલ્લેખ થતો, તેનો અસરકારક વિરોધ કર્યો હતો. તથા કાળા કે 'બ્લૅક' શબ્દને સત્તાવાર પરિભાષામાં સ્વીકારાવ્યો હતો. હવે તો તેથી આગળ વધીને પોતાનાં મૂળિયાં પ્રતિની ઓળખ પર ભાર મૂકીને છેલ્લા યુ.એસ. સેન્સસમાં તેમણે પોતાની જાતિનો અમેરિકન તરીકે સ્વીકાર કરાવ્યો છે.) કાળિયા શબ્દથી તુચ્છકાર કરનાર આવા ગુજરાતીઓ તો સામાન્ય પ્રકારનાં યુવકયુવતીઓ હતાં. આવાં મોટા ભાગનાં 'ફૅક્ટરી કે લેબર જૉબ' જેવી પરચુરણ નોકરી કલાકના સત્તાવાર લઘુતમ દરથી ઓછી આવક સાથે કરતાં હતાં. પણ 'બ્લૅક' જાતિ કરતાં પોતાને ઊંચા ગણતાં હતાં. ઘણાં માટે એમની એકમાત્ર લાયકાત લોહીની સગાઈના સંબંધથી મળેલો પેલું સોના જેવું ગ્રીનકાર્ડ હોય છે.

તે જ પ્રમાણે ગોરી જાતિના અમેરિકનો માટે 'વ્હાઈટ' કે 'ગોરા' જેવો નિરપેક્ષ શબ્દ વાપરવાને બદલે ભારતીયો તેમને 'ધોળીયા', 'ભૂરીયા' તળપદા શબ્દોથી ઉતારી પાડે છે. ભારતીય સમાજ-સંસ્કારમાં ઊંચનીચ સ્તરભેદથી યા વર્ણભેદ કે ચામડીના રંગોને આધારે વિચારવામાં અને વર્તવામાં આવે છે. તે આમ ઉઘાડું પડી જાય છે આપણે એ ભૂલી જઈએ છીએ કે ઘણા ભારતીયો અને કાળાઓમાં માત્ર ચામડીના રંગના જ માપદંડથી જોઈએ તો બહુ ફરક હોતો નથી. મીરાં નાયરની ફિલ્મ 'મિસિસિપી મસાલા'માં યુગાન્ડાથી પોતાનાં માબાપ સાથે અહીં આવીને વસેલી એવી પટેલ યુવતી મીના (કાળા) આફ્રિકન-અમેરિકન ડેમિટ્રીઅસને પરણવાનું નક્કી કરે છે ત્યારે મીનાના બોયફ્રેન્ડ ડેમિટ્રીઅસના ચામડીના રંગનો ઉલ્લેખ કરીને તેનો વિરોધ કરે છે.

ત્યારે ડેમિટ્રીઅસ ઉત્તર આપે છે : 'હા, પણ આપણી વચ્ચે થોડી રંગછાંયનો જ તફાવત છે (ઓન્લી અ શેઈડ ડિફરન્ટ) અને મીરાં આ બાબતને કલાત્મક રીતે સ્પષ્ટ કરે છે. આ ફિલ્મમાં મીના અને ડેમિટ્રીઅસનું ગાઢ આલિંગન કરતું દૃશ્ય છે. તેમાં બંને પ્રેમીઓનાં પીઠ અને ખભાના શ્યામ કાળારંગ પર જ કૅમેરા ફોક્સ કરીને, આપણા વર્ણભેદથી ઘડાયેલા સંસ્કારને તેઓ આબાદ રીતે સ્ફૂટ કરે છે.

મોડેલ માઈનોરિટી 'મોડેલ માઇનોરિટી' એ અમેરિકન મધ્યપ્રવાહના પ્રભાવક વર્ગે એશિયનોમાં ચીના, ભારતીયો, જપાનીઝો, કોરીઅનો જેવી લઘુમતીને શાબાશી આપતા ગોરાઓએ આપેલો શબ્દપ્રયોગ છે. અમેરિકાના મીડિઆએ સિત્તેરના દશકાથી આ પ્રયોગ દ્વારા ભારતીયો વિશે એવું ચિત્ર ઊભું કર્યું છે કે, 'ભારતીયો ઝઘડાળું નથી, એકરૂપ છે. તેમ જ શિક્ષિત અને આર્થિક રીતે આગળ આવેલી ઉદ્યમી પ્રજા છે.' મૅક્સિકન, લૅટિનોફે કાળાઓની, જેમ તેઓ કોઈ ગરીબી, કૌટિંબિક અસ્થિરતા, ભગ્નલગ્ન, જાતિવાદ કે એદીપણા જેવાં અપલક્ષણોથી પીડાતાં નથી. અને આપણે પોરસાઈ ગયાં. પછી તો વર્ષો સુધી અહીંના ભારતીય મધ્યપ્રવાહના સુવેનીર સાહિત્યમાં આપણે મોડેલ માઇનોરિટી છીએ. તે આપણે યાદ કરતા! પણ આ માત્ર એ બે શબ્દોની પણ કેવી મહત્ત્વની અસર પડી!

એક તો, ભારતીયો જેવા એશિયનો આર્થિક, શિક્ષણ, વગેરે ધોરણે સંપન્ન છે એવી દલીલને આગળ કરીને અમેરિકાના જમણેરી કે રૂઢિવાદી રાજકીય વર્ગે ભારતીય, ચીના, વગેરે લઘુમતીઓને રાજ્ય તરફથી મળતાં અનામત બેઠકો, કલ્યાણ સેવા અને નાના પાયા પરના વેપારધંધા ચલાવવા માટે મળતી સહાયની યોજનાઓને પાછી ખેંચી લેવા માટે જોરદાર પ્રયાસ કર્યા. બીજું, આવી 'મોડેલ માઇનોરિટી'ની છાપને આપણે અનુરૂપ થઈ રહીએ તે માટે અહીંના ભારતીય સમાજમાં નારીસંસ્થાઓ કે સામાજિક રીતે સુધારાવાદી યા ઉદ્દામ વિચારો ધરાવતા નાનાકડા વર્ગને અલગ પાડવાનો પ્રયાસ થયો. સમાન્ય કામ કે છૂટક ધંધો કરતો વર્ગ ગ્રીનકાર્ડધારકોમાં ઊભો થતો હતો. તેમના પર મોનિટરિંગ કરવાનું કાર્ય ભારતીયોમાં અહીં સંસ્કારરક્ષક બની ગયેલા વર્ગે ઉપાડી લીધું.

ત્રીજું, કોરીઅનો, ચીના અને જપાનીઓની જેમ ભારતીય અમેરિકનો પોતાને સ્પેનિશભાષી હિસ્પેનિકો અને કાળાઓથી મોડેલ અને ઊંચા ગણીને આ જાતિઓને આપસી વાતોમાં જાણ્યેઅજાણ્યે ઉતારી પાડવામાં ગર્વ લેતા. એમને નર્ડ (nerd) અબૂઝ-અણઘડ, આળસુ, કુટુંબભગ્ન તેમજ માત્ર પસીનો પાડીને થોડુંઘણું કમાઈ લેતી પ્રજા તરીકે ઉતારી પડાય છે. (એમના આળસુ સ્વભાવ તેમજ અમેરિકન સિસ્ટમમાં સુલભ એવા કલ્યાણ વિકાસની નીતિ અને સંસાધનોનો ઉપયોગ

કરવામાં ચપળતા કે જાગ્રતિ રાખવામાં આ જાતિઓએ બતાવેલી ઉદાસીનતા, અને એકંદરે પોતાના પછાતપણા માટે એમની ખૂબ જવાબદારી છે, તે હકીકતને અહીં નજરઅંદાજ કરવાનો આશય નથી. પણ અહીં ભારતીય મનોગ્રંથિ અને વલણનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કર્યો છે.)

આવા જ બીજા શબ્દો પણ છે. પોતાને વિશે કે પોતાની વાનગી, રીતભાત વગેરે બાબતે વપરાતો તે દેશી 'મસાલા' શબ્દ જુદા જુદા અર્થ અને સંદર્ભમાં વપરાય છે. વળી, અહીં વડીલો પોતાનાં પુત્ર-પુત્રી કે એમનાં સંતાનો સાથે રહેવા આવે છે, તેમને માટે કોઈક વાર બેબી સીટર્સ પ્રયોગ પણ થાય છે. પણ સૌથી વધુ ધ્યાન ખેંચે તેવા બીજા શબ્દો હોય તો તે છે પોટેલ, પટેલ, માનવી અને સાલગા-ત્રિકોણ જેવા ભારતીય અમેરિકનોના સંદર્ભમાં વિકસેલા નવા શબ્દપ્રયોગો. ને છેલ્લા વર્ષમાં પ્રચલિત થવા માંડેલો ટેક-સેવી સોફ્ટવેર મગજ ધરાવતા; ઈન્ફોટેકમાં સ્ટાર્ટ-અપ લીડર્સ જેવા પ્રયોગો ભારતીય જ નહિ, પણ અમેરિકન મીડિઆ પણ ભારતીય ઉદ્યોગસાહસિકો માટે પ્રશંસાભાવથી વાપરવા માંડ્યા છે.

પોટેલ : 'પોટેલ' પ્રયોગ અમેરિકનોએ યોજયો છે. ૧૯૮૦ના દસકાના મધ્યભાગમાં મુખ્યત્વે પટેલો મોટેલ ચલાવતા હતા. પણ તે અસ્વચ્છ રાખતા અને નિયમધોરણો તોડીને પૈસો ભેગો કરવામાં પડ્યા હતા, તેવી તેમની છાપ હતી. પણ પટેલોએ મોટેલો એટલી સરસ રીતે ચલાવી, આ ઉદ્યોગને તો વિકસાવ્યો પણ સાથોસાથ અમેરિકન પ્રવાસીઓને પોષાય એવા દરે રહેવાની સુવિધા કરી આપીને, અહીંના પ્રવાસન ઉદ્યોગના વિકાસમાં અને રોજગારી વધારવામાં ફાળો આપ્યો છે કે હવે પટેલોને 'પટેલ-મોટેલ' મૉડેલને સફળતા આપનાર ભારતીયો તરીકે ગોરાઓએ સ્વીકારીને તેમને પોતાના ઊંચી કોટિના હોટલચેઈનના ફ્રેન્ચાઈઝ ૧૯૯૫થી આપવા માંડ્યા છે. તેમણે પોટેલ શબ્દ કદરભાવે આ અનુભવમાં પ્રયોજ્યો.

પટેલ : તેવું જ ખુદ 'પટેલ' શબ્દ વિશેના અમેરિકન વલણ અંગે કહી શકાય. છેલ્લાં થોડાં વર્ષો પહેલાં અમેરિકન સત્તાવાળાઓ અમેરિકન વીસા મેળવવા માગતા ભારતીયોમાં 'પટેલ' અટકધારી પ્રતિ શંકાની નજરે જોતા. અહીં ગેરકાનૂની રીતે મેક્સિકો સરહદ પાર કરીને આવનારા કે પછી ટૂંક સમયના પ્રવાસી વીસા પર આવીને આ મોટા દેશમાં કાયમ માટે ગરકી જઈને ગેરકાનૂની રીતે વસનારા ભારતીયોમાં પટેલો આગળ પડતા હતા. પણ પછી તેમણે મોટેલ અને હોટેલનું કુશળતાપૂર્વક સંચાલન કરીને પોતાની વિધાયક છાપ ઉપસાવી છે. ડેલેલ હોમામોટો અને રોડોલ્ફો ટોરેસ તેમની વંશીય જાતિઓ પરના પુસ્તકમાં ગુજરાતી પટેલ કોમના પ્રભાવ નીચે ચાલતા વ્યાપારના સંદર્ભમાં અહીં જાતિકોમને આધારે પ્રવર્તમાન મજાક 'હોટલ, મોટેલ, પટેલ'નો ઉલ્લેખ કરે છે. જોએલ મિલમેન 'ધી ઈકોનોમિસ્ટ' (લંડન) વગેરે પ્રતિષ્ઠિત સામયિકોએ જેની સમીક્ષા કરી છે તેવા પોતાના પુસ્તકમાં પટેલોને 'ધી અધર અમેરિકન્સ' (આ પણ અમેરિકનો જ છે)માં પટેલોની ભૂમિકાને સુરેખ રીતે સ્પષ્ટ કરે છે. માત્ર મોટેલ-હોટલ ઉદ્યોગમાં નહિ ડૉક્ટરોના વ્યવસાયમાં પણ પટેલો અગ્રિમ સ્થાન ધરાવે છે. ૧૯૯૮-૨૦૦૦ માટેની અમેરિકાના ભારતીય ડૉક્ટરોની તાજેતરમાં બહાર પડેલી ડિરેક્ટરીમાં સૌથી વધુ ગુજરાતીઓ છે. ભારતીય ડૉક્ટરોમાં પટેલ, શાહ, રેડ્ડી, રાવ, સીંઘ, પરીખ-પારેખ, મહેતા અને સિંહા અટકધારી મોખરે છે. તેમાંય સૌથી વધુ (૧૧) પાનાં તો પટેલ ડૉક્ટરોએ રોક્યાં છે. એક જ શબ્દ જુદા જુદ કે બદલાતા સંદર્ભમાં તે ધારણ કરનારની છાપ કેવી બદલે છે અને તે યોજનારા સમૂહના વલણ કે જોવાની બીજાઓની રીતમાં કેવો ફેરફાર લાવે છે તે અહીં સમજવા માટે 'પટેલ ૧૯૮૫' અને 'પટેલ ૧૯૯૯'ને ઇતિહાસના ફરતા તખ્તા પર જોવા જેવું છે!

અહીં ભારતીયોમાં 'માનવી', 'સખી', 'રક્ષા', 'નારીકા', 'મૈત્રી', 'દયા' વગેરે નામો હવે જાણીતાં થવા માંડ્યાં છે. આ નામો અહીં ભારતીય કુટુંબોમાં પતિ કે બીજાને હાથે મારઝૂડ કે અવમાન અને માનસિક પીડા જેવી સૂક્ષ્મ સામાજિક કે કૌટુંબિક હિંસાનો ભોગ બનેલી નારીઓના હક અને હિત માટે લડે છે. કૌટુંબિક હિંસા કે અવહેલનાનો ભોગ બનતી ભારતીય નારીને કાનૂની અને બીજી સહાય આપવા માટે અને પગભેર કરવા માટે ડૉ. સ્મિતા દાસગુપ્તાએ ન્યૂ જર્સીમાં ૧૪ વર્ષ પર જ્યારે 'માનવી' નામની પહેલી ભારતીય નારીરક્ષક સંસ્થા સ્થાપી ત્યારે અમેરિકામાં ભારતીય મધ્યપ્રવાહના કે પ્રભાવશાળી પુરુષ વર્ગે તેની 'દાનવી' તરીકે મજાક કરી હતી. આવા કિસ્સા તો જૂજ હોય. તેને મહત્ત્વ આપશો તો આપણી મોડેલ માઇનોરિટીની છાપ ઝંખવાઈ જશે, એમ મનાતું. પણ પછી તો સુખી સુધરેલા ભારતીય સમાજના આ દબાઈ ગયેલ પાસાંને માનવી, મૈત્રી, સખી વગેરે નારીસંસ્થાઓએ ઉજાગર કર્યા છે. આથી આ સામાજિક વાસ્તવિકતાને સ્વીકારીને હવે તો ભારતીયો માનવી, સખી મૈત્રી વગેરે સંગઠનોને નાણાંકીય અને કાનૂની સહાય પણ કરે છે. ભારતીય સમાજમાં આવેલા માનસપરિવર્તનના સંકેતો આ શબ્દપ્રયોગો અને તેને મળેલી માન્યતા દ્વારા સાંપડે છે. 'અવર ફીટ વૉક ધ સ્કાઈ' ડ્રેગોન લેડીઝ', 'બ્લડ ઈન્ટુ ઈન્ક', 'ઔરત દરબાર' 'દેશી મેન વિરુદ્ધ દેશી વીમેન' (વિડીઓ) જેવી કૃતિઓ અહીં પણ પ્રવર્તતી નારી-સમસ્યાની દસ્તાવેજી સામગ્રી છે.

સાલગા, ત્રિકોણ, સમકામી જેવા સજાતીય સંબંધોમાં માનનારી સંસ્થાઓ પણ નોંધવાયોગ્ય છે. 'સાલગા' એ 'સાઉથ એશિયન લેસ્બિઅન એન્ડ ગે એલાયન્સ'નું ટૂંકાક્ષરી

(અનુસંધાન પૃ.૨૩)

ગાંધીજ્ઞાનકોશ? એ વળી શું?

— રજનીકુમાર પંડ્યા —

'મારો એક જ અનુયાયી છે અને તે હું. એ એકને સાચવવો મુશ્કેલ છે તો બીજાની વાત શી? જે ધર્મને ખાતર, દેશને ખાતર મરવા તૈયાર ન હોય, જે પોતાની તુચ્છતા સમજીને નમ્રપણે ન વર્તે તે મારો અનુયાયી નથી.'

મહાત્મા ગાંધીના આ ઉદ્દગારો તમામ ગાંધીસાહિત્ય ફેંદી વળો તો પણ ક્યાંય વાંચવા ન મળે અને આમ છતાં આ ઉદ્દગારો અધિકૃત છે. એક એવા પુસ્તકમાંથી મળેલા છે કે જેની બીજી આવૃત્તિ થઈ જ નથી અને પહેલી આવૃત્તિનાં પાનાં પીળાં પડી ગયાં છે. પુસ્તક 'ટેબ્લોઈડ' સાઇઝ (બ્લીટ્ઝ સામયિકના કદનું) છે. બત્રીસ વરસ અગાઉ બહાર પડ્યું છે અને ગાંધી સાહિત્યના એક ચાહકે એનું સંપાદન કર્યું છે. એમાં સંપાદકે એક ચોક્કસ ક્રમમાં એનું સંકલન-સંપાદન કર્યું છે. અ, આ, ઇથી શરૂ કરીને ક, ખ, ગ એમ પૂરી બારાખડી અને કક્કાના ક્રમમાં પ્રત્યેક શબ્દ લઈને એ શબ્દની આસપાસ ગાંધીજીએ ઉચ્ચારેલાં વાક્યો એનાં સંઘર્યા છે. એમાં સંપાદકના કહેવા મુજબ એમના ભાષાંતરં કે અન્ય લેખો કે પુસ્તકો કરતાં એમના પોતાના શબ્દોમાં ઠાલવેલા ઉદ્દગારોને સ્થાન આપવામાં આવ્યું છે.

લેખની શરૂઆતમાં મુકાયેલો ફકરો 'અનુયાયી' શબ્દ ઉપરના એમના વિચારો રજૂ કરે છે.

એમાં 'અપશબ્દ'નો સમાવેશ થાય છે. 'અપશબ્દ' વિશે ગાંધીજી શું જણાવે છે? અપશબ્દ એટલે શબ્દનો અવળો અથવા ખોટો ઉપયોગ એટલે કે ચોરને હું જો ચોર કહું અગર લફંગાને લફંગો કહું તો હું એને અપશબ્દ કે ગાળ બોલું છું એમ ન કહેવાય. માણસ જે વિશેષણ (અપશબ્દ) વાપરે તે સાબિત કરી આપવાની તેની તૈયારી હોવી જોઈએ. ગાંધીજી એમ કહેવા માગે છે. જો તમે કોઈને બદમાશ કહો તો તેની બદમાશી સાબિત કરવાની તમારી તૈયારી હોવી જોઈએ.

આ પછી 'અબળા' શબ્દ વિશે ગાંધીજી પોતાની વ્યાખ્યા આપે છે : 'અબળા વિશેષણ આત્માને વિશે તો લાગુ ન જ પડે. એક બાલિકા, જેનો આત્મા ઉજ્જવલ છે તે સાડા છ ફૂટ લાંબી અંગ્રેજની સમક્ષ ઊભી તેને મહાત કરી શકે છે... જે સ્ત્રી જાતિએ હનુમાન આદિ વીરોને પેદા કર્યા છે તે સ્ત્રીને અબળા કહેવામાં અજ્ઞાન રહ્યું છે.'

પણ આ જ ક્રમમાં ગાંધીજીના 'અખંડ પતિવ્રતા' વિશેના વિચારો તદન રેશનલ અસુધારાવાદી છે. નર્મદ વગેરેથી એમના વિચારો તદ્દન જુદા પડે છે. લખે છે : 'વૈધવ્ય એ હિંદુ ધર્મની શોભા છે. એક વખતે જેને જ્ઞાનપૂર્વક પતિ ગણ્યો



અને જાણ્યો તેનો દેહપાત થતાં પણ તેનું સ્મરણ રાખીને સંતોષ વાળવો એટલું જ નહીં, પણ તે સ્મરણમાં આનંદ માનવો. એ જ રીતે હિંદુસ્તાનની વિધવાઓ આચરણ કરીને પ્રાતઃ સ્મરણીય બની છે. પુનર્લગ્નનો સ્પષ્ટ વિરોધ દર્શાવતા આ વિચારોના ક્રમમાં ગાંધીજી 'અર્ધાંગના' શબ્દ વિશે કહે છે : 'થોડી સ્ત્રીઓ કર્વેની વિદ્યાપીઠની ગ્રેડ્યુએટો થાય તેમાં શું વળ્યું? તેથી કેળવણી નથી થવાની. સ્ત્રી અર્ધાંગના છે (એ) સમજાય (તો) તેમાં જ ખરી કેળવણી છે.

આ 'ગાંધીજ્ઞાનકોષ' નામના પુસ્તકના સંપાદક - ચંદુલાલ બહેચરલાલ પટેલ છે કે જેમણે ભગવદ્‌ગોમંડળના નવ અદ્‌ભુત ગ્રંથોનું સંપાદન કરીને ગુજરાતી ભાષાની અપૂર્વ સેવા કરી. આ પુસ્તકને એ ભગવદ્‌ગોમંડળ નામના જ્ઞાનકોશ સાથે દેખીતો સંબંધ ન હોવા છતાં એમણે આ 'ગાંધીજ્ઞાનકોશ'ને ભગવદ્‌ગોમંડળની પૂર્તિ તરીકે લેખાવ્યો છે. અને એનું બીજું નામ 'સત્યના પ્રયોગોની માર્ગદર્શિકા' આપ્યું છે. ભગવદ્‌ગોમંડળના નવ ગ્રંથ સાથે આ પુસ્તકનો સંબંધ જોડવામાં તેમની ગાંધીભક્તિ જ પ્રકટ થાય છે, ઔચિત્ય નહીં. ખેર, આ પછી ગાંધીજી 'ઈશ્વરના હાજરાહજૂર દર્શન' વિશે જણાવે છે કે, 'મને ઈશ્વરના' હાજરાહજૂર દર્શન થયા નથી. એમ હોય તો મારે તમારી આગળ બોલવાની કશી જરૂર જ ન રહે. મારા વિચારો જ એટલા પ્રબળ બન્યા હોય જે વાણી અને કાર્ય મારા માટે બિનજરૂરી બની જાય, પરંતુ ઈશ્વરની હસ્તી વિશે અટલ શ્રદ્ધા છે ખરી.'

વારંવાર આદરાતા આજના ઉપવાસો વિશે ગાંધીજીના વિચારો 'ઉપવાસ' શબ્દના ખાનામાં છે : 'કોઈ મને હુકમ કરે ત્યારે તેટલા ખાતર મારાથી ઉપવાસ પર ન ઉતરાય. એવા ઉપવાસ મરજી પડે ત્યારે અનિષ્ટ હોય એમ બનવાનો પૂરો સંભવ છે. ગુસ્સામાં આવી જઈને એવા ઉપવાસ કરવાના ન જ હોય. ગુસ્સો એ ટૂંકા ગાળાનું પાગલપણું છે.'

આ પછી ક, ખ અને ગ અક્ષરોથી શરૂ થતા શબ્દો ઉપર ગાંધીજીના ઘણા વિચારો સંપાદકે આપ્યા છે. એમાં 'ગ' 'ન' ક્રમમાં ગાળ ઉપરનો એમનો વિચાર જોઈએ : 'ગાળ ખાવી (ખાઈ જવી) એટલે ગાળ આપનારની ઇચ્છાને વશ ન થવું એ છે. ગાળ ખાવી એટલે ગાળ દેનાર કહે તેમ કરવું એ અર્થ નથી.' ગાળ બાબતમાં ગાંધીજીનો વિચાર બહુ મૌલિક જણાય છે. ગાળ ખાવી એટલે ગાળને પચાવી જવી એવો અર્થ તેમાં છુપાયેલો છે. કદાચ આ પછી મહિલાઓના સંદર્ભમાં ગુણોમાં મૂળ સુરતી શબ્દો લઈને સંપાદક ગાંધીજીનો બહુ તેજાબી વિચાર વ્યક્ત કરે છે. કપડાં પહેરીને સુંદર દેખાવું એમાં વેશ્યાનો ભાવ છે.

ગોપાલકૃષ્ણ ગોખલેની એક સરસ વાત ગાંધીજી ઉચ્ચારે છે : 'સ્વ. ગોખલેજી એક નાનકડો કાગળ લખવો હોય તો પણ તેને વિશે વિચાર કરી લે. ભાષા ગોઠવી લે. પછી તે કાગળ લખી નાખે. તેને રદ કરી બીજો લખે. મિત્રોને બતાવે. તેઓની ટીકા વિનયપૂર્વક સાંભળે અને પછી જ પોતાનો કાગળ પૂરો લખાયો સમજે. પરિણામ એ આવ્યું કે એમના જેવો કાબૂ પરદેશી ભાષા ઉપર થોડા જ મેળવી શક્યા. તેમની ભાષામાં શૌર્ય-સત્ય-ઈત્યાદિ ભર્યાં હતાં, છતાંય ક્યાંય ડંખ જોવામાં નથી આવતો.'

ઘડતર શબ્દમાં ગાંધીજીનું આત્મનિવેદન છે : 'મારું ઘડતર જુદી જાતનું છે. મારી મા ગામડાની અભણ બાઈ હતી. તેણે મને શીખવેલું કે યથા પિંડે તથા બ્રહ્માંડે. તેણે વધારામાં મને સમજાવેલું કે તારે હંમેશાં સાચું હોય તે જ કરવાની ફીકર રાખવી. મારી આસપાસ જે હોય તે મારું. વિશ્વ એટલે મારી આજુબાજુનાં લોકોની મારી પાસેના પાડોશીની સેવા હું કર્યા કરું તો વિશ્વમાં બધું સમું ઊતરી જશે.'

આ પછી 'ચ'માં 'ચરણસ્પર્શ' અને 'જયઘોષો' વિશે ગાંધીજી પોતાનો ઉકળાટ ઠાલવે છે : 'હું ખાતરી આપું છું કે ચરણસ્પર્શ અને જયઘોષોથી હું બહુ અકળાયેલો છું ને ચરણસ્પર્શરૂપી પ્રહારથી મને બચાવવા હંમેશાં ભારે પ્રયત્નો કરવામાં ઘણા સ્વયંસેવકો રોકાયેલા રહે છે. પણ તેમાંથી હું સાવ બચી શક્યો નથી. તેની સામે અપવાસ કરીને અગર લોકોની સામે અબોલાનું વ્રત લઈ સત્યાગ્રહ કરવાની મારામાં હિંમત નથી. જયઘોષોથી હું એટલો અકળાઉં છું, કે મારા કાનમાં ઘણી વેળા ખરે જ રૂનાં પૂમડાં હું મૂકું છું.'

'ચિત્રકલા' વિશે આમ તો વિચારો લંબાણથી લખાયેલા છે, પણ એક વાક્ય અત્યારના સંદર્ભમાં જોવું જરૂરી છે : 'ચિત્રકલાને મેં કદી વખોડી નથી, પણ ચિત્રકલાને નામે પ્રચલિત ધાબાને હંમેશાં અવગણ્યાં છે.'

'છાપા' વિશે ગાંધીજી જણાવે છે કે, 'છાપાનું કામ લોકોની લાગણી જાણવી અને તેને પ્રકટ કરવી એ એક છે. બીજું કામ લોકોમાં અમુક લાગણી જરૂરની હોય તે પેદા કરવી (કેળવવી?) એ છે. ને ત્રીજું કામ લોકોમાં એબ હોય તો તે ગમે તેટલી મુસીબતો પડે તો પણ બેધડક થઈને બતાવવી.' વળી, છાપા વિશે ગાંધીજી બીજી વાર જણાવે છે કે, કમનસીબે આજે સામાન્ય માણસને માટે ધર્મગ્રંથોના કરતાં પણ છાપાં વધારે મહત્ત્વનાં થઈ પડ્યાં છે. હું તો સામાન્ય લોકોને ખુશીથી સલાહ આપું છું કે છાપાં વાંચવાનું છોડી દે. છાપાંઓ આજે રાષ્ટ્રનું ચોથું અંગ લેખવામાં આવે છે. છાપાંમાં બેશક સમર્થ શક્તિ છે. પણ તેનો દુરુપયોગ કરવો એ ગુનો છે. હું જાતે પત્રકાર છું, તેથી મારા પત્રકારબંધુઓને પોતાની ફરજ ઓળખીને ચાલવાની, કેવળ સાચી માહિતી આપીને સત્ય પ્રકટ કરવાની અને તેનું સમર્થન કરવામાં એકમાત્ર ખ્યાલ રાખીને પોતાનાં છાપાં ચલાવવાની અપીલ કરું છું.'

'જંતરમંતર' વિશે ગાંધીજી શું માને છે? 'મારી માએ

દવાઓ કરાવેલી એટલું યાદ છે. જંતરમંતરમાં પણ તે માનતાં હતાં. હું નથી માનતો. મારા કેટલાક જ્ઞાની મિત્રો પણ જંતરમંતરને માને છે. પણ મારી આસ્થા નથી બેસતી, તેથી હું નીડર થઈને કહું છું કે મારા રામનામને જંતરમંતર સાથે સંબંધ નથી.'

છાપાંઓ વિશે ગાંધીજીની એક વિશેષ ટીકા 'ના' અક્ષર વિભાગમાં છે. તેમણે એમાં નિશા વિષે લખ્યું છે. (સૌરાષ્ટ્રમાં 'નશા' માટે 'નિશા' શબ્દ બોલાય છે.) નશા માટે એમણે જણાવ્યું છે : 'આજકાલ અખબારોમાં મસાલેદાર લખાણોનો વધારો જોવા મળે છે. વળી, વાંચવાનો વાયરો વધ્યો છે, તેથી આવાં લખાણો વાંચવાની ટેવ પડી છે. આ બધાં નિશા (નશા-કેફ)નાં ચિહ્નો છે. યુરોપમાં કેટલાકને એવી ટેવ છે કે ઘડીએક પણ ચોપડી મૂકી જ શકતા નથી. આખો દહાડો જ્ઞાનવાર્તા તો ન જ વાંચી શકાય, તેથી 'શિલિંગ સોકર'નો ઉપદ્રવ વધ્યો છે. શિલિંગ સોકર એટલે આઠ આનાની આપણને હલાવનારી નવલકથા - મર્યાદિત વાતો કરીને આપણને હલાવાય નહીં તેથી કાનના કીડા ખરી પડે એવી ભાષામાં ન બનવાજોગ વાતો લખીને કેવળ પૈસાને ખાતર જ લખનારાઓ અને છાપનારાઓ માણસોને લલચાવે છે અને લાખો સ્ત્રીપુરુષોને આવો શિલિંગ સોકર વાંચવાનો વ્યાધિ થઈ પડ્યો છે.'

'સંન્યાસ' વિશે ગાંધીજી અણગમો જ બતાવે છે. જણાવે છે : 'સંન્યાસ એ પરાવલંબનની પરાકાષ્ઠા છે.'

પાઠ્યપુસ્તકો વિશે ગાંધીજીનું વિધાન ભારે ક્રાંતિકારી છે. જણાવે છે કે, હું જો શિક્ષકોને સમજાવી શકું તો પ્રાથમિક શિક્ષણને સારુ પાઠ્યપુસ્તકો બંધ કરું અથવા પાઠ્યપુસ્તકો માત્ર શિક્ષણને સારુ જ રાખું. આવાં પાઠ્યપુસ્તકોની રચના જુદી જ હોય. વળી, જણાવે છે : 'ફરીફરીને બદલાયા કરતાં પાઠ્યપુસ્તકો માટેની ઘેલછા એ કેળવણીની દૃષ્ટિએ સુચિહ્ન છે એમ ન કહેવાય. (માત્ર) પાઠ્યપુસ્તકોને કેળવણીના વાહનરૂપ ગણવામાં આવે તો શિક્ષકની જીવતી વાણીની ભાગ્યે જ કશી કિંમત રહે. જે (શિક્ષક) પાઠ્યપુસ્તકમાંથી શીખવે છે તે તેના શિષ્યોને સ્વતંત્ર અને મૌલિક વિચાર કરવાની શક્તિ આપતો નથી એ પોતે પાઠ્યપુસ્તકોનો ગુલામ બની જાય છે... પાઠ્યપુસ્તકો જેટલાં ઓછાં તેટલો શિક્ષક અને વિદ્યાર્થીને લાભ છે... છોકરા-છોકરીઓને પાઠ્યપુસ્તકોને ઊંચકી ન શકાય એવડો બોજો ઉપાડીને જતાં જોઈને દયા આવે છે.'

'મ'ના ખાનામાં 'મારી દશા' વિશે ગાંધીજી જણાવે છે : 'આજે મારી દીન-લાચાર દશા છે. આજે મારું કોણ સાંભળે છે? એક જમાનો એવો હતો કે જ્યારે હું કંઈ કહું તે લોકો કાને ધરતાં અને તેનો અમલ કરતાં. બધાં જ મારું કહેલું કરતાં એવો દાવો તો મારાથી કેમ થાય? પણ ઘણાં લોકો મારી વાત માનતા એટલું સાચું. તે વખતે હું અહિંસક સેનાનો સેનાપતિ હતો. આજે તો હું જંગલમાં એકલો રોતો હોઉં તેવી મારી દશા છે, પરંતુ ધર્મરાજાએ કહ્યું હતું કે એકલા હો તોય તમને જે સાચું લાગે તે કરજો. આજે હું એ રસ્તે ચાલું છું.'

'સ્ત્રીના નિર્દોષ સંગ' વિશે ગાંધીજી શું જણાવે છે? જણાવે છે કે : 'સ્ત્રીના નિર્દોષ સંગને કાજળની કોટડીની ઉપમા આપવામાં હું તો અજ્ઞાન જ જોઉં છું. એમાં સ્ત્રી અને પુરુષ બન્ને જાતિનું અપમાન છે. જુવાન દીકરો માતાની પડખે ન બેસે? તેની સાથે ટ્રેનમાં કે બાંકડા પર ન બેસે? આવા સંગથી પણ જેનું મન વિહ્‌વળ થતું હશે તેની કેવી દયામણી સ્થિતિ ગણાય?'

સદ્‌ગત ચંદુલાલ બહેચરલાલ પટેલે સંપાદિત કરેલા અને ગોંડલ રાજ્ય દ્વારા સંવત ૨૦૨૪માં પ્રકટ કરેલા આ અનોખા પુસ્તકની પ્રાપ્તિ તેમના ઇન્કમટેક્ષ કન્સલટન્ટ અને એડ્વોકેટ પુત્ર અમદાવાદના કે.સી. પટેલ પાસેથી થઈ. એ પુસ્તકમાં આપેલાં બે ચોંકાવનારાં વિધાનો છેલ્લે તો છેલ્લે પણ જોવા જેવાં છે.

'મારા સિક્કાની કિંમત આજે દેશમાં જે અનેક વસ્તુ ચાલી રહી છે તેમાં મારો હિસ્સો જરાય નથી. કૉંગ્રેસે હકૂમત લીધી ત્યારથી અહિંસાને તિલાંજલી આપી છે. એ છૂપી વાત નથી.'

અને બીજું 'બાવલું' શબ્દ. ઉપરનું વિધાન : મારું પૂતળું પૈસા ખર્ચીને ખડું કરવાની વાત મને ગમે એવી નથી, જ્યારે લોકોને ખાવાનાં સાંસાં છે ત્યાં શહેરોમાં શણગાર શા? એટલે મારું બાવલું તો મને મનગમતાં કામો કરવામાં હોય.'

લો... આ પુસ્તકની બીજી આવૃત્તિ ક્યાંથી થાય? હા, ત્રીસમી જાન્યુઆરીએ એમની સમાધિ પર પુષ્પો ચડાવવામાં અને બાવલાં ખડાં કરવામાં કશો બાધ નથી. ◻

અનુ.] અમેરિકામાં ભારતીયો [પૃ.૨૦થી

નામ છે. ભારતીયોમાં કેટલાંક સ્ત્રીપુરુષ સજાતીય સંબંધોમાં અને પ્રેમ કરવામાં માને છે, તે બાબતને સાલગા, ત્રિકોણ જેવાં સંગઠનો બહાર લાવ્યા છે. તથા આવા મનોવલણને અસ્વાભાવિક માનતા સમાજકુટુંબોથી છુપાવવા મથતાં લેસ્બિગે ભારતીયોને બહાર પડવા, પોતાની ગ્રંથિ સ્પષ્ટ કરવા માટે આ સંસ્થાઓ ઉત્તેજન આપે છે. 'માનવી' જેવી નારીવાદી સંસ્થાને ભારતીય મધ્યપ્રવાહમાં સ્વીકૃતિ મળી છે. પણ સાલગા-ત્રિકોણ હજુ હાંસિયા પર છે. 'અ લોટસ ઓવ્ અનધર કલર; 'ત્રિશંકુ રૂટલેસ બટ ગ્રીન આર ધ બુલેવર્ડ ટ્રીઝ' 'ધી મેરેજ ઓવ્ લીલા એન્ડ ઊર્મિલા' જેવા લેખો ભારતીય સમાજની આ ગોપિત ઘટનાને સ્ફુટ કરી આપે છે. આવાં જૂથોને દર વર્ષે યોજાતી (બે એરિયાની પરેડ સિવાય) 'ઇન્ડિયા ડે પરેડ'માં ભાગ લેવાની તેના ભારતીય યોજકો મંજૂરી આપતા નથી.

શબ્દો, પરિભાષા, સંજ્ઞા, પ્રયોગો દ્વારા ભારતીય અમેરિકનોના સંસ્કાર અને વિચારવિશ્વને પ્રકટ કરવાનો આ તો માત્ર મર્યાદિત પ્રયાસ છે. (ક્રમશઃ)

એક અદ્ભુત લેસર ટેક્નોલૉજિ


પ્રા. સુરેશ ર. શાહ

પ્રકાશનાં વિકિરણોને સમજાવવા માટે ન્યૂટનનો કણવાદ અને હ્યુજનનો તરંગવાદ બન્ને રજૂ થયા હતા. કણવાદની મદદથી પ્રકાશના પરાવર્તન અને વક્રીભવનની ઘટનાને સમજાવી શકાઈ. જ્યારે તરંગવાદથી બન્ને ઉપરોક્ત ઘટનાઓ ઉપરાંત વ્યતિકરણ, વિવર્તન એટલે કે અંતરાય આગળ વળાંક અનુભવવો તથા ધ્રુવીભવનની ઘટનાઓ સમજાવી શકાઈ. તરંગવાદમાં કાલ્પનિક માધ્યમ ઈથર જરૂરી હતું. આમ, જ્યાં કણવાદ નિષ્ફળ નીવડ્યો ત્યાં તરંગવાદને સફળતા મળી.

વીજચુંબકીય તરંગો : આધુનિક મત પ્રમાણે હવે ઈથર જેવાં કોઈ કાલ્પનિક માધ્યમની પ્રકાશના પ્રસરણ માટે જરૂર નથી. સ્કોટલૅન્ડના વિજ્ઞાની જેમ્સ ક્લાર્ક મૅક્સવેલે ઈ.સ. ૧૮૭૩માં ગણિતીય સમીકરણો દ્વારા જણાવ્યું હતું કે વીજચુંબકીય ઊર્જા તરંગ સ્વરૂપે પ્રસારણ પામતી હશે. આ વીજચુંબકીય તરંગોનો વેગ પ્રકાશના વેગ જેટલો જ એટલે કે પ્રતિ સેકન્ડે ૩ લાખ કિલોમીટર જેટલો હશે. આથી જ માનવાને કારણ મળ્યું કે પ્રકાશઊર્જા એ પણ વીજચુંબકીય ઊર્જાનું સ્વરૂપ હશે.

ઈ.સ. ૧૮૭૯માં મૅક્સવેલનું અવસાન થયું ત્યાં સુધી આવા વીજચુંબકીય તરંગોની સાબિતી હજુ મળી નહોતી પણ તેમના નિધનના એક દાયકા બાદ ૧૮૮૮માં વિજ્ઞાની હેન્રીચ હર્ટ્ઝે મૅક્સવેલના સૈદ્ધાંતિક મતને પ્રાયોગિક સમર્થન આપ્યું. તેમના પ્રયોગોથી જ આજના ઇલેક્ટ્રોનિક યુગની શરૂઆત થઈ એમ કહી શકાય. હર્ટ્ઝે આવા રેડિયો તરંગો ઉત્પન્ન કર્યા એટલું જ નહિ, પણ તેનું કોઈ સ્થળે અસ્તિત્વ હોય તો તેને શોધવા માટે સૌપ્રથમ રેડિયો તરંગ શોધક ડિટેક્ટર બનાવ્યું.

તેમણે સ્પષ્ટ કર્યું કે ચુંબકીય ક્ષેત્રમાં અને વીજક્ષેત્રમાં ઉત્પન્ન થતા વિક્ષેપોને લીધે વીજચુંબકીય તરંગો ઉત્પન્ન થાય છે. આવા તરંગોમાં ચુંબકીય ક્ષેત્ર અને વીજક્ષેત્રના વિક્ષેપો પરસ્પર લંબ રહીને તેમજ પ્રસરણની દિશાને પણ લંબ રહીને પ્રસરણ કરે છે. વિદ્યુત તરંગોને E-સદિશ અને ચુંબકીય તરંગોને



વીજચુંબકીય તરંગો

B-સદિશ કહેવામાં આવે છે. આકૃતિમાં E-સદિશ અને B-સદિશ એકબીજાને લંબ છે તથા બન્ને પ્રસરણની દિશાને લંબ રહીને આગળ ધપતા બતાવ્યા છે. આવા વિદ્યુતચુંબકીય તરંગોના વેગને C વડે દર્શાવાય છે. અને તે પ્રકાશના વેગ જેટલો એટલે કે ૮૦૦,૦૦૦ કિલોમીટર-સેકન્ડ છે. આવા તરંગની તરંગલંબાઈ તથા આવૃત્તિને અનુક્રમે A અને f વડે દર્શાવાય છે. આ ત્રણેય ભૌતિકરાશિને જોડતું સમીકરણ $C = fA$ વડે દર્શાવાય છે. આમાં પ્રકાશનો વેગ $C = 3 \times 10^8$ મીટર/સેકન્ડ જ્ઞાત છે. તેથી આપણે જો તરંગલંબાઈ A જાણતા હોઈએ તો તેની આવૃત્તિ f મેળવી શકીશું અને f જાણતા હોઈએ તો A મેળવી શકીશું. વળી, આ સમીકરણ એ પણ દર્શાવે છે કે તરંગલંબાઈ અને આવૃત્તિ એકબીજાંને વ્યસ્તમાં છે. જો તરંગલંબાઈ A મોટી હશે તો આવૃત્તિ f નાની હશે અને તરંગલંબાઈ નાની હશે તો આવૃત્તિ f મોટી હશે.

આવૃત્તિ fનો એકમ વિજ્ઞાની હર્ટ્ઝના નામ ઉપરથી હર્ટ્ઝ (H_z) છે. તેનો વધુ મોટો એકમ કિલોહર્ટ્ઝ (KH_z) તથા મેગાહર્ટ્ઝ (MH_z) છે. વળી

૧ કિલોહર્ટ્ઝ (KH_z) = ૧૦૦૦ હર્ટ્ઝ = ૧૦^3 Hz

૧ મેગાહર્ટ્ઝ (MH_z) = ૧૦૦૦,૦૦૦ હર્ટ્ઝ = ૧૦^6 Hz


તરંગલંબાઈને મીટર, સે.મી., માઈક્રોમીટર તેમજ ઍંગસ્ટ્રોમ યુનિટ (A.U.) જેવા એકમ વડે દર્શાવાય છે.

વિદ્યુતચુંબકીય વર્ણપટમાં વિવિધ તરંગોને તેમની આવૃત્તિ પ્રમાણે તેમજ તેમની તરંગલંબાઈ પ્રમાણે દર્શાવાય છે. તરંગલંબાઈ પ્રમાણે જોઈએ તો સૌથી વધુ તરંગલંબાઈવાળા રેડિયો તરંગો હોય છે અને સૌથી ઓછી તરંગલંબાઈવાળાં વિકિરણો હોય છે. તરંગલંબાઈના ઊતરતા ક્રમમાં લઈએ તો રેડિયો તરંગો, માઈક્રો તરંગો, ઈન્ફ્રારેડ, દશ્યમાન પ્રકાશ, અલ્ટ્રાવાયૉલેટ, એક્સ-કિરણો અને ગામા કિરણો છે. વળી, તરંગલંબાઈ ઘટે તેમ આવૃત્તિ વધે છે.

તરંગોના વર્ણપટમાં જોતાં એ પણ સ્પષ્ટ થાય છે કે આપણી સામાન્ય આંખ જોઈ શકે છે તે આ વર્ણપટમાં એક નાનકડો વિસ્તાર છે, જેને આપણે દશ્યમાન વિસ્તાર કહીએ છીએ અને તે ૩૨૦૦ °A.U.થી ૭૮૦૦ °A.U.માં આવેલો છે. આપણો લેસર પ્રકાશ દશ્યમાન વિસ્તાર તથા તેની બન્ને બાજુના અદશ્ય વિસ્તાર, જેને આપણે ઈન્ફ્રારેડ તથા અલ્ટ્રાવાયૉલટ નામથી ઓળખીએ છીએ ત્યાં સુધી વિસ્તરેલો છે.

લેસરનો વિવિધ ક્ષેત્રે ઉપયોગ

લેસરનો ઉપયોગ વિવિધ ક્ષેત્રે થતો ગયો અને આમ તે એક અતિ ઉપયોગી સાધન બની ચૂક્યું છે. ઉદ્યોગોમાં તે ઘણું જ ઉપયોગી થઈ પડ્યું છે. ઇલેક્ટ્રિક ભઠ્ઠીઓમાં ઘણી ઉષ્મા ઊર્જા હોય છે. ધાતુને ઓગાળવા માટે તેનો ઉપયોગ થાય છે. ઉદ્યોગમાં વપરાતાં લેસર કિરણને એક નાના ટપકાથી પણ નાના બિંદુએ કેન્દ્રિત કરી શકાય છે. આથી કેન્દ્રિત થયેલી તેની ઉષ્મા ઊર્જા



વીજચુંબકીય વર્ણપટ


અત્યંત અધિક પ્રબળ બની રહે છે. આમ, લેસર કિરણથી મળતી ઉષ્મા ઊર્જા ઈલેક્ટ્રિક ભઠ્ઠી કરતાં પણ અત્યંત અધિક પ્રબળ અને તીવ્ર હોય છે. અને તે ધાતુને ઓગાળી નાખવા તેમજ તેને બાષ્પમાં રૂપાંતરિત કરવા શક્તિશાળી છે.

પેન્સિલની અણી કરતાં પણ પાતળું લેસરકિરણ ઝડપથી ચોકસાઈપૂર્વક કાપે છે. વળી, લેસરકિરણને અરીસા જેવી પરાવર્તિત સપાટીથી પરાવર્તિત કરી શકાય છે. આથી જ્યાં બીજી કોઈ રીતે પહોંચી ના શકાય તેવા ભાગો સુધી આવાં પરાવર્તિત લેસરથી પહોંચી શકાય છે. મોટરગાડીઓ બનાવવાનાં હાલનાં આધુનિક કારખાનાંઓમાં લેસરનો આવી રીતે ચોક્સાઈપૂર્વક ઉપયોગ કરી મોટરગાડીનાં બોડીનાં પતરાં કપાય છે. વળી, સ્પોટ વેલ્ડિંગમાં પણ તેનો ઉપયોગ થાય છે.

હવે તો મોટાં કારખાનાંઓમાં રોબોટ કે યાંત્રિક હાથ વડે, કે જેમાં ગોઠવેલા અનેક અરીસાઓ પરાવર્તક લેસરકિરણને સુયોગ્ય જરૂરી વળાંક આપતાં હોય છે અને તે રીતે લેસરના ઉપયોગથી જરૂરી કાર્ય ચોક્સાઈપૂર્વક અને ઝડપથી કરી શકાય છે. વળી, પતરાંને કાપવા વપરાતી કરવત કે આરી વડે આવું કાર્ય કરતાં ઉપકરણ ઉપર ઘસારો પડે છે, અને કરવત અમુક ઉપયોગ પછી ઘસાઈ જાય છે. તેની આરી બદલવી પડે છે. લેસર કટરમાં આવું કાંઈ થતું નથી. તેને ઘસારો પહોંચતો નથી તેથી તેને બદલવાનો પ્રશ્ન ઊભો થતો જ નથી.

સૌથી મોટો ખતરો દૂર કરી શકશે

વિશ્વભરમાં ઔદ્યોગિક વિકાસ માટે ઊર્જા અને તેમાંયે ખાસ



લેસરથી ન્યૂક્લિઅર ફ્યુઝન

કરીને વિદ્યુત ઊર્જા અત્યંત જરૂરી છે. તે મેળવવાનો એક અગત્યનો સ્રોત તે પરમાણુ ઊર્જા છે. પરમાણુ ઊર્જા દ્વારા વિદ્યુત મથકો આપણા દેશમાં અને વિશ્વભરમાં ઊભાં કરાયાં છે અને હજુ પણ તૈયાર થઈ રહ્યાં છે. પણ તેમાં મોટું ભયસ્થાન તે પરમાણુ ભઠ્ઠીનો કચરો અને ભઠ્ઠીમાંથી લિકેજ થવાની શક્યતા છે.

શતાબ્દીના આ છેલ્લા વર્ષના ઑક્ટોબરની શરૂઆતમાં જ જપાનમાં ટોકિયોથી લગભગ દોઢસો કિલોમીટર દૂર ટોકાઈનુરામાં ત્યાંના પરમાણુ રિએક્ટરમાં લિકેજ થયું હતું. જો કે સારા નસીબે તે ભયાનક હોનારતને રોકવામાં મહદ્ અંશે સફળતા મળી છે. અને થોડીક જાનહાનિ તથા આડઅસર પછીથી તેને કાબૂમાં લેવાઈ છે.

પરમાણુ ઊર્જા મેળવવાના બે અગત્યના વિકલ્પો છે. ન્યૂક્લિઅર વિખંડન, જેને ન્યૂક્લિઅર ફિશન તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમાં યુરેનિયમ જેવા ભારે તત્ત્વનાં ન્યૂક્લિઅસ ઉપર પ્રચંડ શક્તિશાળી કણોનો મારો ચલાવીને તેનું વિખંડન કરવામાં આવે છે. આ દરમિયાન પ્રચંડ ઊર્જા મળે છે, જેનાથી વિદ્યુત ઊર્જા મેળવવામાં આવે છે. બધે જ આ રીતે પરમાણુ ઊર્જાનું વિદ્યુતઊર્જામાં રૂપાંતરણ કરવામાં આવે છે. બીજી પણ એક પદ્ધતિ છે તેને ન્યૂક્લિઅર સંલયન એટલે કે ન્યૂક્લિઅર ફ્યુઝન કહેવામાં આવે છે. આ પદ્ધતિથી સૂર્યમાં તથા બીજા તારાઓમાં ઊર્જા સતત ઉત્પન્ન થતી રહે છે. લેસરની સહાયથી આ રીતે ઊર્જા મેળવવાનું હવે શક્ય બનશે. લેસરથી ન્યૂક્લિઅર ફ્યુઝનને આકૃતિમાં દર્શાવાયું છે. આ રીતે ભાવિ ઊર્જા પ્રશ્નનો સકારાત્મક નિવેડો આવવાની મોટી આશા બંધાઈ છે.

આ અને આવા બીજા લેસર ઉપયોગોની વિસ્તૃત ચર્ચા હવે પછીના લેખોમાં કરવામાં આવશે. (ક્રમશઃ)

સંમુખ સાગરમઠ-૯



—— પ્રીતિ સેનગુપ્તા ——

પોટાલાનો પરિચય

બર્ખોર માર્કેટ અને જોખાન્ગ મંદિર જોઈ હોટેલ પર પાછાં ફર્યાં ત્યારે સાંજ પડી ગયેલી, ને જમવાનો સમય થયેલો. ફરીથી પેલાં 'લાલબત્તી' આહારગૃહો પર એકલાં નહીં જતાં હું બે અમેરિકનો-બૉબ અને ડેન-ની સાથે જોડાઈ. એક ચીની રેસ્ટોરાં શાંત ને ખાલી જણાતાં અમે એમાં ગયાં. ગાઈડ-બુકમાં જણાવ્યું હોય છે કે ચીની રેસ્ટોરાં ચોખ્ખી જોવા મળશે, પણ તિબેટી નહીં મળે. આ વાત સાવ સાચી લાગતી હતી. રસ્તાની સામી બાજુએ નાની, ખોલી જેવી તિબેટી વીશીઓ હતી. એ બહુ ગમી ન હતી. ત્યાં પણ બધે કાળા સરસ રાત્રી-પોષાક પહેરેલી યુવતીઓ હતી - દેખાવે ખૂબ સુંદર લાગે. એ બધી પણ શું 'રાત્રી-કન્યાઓ' હશે?

ચીની આહારગૃહમાં બેઠાં પછી શાકાહારી ખાવાનું મંગાવ્યું. એ આવ્યું ત્યારે અંદર મને અખાદ્ય એવી ચીજો હતી. એ લોકો 'વેજિટેરિયન' શબ્દ સમજ્યાં જ નહોતાં. અંતે મને કંઈક સૂઝ્યું, ને મેં કહ્યું, 'હિન્દુ, હિન્દુ' અને તરત એ બધાં સમજી ગયાં, ખૂબ ખુશ થઈ ગયેલાં લાગ્યાં, અને મને રસોડામાં લઈ ગયાં. ઝીણાં કાપેલાં ડુંગળી, કૂબી, ને લસણ વાડકાઓમાં ભરેલાં હતાં. બીજી ચીજો ભરેલા વાડકા પણ હતા. મારે શું શું જોઈએ છે તે મેં આંગળી ચીંધીને બતાવી દીધું. બસ, પછી જે ખાવાનું આવ્યું તે શુદ્ધ શાકાહારી હતું, સ્વાદિષ્ટ હતું, ને સસ્તું પણ નીકળ્યું. એક વાનગી એમની મેળે મારે માટે એમણે બનાવી હતી - બરાબર ઘઉંના લોટના શિરા જેવી હતી. વધારે પડતી ગળી નહીં, પણ એવી શેકેલા કથ્થઈ રંગની ખરી. નિરાંતે, ને આનંદથી અમે ત્રણે જણ જમ્યાં.

મારી શરદી ચાલુ રહેલી. રાતના અંધારામાં જોર જોરથી પવન ફૂંકાતો સંભળાવા માંડેલો. જાણે કોઈ સાંકડી સુરંગમાંથી ભાગી છૂટતો ના હોય! વરસાદ પડવાનો અવાજ પણ મેં સાંભળેલો, પણ હું માની શકી નહોતી. તિબેટમાં વરસાદ?! પણ સવારે જોયું તો જમીન અને હોટેલનું પથ્થર જડેલું ચોગાન ચોક્કસ ભીનાં હતાં.

મારી રાત જરા પણ સારી નહોતી વીતી. મારું માથું દુ:ખતું રહેલું - શરદી ઉપરાંત સ્થાનના ઉચ્ચાંશને લીધે. વહેલી સવારે ત્રણ વાગ્યે ઊઠીને, પલંગની ધાર પર બેસીને એક કેળું ખાધું. આગલી સાંજે બેએક ખરીદેલાં બપોરના ખાણાની જગ્યાએ ખાવા માટે. મને એમ કે કુદરતી મીઠાશથી જરા સારું લાગશે. સવારે ઊઠવું અઘરું પડ્યું.


સ્વપ્નિલ ધુમ્મસના આવરણથી બધા પર્વતો આચ્છાદિત હતા. છતાં દૃષ્ટિગોચર થતાં કેટલાંક શિખરો પર આછો બરફ પડેલો દેખાતો હતો. સદ્‌ભાગ્યે ખૂબ ઠંડી નહોતી, ને પવન નહોતો. આ સવારે, તિબેટના શાશ્વત પ્રતીક જેવું, સૌથી અગત્યનું સ્થાન - પોટાલા પ્રાસાદ - જોવા જવાનું હતું. પેલો અમેરિકન ડેન માંદો, ને સાવ ઢીલો પડી ગયેલો. એનામાં બહાર નીકળવાની શક્તિ નહોતી, પણ 'આ સ્થાન તો જોવું જ પડે' કહી પરાણે મેં એને બસમાં ચડાવ્યો. પોટાલાના પરિસરમાં આટલું બધું ચાલવાનું ને ચડવા-ઊતરવાનું હશે, એની કોને ખબર હતી?

બસ પોટાલાના પાછલા ઝાંપામાંથી અંદર ગઈ, ને એક ઊંચા ઢાળ પર ચડવા માંડી. થોડે જઈને એ ઊભી રહી ગઈ. એટલો ઢોળાવ હતો કે એ ચડી જ ના શકે. બે લાંબાં, સીધાં ચઢાણ અમારે માટે પણ ઘણાં કપરાં હતાં. એ પતે પછી ઘણાં પગથિયાં ચડવાનાં હતાં. ફટાફટ તો કોઈ જઈ જ ના શકે. ડેનને તો કેટલીયે વાર બેસતાં બેસતાં, લગભગ ઘસડાતાં, જવું પડ્યું.

અંદર સર્વત્ર ફોટા પાડવાની મનાઈ હતી. એને કમનસીબ જ કહેવાય, કારણ કે અંદરનો ખૂણે-ખૂણો તસ્વીરને યોગ્ય હતો, અને કળાકૃતિઓ બેનમૂન હતી. શું પ્રાચીન અપૂર્વ થાન્ગ્કા, શું ઝીણવટભર્યાં ભીંત-ચિત્રો; ઢળતાં છાપરાંના છેડાની નીચેની-અંદરની કોતરણી તથા ભૌમિતિક કે ફૂલોની રંગરંગીન આકૃતિઓ; જરિયાન કાપડને સીવીને તૈયાર કરેલાં લાક્ષણિક વસ્ત્ર-ચિત્રો, હાથવણાટની જાજમો અને અસંખ્ય પ્રતિમાઓ. શું ઉત્કૃષ્ટ કળાસમૃદ્ધિ, શું રુચિરસુંદર સૃજનનિધિ. એટલું બધું નીરખવાનું હતું કે થાકી જવાય, ને પાછો જીવ બળે કે પૂરતું જોવાયું પણ નહીં!

૧૬૪૫માં, પાંચમા દલાઈ લામાના કાળમાં, લ્હાસા નગરની મધ્યમાંની એક ટેકરી પર આ સ્થાપત્યરત્ન બાંધવાની શરૂઆત થઈ. ત્રણેક વર્ષમાં એનો સફેદ ભાગ બંધાઈ રહ્યો. બાકીનો -લાલ ભાગ-પૂરો થતાં ૧૬૯૪નું વર્ષ આવી ગયેલું અને પ્રણેતા લામાના નિધનને બાર વર્ષ વીતી ગયેલાં. એક મત એવો છે કે શિવનું નિવાસસ્થાન ગણાતા, દક્ષિણ ભારતમાં આવેલા, એક પર્વત પરથી આ પ્રાસાદનું નામ પોટાલા પડ્યું. પણ બૌદ્ધધર્મીઓ એ જ પર્વતને અવલોકિતેશ્વરનો આવાસ ગણે છે. એ 'પવિત્ર સ્થાન' એટલે 'પોટાલા'. વળી, રાજા સોન્ગ્ત્સેન ગામ્પો તથા સર્વ દલાઈ લામાઓ અવલોકિતેશ્વરના જ અવતાર ગણાય છે, તેથી આ સમજૂતી વધારે સ્વીકાર્ય લાગે છે.

પાંચમા દલાઈ લામાથી શરૂ કરીને આજના ચૌદમા - દેશવટે રહેલા - દલાઈ લામા માટે પોટાલા શીતકાળનો પ્રાસાદ રહ્યો છે. ૧૯૫૯માંના તિબેટી બળવા અને ચીની ચડાઈ વખતે એને થોડું નુકસાન પહોંચ્યું હતું, પણ પછીથી સ્વયં



લ્હાસામાં ઉચ્ચસ્થિત, મુકુટ સમાન મહા-પ્રાસાદ પોટાલા જેમાં એક હજારથી પણ વધારે ઓરડા છે.

ચાઉ અન-લાઈની ખાસ તકેદારીને કારણે ચીની સૈન્યના હિંસ્ર હુમલામાંથી એ બચી જવા પામ્યો. પરન્તુ ૧૯૫૯માં એના લાલ રંગી, આવાસીય વિભાગમાં બસો જેટલા અનુભવી, અભ્યાસી લામાઓ રહેતા અને પ્રાસાદમાંનાં સ્થાનકોની બધી જવાબદારી સંભાળતા. આજે જુઓ તો માંડ બત્રીસ લામા ત્યાં વસે છે, ને એમાંના પાંચ જ પર્યાપ્ત યોગ્યતા અને પૂરેપૂરી નિયુક્તિ ધરાવે છે. તિબેટી પ્રજા માટે હજી પણ પોટાલા પ્રાસાદ યાત્રાનું પરમ ધામ છે, પણ ચીની સરકાર એને એક સંગ્રહાલય તરીકે જોવાનું પસંદ કરે છે.

આસપાસની ઘણી જ ઊંચી ગિરિ-પંક્તિની હાજરીમાં પ્રાસાદવાળી એ ટેકરી સાવ નીચી ને નાની લાગે, પણ આ મહા-સ્થાપત્યનાં આકાર ને પરિમાણ એવાં અકલ્પ્ય અને અસાધારણ છે, અને એના વિરચનની ભવ્યતા એટલી વિસ્મયકર તેમજ વાસ્તવિક છે, કે એને વર્ણવવા માટે શબ્દોનો અતિરેક પણ અપર્યાપ્ત બને છે. એનું પોતાનું સુવિશિષ્ટ વ્યક્તિત્વ છે, જે દિવસના સમય અને પ્રકાશ પ્રમાણે, તથા દૃષ્ટિકોણ પ્રમાણે, અનેકવિધ વિલક્ષણતા દર્શાવતું રહે છે. ૧૯૦૪માં લ્હાસા પહોંચેલા એક પાશ્ચાત્ય પ્રવાસીએ લખેલું, 'આ એક ટેકરી પર બંધાયેલો પ્રાસાદ નથી, પણ એ આખી ટેકરી જ પ્રાસાદ છે.'

ઉચ્ચ-સ્થિત, મુકુટ સમાન એ મહાપ્રાસાદની અંદર એક હજારથી પણ વધારે ઓરડા છે - તો બારીઓ ને બારણાંની સંખ્યા તો કેટલીયે હશે! વળી, એ તેર સ્તરોમાં વિસ્તરેલો છે. અંદર સાંકડી સીડીઓની જટિલ ભુલભુલામણી છે. ત્યાં માર્ગદર્શક વગર તો જવાય જ નહીં. તિબેટી યાત્રાળુઓ આપમેળે એમાં જતાં હશે, પણ પશ્ચિમી પ્રવાસીઓને તો એ રીતે જવાની છૂટ પણ નથી. ગાઈડની પાછળ પાછળ જ જવાનું, ને એની ઝડપે જ આગળ વધતાં રહેવાનું. પ્રવાસીઓને ક્યાં, ક્યારે, ને કેટલા સમય માટે લઈ જવા - તે બધું ચીની સરકારી પ્રવાસખાતાએ પહેલેથી નિયત કરેલું હોય, ને એ પ્રમાણે જ પ્રવાસીઓને દોરી જવામાં આવે.

મેં એમ પણ સાંભળ્યું કે દરરોજ એના એ ખંડ ખુલ્લા નથી હોતા. જુદા જુદા દિવસે જુદાં જુદાં ઓરડા, સ્થાનકો અને વિભાગો બતાવવામાં આવે છે. તાઈવાનના મુખ્ય શહેર તાઈપેમાં રાષ્ટ્રિય કળા-સંગ્રહાલય છે. એની પાસેનો બધો કળાસંચય તો પ્રદર્શિત પણ નથી કરાતો. કહેવાય છે કે એ સમગ્ર સંગ્રહ વારાફરતી જોવા બેસે એને બાર વર્ષ લાગે! તો પોટાલા પ્રાસાદને પણ સારી રીતે આખો જોવો હોય તો વર્ષોનાં વર્ષો જોઈએ.

પ્રવાસીઓને પોટાલામાં પ્રવેશ એક બાજુથી કરાવવામાં આવે છે, ને અંદર ઉપરનીચે ભ્રમણ ને દર્શન કરી લીધાં પછી કોઈ બીજી જ તરફથી બહાર લઈ જવાય છે. ત્યાં હોંશિયારીપૂર્વક એક દુકાન કરેલી છે - ચીની સરકારે જ તો. એમાં ટિ-શર્ટ, નવા ચીતરેલા થાન્ગ્કા વગેરે મળતું હતું. તો રસ્તા પર, તિબેટીઓ ચીજો પાથરીને બેઠાં હતાં. ઘણી ચીજો - કંઠી, બુટ્ટી, ધાતુની ડબ્બી-તાસકો વગેરે - ભારતની હતી. દુકાનમાં પણ ભારતની ને નેપાળની અગરબત્તીઓ વેચાતી હતી. વળી, હું જેને તિબેટી યાક-બટર માનતી હતી તે તો, ખરેખર, નેપાળથી આવતું 'વનસ્પતિ ઘી' નીકળ્યું. દુકાનમાં વેચાતાં પીળા પ્લાસ્ટિકનાં પૅકેટો પર નેપાળી ભાષામાં લખાણ હતું. ઓહ, કેવી નવાઈ! પણ વાત તો સાચી જ ને. યાક-બટર મોંઘું ઘણું પડે. એને જથ્થાબંધ બનાવવાનાં કારખાનાં પણ તિબેટમાં નહીં હોય, ને ઘરમાં ને ઘરમાં કેટલું યાક-ઘી ઊતરે?

અને જે પ્રમાણમાં ઘી વપરાતું જોયું એને પૂરું પાડવા માટે એટલા પ્રમાણમાં યાક - પ્રાણીઓ કદાચ તિબેટમાં હશે પણ નહીં!

(ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

સન્માર્ગે વાળેલી વિદ્યાર્થી-શક્તિ

તા. ૨-૫-૭૧. અત્યારે લગ્નની મોસમ એવી પૂરબહારમાં ખીલી છે કે મને તો કંકોત્રીઓનો મારો જોઈને એક અંગ્રેજી કવિતા યાદ આવી જાય છે. એક બહાદુર સિપાઈ રણમેદાનમાં આગળ વધે છે તે દશ્યનું વર્ણન કરતાં કવિ કહે છે કે,

Cannons to the right of him,
Cannons to the left of him,
Cannons in front of him.

અત્યારે અહીં પણ એવું જ છે : Marraige to the right of him. Marraige to the left of him. Marraige in front of him! અને આ અક્ષરસઃ સાચું છે. અમારા ઘરના દરવાજામાં ઊભા રહો તો જમણી બાજુના પાડોશીની દીકરીનાં લગ્ન છે. ડાબી બાજુએ રહેતા મિત્રના ભાઈનાં લગ્ન, તો સામે બંગલામાં પણ લગ્ન. છેને Marraige to the right of him જ જેવો ઘાટ પણ આપણી લગ્નની સીઝન તો એ રણમેદાન કરતાં પણ આગળ જાય છે. અમારા એક કુટુમ્બીને ત્યાં લગ્નપ્રસંગે કેટલાક મહેમાનોને અમારા ઘરના ઉપરના બે રૂમમાં ઉતારો આપવાનો છે. એટલે કવિતામાં એક ચોથી લીટી ઉમેરાશે : Marraige on top of him !

પણ આ કાગળમાં તો મારે એક જુદી જ ભાત પાડતા સમાચાર લખવા છે. અંગ્રેજી દૈનિકની રવિવારની પૂર્તિમાં એક જૂના સમાચાર આજે વાંચ્યા. વાત છે મદ્રાસમાં આવેલી સ્ટાન્ડર્ડ હેરાલ્ડ મોટરોના કારખાનાની. માલિક અને મજૂરો વચ્ચેના ઝગડાને કારણે કારખાનું મે ૧૯૭૦માં બંધ પડ્યું. વડાપ્રધાન ઇન્દિરા ગાંધીથી માંડીને નાનામોટા કેટલાયે લોકોએ પ્રયત્નો કર્યા પણ સમાધાન ન થયું. એમ ને એમ જાન્યુઆરી ૧૯૭૧ આવી. અને પાર્લમેન્ટની મધ્યસત્ર ચૂંટણી એકાએક જાહેર થઈ. કારખાનું બંધ. મોટરોનું ઉત્પાદન ન થાય એટલે માલિકોને નુકસાન થાય એ તો ખરું, મજૂરોને રોજી ન મળે તે પણ ખરું, ઉપરાંત મોટરોના વેચાણ ઉપર જકાત તરીકે ભારત સરકારને રોજના ૫૦,૦૦૦ રૂપિયાની ખોટ જાય. તામિલનાડુ સરકારને પણ વેચાણવેરાની તેટલી જ ખોટ જાય. પણ બન્ને બાજુ અક્કડ, સમાધાન થાય જ નહિ.

તેવામાં એક નવીન જગ્યાએથી સમાધાન માટે વાટાઘાટો શરૂ થઈ. મદ્રાસના એક પ્રોફેસર રંગનાથને એક નાટકની યોજના કરી. તે નાટકમાં એવી વીગત હતી કે મૂડીવાદીઓનો, સમજાવટથી હૃદયપલટો થાય અને સૌ સારાં વાનાં થાય. આ નાટક ભજવાયા પછી પ્રોફેસરોએ મદ્રાસની જુદી જુદી કોલેજોના વિદ્યાર્થી-યુનિયનના મંત્રીઓને બોલાવ્યા અને આ નાટકમાં જેમ થાય છે તેમ આપણે પણ પ્રયત્ન કરી સ્ટાન્ડર્ડ હેરાલ્ડ મોટરના કારખાનાની હડતાળનું સમાધાન કરાવીએ તેવો પ્રસ્તાવ મૂક્યો. વિદ્યાર્થીઓને તો આ વાત ખૂબ ગમી ગઈ. પૂરા ૧૭ દિવસ સુધી સરકારને, માલિકને, મજૂરોનાં કુટુમ્બોને, મજૂરોના સામ્યવાદી નેતા રામસ્વામીને એમ બધાંને આ પ્રોફેસર અને વિદ્યાર્થીનેતાઓ મળ્યા. આખીયે વાટાઘાટો કેમ ચાલી તે રસપ્રદ છે. છેવટે ફેબ્રુઆરીની ૧૫મીએ મજૂરો અને માલિકો સહમત થયા અને મોટર ફેક્ટરી ચાલુ થઈ! સન્માર્ગે વાળેલી વિદ્યાર્થીશક્તિએ એ કામ કરી બતાવ્યું જે ભલભલા ટ્રેડયુનિયન નેતાઓ કે રાજકીય નેતાઓ નહોતા કરી શકયા.

રાજકારણમાં ફિલ્મી ગીત

તા. ૨૯-૭-૭૩. હમણાં અફઘાનિસ્તાનમાં રાજ્યપલટો થયો. પાકિસ્તાન, ઈરાન અને રશિયાથી ચારે બાજુ ઘેરાયેલો આ નાનો દેશ આમ તો દુનિયાના દેશોની ગણતરીમાં કોઈ રીતે બંધ બેસે તેવો નથી. પણ આપણે તેની સાથે વિશિષ્ટ સંબંધો છે. અંગ્રેજો સામેની આઝાદીની લડતમાં સરહદના ગાંધી અબ્દુલ ગફારખાનની આગેવાની નીચે સરહદ પ્રાન્તના પઠાણોનો જ્વલંત હિસ્સો છે. આ પઠાણોની ભાષા અને અફઘાનોની ભાષા એક જ મૂળની છે. અને પાકિસ્તાન થયા પછી ૧૫ વર્ષ પાકિસ્તાની જેલમાં રહી છેવટે છુટકારો મળ્યો ત્યારથી અબ્દુલ ગફારખાન અફઘાનિસ્તાનમાં વસ્યા છે. આમ, આપણા આ નાનકડા દેશ સાથે વિશિષ્ટ સંબંધો છે.

અફઘાનિસ્તાનના રાજા ઝહીર હવાફેર કરવા રોમ ગયા ત્યારે પાછળથી રાજાના સાળા સરદાર દાઉદખાને રાજાને પદભ્રષ્ટ કરી પ્રજાસત્તાકની ઘોષણા કરી અને પહેલી જ જાહેરાત એ કરી કે મારી જેમ પૂરતું બોલનાર અન્યત્ર વસતા પઠાણોની આઝાદી માટે હું મારાથી બનતું બધું કરીશ.

પ્રજાસત્તાકની સ્થાપના થયા પછી ત્યાંના સમાચાર મેળવવા માટે અન્ય સાધનો બંધ થઈ ગયાં. ફક્ત કાબુલ રેડિયો ઉપરથી જ સમાચાર મળે. આથી ભારત સરકારના વિદેશ ખાતામાં બધા કાબુલ રેડિયો સાંભળતા રહેતા હતા. ક્રાન્તિને બીજે દિવસે કાબુલ રેડિયોએ પહેલા સમાચાર આપ્યા કે રશિયાએ નવા પ્રજાસત્તાકને માન્યતા આપી છે. અને પછી એકાએક કાબુલ રેડિયો પરથી હિન્દી ફિલ્મી ગીતો શરૂ થયાં. ક્રાન્તિના સમયમાં લડાયક ગીતો સિવાય રેડિયો પરથી કાંઈ આવે નહિ. અને આ ભારતીય ફિલ્મી ગીતો કેમ શરૂ થયાં તેનો ભારતના વિદેશખાતામાં અચંબો ફેલાયો. બેત્રણ ગીતો સાંભળ્યાં ત્યારે ખબર પડી કે આ બધાં ફિલ્મી ગીતોનો એક જ સૂર છે

- સંકટ સમયે મિત્રની મદદ કરે તે ખરો મિત્ર. બે-ત્રણ કલાકમાં જ ભારતે અફઘાનિસ્તાનના નવા પ્રજાસત્તાકને માન્યતા આપી દીધી!

ચીનાઓએ પિંગપોંગની રમતની મદદ રાજકારણમાં વાપરી, અમેરિકન હેન્રી કિસિંગરે દરિયાપારની છૂપી મુલાકાત લઈને રાજકારણમાં નવીનતા આણી, પણ સંગીતનો રાજકારણમાં સીધો ઉપયોગ કરવામાં તો અફઘાનો જ પહેલા ગણાય.

બે-ત્રણ હળવી વાતો

તા.૫-૮-૭૩. દાણચોરીથી પરદેશી માલ ભારતમાં આવે છે તે તો જાણીતી વાત છે. પણ દાદાગીરીથી ભારતીય માલ પરદેશ જતો હોય તેવું જાણ્યું છે? બાંગ્લાદેશ આઝાદ થયા પછી પશ્ચિમ પાકિસ્તાનને પાનની મુશ્કેલી પડવા લાગી છે. પહેલાં તો પૂર્વ પાકિસ્તાનથી પશ્ચિમ પાકિસ્તાન પાન જતાં હતાં. હવે તે તો બંધ થઈ ગયાં. ભારત સાથે તો પાકિસ્તાનને કોઈ જાતના વેપારી સંબંધ રહ્યા નથી. એટલે આજકાલ ભારતથી પાનના ટોપલા દાણચોરીથી પાકિસ્તાન મોકલવાનો ધીકતો વ્યવહાર શરૂ થઈ ગયો છે. ભારતની સરહદેથી ઊંટની પીઠ ઉપર પાનનો ટોપલો બાંધી તેની ઉપર લૂગડું ઓઢાડી ઊંટને તગડી મૂકે. ચરતું ચરતું ઊંટ રાજસ્થાન સરહદથી થરપાકરમાં આવે એટલે તેને પકડીને પાન ઉતારી લે. આમ ઊંટ, ભેંસ, ગધેડા વગેરેનો ઉપયોગ થતો હતો. તાજેતરમાં જ ભારતીય બૉર્ડર સૈનિકોએ આવા રખડતા ઊંટો પકડી પાડ્યા ત્યારે દાણચોરીની આ લીલા પકડાઈ.

તા.૧૦-૬-૭૪. અમારે ત્યાં આજકાલ ટપાલમાં ખૂબ જ શિથિલતા દાખલ થઈ ગઈ છે. પરમદા'ડે સાંજે ૭-૦૦ વાગે ટપાલી ટપાલ દેવા આવ્યો. અમે પૂછ્યું કે કેમ આટલું મોડું? તો તેનો જવાબ જાણવા જેવો છે : 'મૂળ તમારો જે ટપાલી છે તે રજા પર ગયો છે. અત્યાર સુધી તો અમે અંદર અંદર સમજીને કામ વહેંચી લેતા. પણ સરકારને તેની કદર નથી એટલે અમે તો અમારા ઝોનની ડિલીવરી કરી લીધી અને પછી સાંજના પાંચ વાગ્યા પછી રજા ઉપરના ટપાલીની ડિલીવરી હાથ પર લીધી, જેથી સરકારને ઓવર ટાઈમ આપવો પડે!'

હું ગયે વર્ષે ઈટલી ગયો હતો. ત્યાંના ટપાલખાતા વિષે ઘણું સાંભળ્યું હતું. મારે રોમથી પેરિસની ટિકિટ બદલવી હતી અને તે માટે ટ્રિએસ્ટથી રોમ ટિકિટ મોકલવાની હતી. મેં કહ્યું કે વખત ઘણો છે એટલે ટપાલમાં મોકલી આપીએ તો ટ્રાવેલ એજન્ટ કહે - ભૂલેચૂકે એવું કરશો નહિ. તમે ટપાલમાં મોકલશો તો ક્યારે તે પહોંચશે તેનો કાંઈ ભરોસો નહિ! મહિને પહોંચે અને બે મહિને પણ પહોંચે. એના કરતાં તો રૂબરૂ રોમ જઈ આવવું સારું!

આ સાંભળીને મને તે વખતે તો બહુ નવાઈ લાગેલી. પણ હવે લાગે છે કે વખત જતાં ભારતીય ટપાલખાતું પણ ઈટલી જેવા વિકસિત દેશના ટપાલખાતાની બરોબરી કરતું થઈ જશે! પ્રગતિનો જમાનો છે ને!

તા.૨૬-૪-૮૧. સામાન્ય રીતે આપણાં ગુજરાતી છાપામાં એવું બહુ ઓછું આવે છે જે વાંચવાથી આપણા સામાન્ય જ્ઞાનમાં વધારો થાય. પણ આજના છાપામાં એવી કેટલીક માહિતી છે. ગુજરાતીમાં ગદ્યની શરૂઆત સરસ્વતીચંદ્રથી થઈ એમ આપણે માનીએ છીએ. આવી રીતે હિન્દી સાહિત્યમાં હિન્દી ગદ્યના જન્મદાતા તરીકે લલ્લુજીલાલ ગણાય છે. આ લલ્લુજીલાલ ગુજરાતી હતા. આગ્રાના રહેવાસી હતા અને કલકત્તાની ફોર્ટ સેન્ટ વિલિયમ કૉલેજમાં શિક્ષક હતા. અમારા છાપાના કહેવા પ્રમાણે લલ્લુજીલાલ ગુજરાતના ઔદિચ્ય બ્રાહ્મણ હતા.

ભારતીય ભાષાઓમાં સૌથી વધુ ફેલાવો ધરાવતાં અખબારોમાં કેરળનું 'મલયાલમ મનોરમા' પહેલું સ્થાન ધરાવે છે. પણ કેરળમાં ધાર્મિક ગુરુઓનાં ધાર્મિક પત્રો બાદ કરતાં, મલયાળી પત્રકારિત્વનો જન્મદાતા પાછો એક ગુજરાતી હતો - દેવજી ભીમજી. આમ તો તે વેપારી હતો. તેણે પહેલવહેલું 'કેરળ મિત્રમ્' નામનું મલયાળી પત્ર કાઢ્યું. પત્રને આર્થિક મુશ્કેલી ઘણી હતી. ૧૮૮૧માં તે સાપ્તાહિક થયું. ૧૯૦૪માં અઠવાડિયાના બે અંકો અને ૧૯૨૧થી દૈનિક થયું અને આજે એ સૌથી બહોળો ફેલાવો ધરાવતું દૈનિક છે. આ દેવજી ભીમજી પત્રકાર નહોતો. વેપારના ભાગ તરીકે જ તેણે છાપું શરૂ કરેલું. □



પ્રફુલ્લ એ. પરીખ

(ગતાંકથી ચાલુ)

નક્ષત્રો

જે તારકગુચ્છો પાસે થઈ જુદી જુદી રાત્રિઓએ ચંદ્ર પસાર થાય છે તે તારકગુચ્છો ઉપરથી દરરોજનું (અથવા તો દર રાત્રિનું) ચંદ્રનું સ્થાન દર્શાવવાની પ્રથા ઘણાં પ્રાચીન રાષ્ટ્રોમાં વિકસી હતી. આવા તારકગુચ્છોની સંખ્યા ૨૭ કે ૨૮ થતી. સંખ્યાની આ સંદિગ્ધતાનું કારણ એ છે કે ચંદ્રનો મધ્યમાંનો નક્ષત્ર પરિભ્રમણ કાળ લગભગ ૨૭૧/૩ દિન છે અને ખરેખરો સમય તેના કરતાં ૭ કલાક આગળ-પાછળ હોઈ શકે અને આથી અપૂર્ણાંકો ગણતરીમાં ન લેવા પ઼ માટે ૨૭નો આંકડો સ્વીકારવામાં આવ્યો હતો.

ચાંદ્ર રાશિચક્રનો ચીનાઓ તથા આરબો પણ ઉપયોગ કરતા; તેઓ આ રાશિચક્રને અનુક્રમે હ્સયુ (HSIU) તથા મંઝિલ (Manzil) કહેતા. બંને શબ્દોના અર્થ ભવન થાય છે.

ભારતના સૌથી પુરાણા ધર્મગ્રંથો ઋગ્વેદ વગેરેમાં નક્ષત્રોનાં નામ મળી આવે છે. પરંતુ બધાં નક્ષત્રોની પૂરેપૂરી યાદી સર્વ-પ્રથમ યજુર્વેદમાં જોવા મળે છે. પુરાણા સમયમાં જ્યોતિષશાસ્ત્ર સંપૂર્ણપણે નક્ષત્રો ઉપર આધારિત હતું. નક્ષત્રોનો ઉપયોગ ભારતીય પંચાંગોની વિશેષતા છે.

આકાશી યાત્રા કરતા સૂર્ય અને ચંદ્ર દરરોજ એક પછી એક એમ ૨૭ નક્ષત્રો આગળ થઈને પસાર થતા હોય છે. અને એ રીતે પોતાનું સ્થાન બદલતા રહે છે. ૨૭ નક્ષત્રો (અભિજિત સાથે ૨૮) વડે બનતા ચક્રને નક્ષત્રચક્ર કહેવામાં આવે છે. બધાં નક્ષત્રો એકસરખાં નથી. વળી, તે એકબીજાંથી સરખે અંતરે પણ આવેલાં નથી. તેમના તારાની સંખ્યા પણ એકસરખી નથી. નક્ષત્ર એ તારાઓનો સમૂહ નથી તેથી એક તારાને પણ નક્ષત્ર કહી શકાય.

દરેક નક્ષત્ર લગભગ ૬૦ ઘડીનું હોય છે. ઉત્તરાષાઢાની છેલ્લી ૧૫ ઘડી તથા શ્રવણની પહેલી ૪ ઘડી મળીને ૧૯ ઘડીનું અભિજિત નક્ષત્ર થાય છે. આથી તે બંને નક્ષત્રો ઘટીને અનુક્રમે ૪૫ અને ૫૬ ઘડીનાં બને છે.

ચંદ્ર આકાશમાં ઝડપથી વિચરે છે, જ્યારે સૂર્ય ધીમેથી. ચંદ્રના અને સૂર્યના નક્ષત્રભ્રમણ વચ્ચે ફરક હોય છે. ચંદ્રને એક નક્ષત્ર પસાર કરવામાં એક દિવસ લાગે, જ્યારે સૂર્યને ૧૩ થી ૧૪ દિવસ લાગે. ચંદ્રને પૂરા નક્ષત્રચક્રને પૂનમથી પૂનમ યા અમાસથી અમાસ સુધીના આકાશીમાર્ગને આંટો મારતાં લગભગ એક મહિનો લાગે ત્યારે સૂર્યને પૂરું એક વર્ષ.

એક વર્ષની અવધિમાં ચંદ્ર બાર જેટલાં ચક્કર મારી લે છે. વર્ષના આ રીતે બાર માસ પડ્યા છે. પૂનમને દિવસે ચંદ્ર જે નક્ષત્ર આગળ હોય તેવાં બાર નક્ષત્રો ઉપરથી ચાંદ્રમાસનાં નામ પડ્યાં છે. નક્ષત્રો સાથે રાશિ અને ગ્રહોને સંબંધ છે.

આકાશમાં સૂર્ય જે માર્ગે વર્ષ દરમિયાન પસાર થાય છે તે સંપૂર્ણપણે ૩૬૦°નું આકાશી વર્તુળ છે. આ માર્ગને ક્રાંતિવૃત્ત કહેવામાં આવે છે. અને એના ૧૩°૨૦" (૩૬૦÷૨૭ = ૧૩°૨૦")ના ૨૭ સરખા ભાગ પાડવામાં આવ્યા છે. દરેક ભાગનાં અલગ અલગ નક્ષત્ર નામ તેની બાજુમાં આવેલાં તારાઝૂમખાંસમૂહ ઉપરથી પાડવામાં આવ્યાં છે. આ તારાઝૂમખાને પણ નક્ષત્ર કહેવામાં આવે છે અને તેને તારાત્મક નક્ષત્ર તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે ક્રાંતિવૃત્તના ભાગવાળાં નક્ષત્રોને વિભાગાત્મક નક્ષત્રો કહેવાય છે. તેને પંચાંગમાં દર્શાવવામાં આવે છે. દરેક નક્ષત્રનાં ૪ ચરણ ગણાય છે એટલે ૨૭ નક્ષત્રના - નક્ષત્રચક્રના - ૧૦૮ ભાગ ગણાય છે.

નક્ષત્રોને તેમના વિવિધ આકાર ઉપરથી ઓળખી શકાય છે. તેમનાં નામ એમના દ્વારા ઊપસતી આકૃતિઓના આધારે પાડવામાં આવ્યાં છે. આ રીતે પડતા ભાગોને તે એકબીજા સાથે સરખા પ્રમાણવાળા ન હોવાથી તેમને વિષમ વિભાગાત્મક નક્ષત્રો કહેવામાં આવે છે. આ વિષમ વિભાગાત્મક નક્ષત્રપૂંજોમાંથી પસાર થતાં ચંદ્રને કેટલાક માટે ૩૦, કેટલાકમાં ૬૦ અને કેટલાકમાં ૯૦ ઘડી જેટલો સમય લાગે છે.

અત્યારે નક્ષત્રોનો આરંભ અશ્વિની નક્ષત્રથી થાય છે. કાન્તિવૃત્ત તથા વિષુવવૃત્તના એક જ બિંદુથી વસંતસંપાતથી રાશિઓ તથા નક્ષત્રોની શરૂઆત થાય છે. આને મેષારંભબિંદુ પણ કહેવામાં આવે છે. ભારતીય નક્ષત્રોનાં આરંભબિંદુ અને અંતબિંદુ કેવી રીતે નિશ્ચિત થયાં હતાં તે વિષે કશી માહિતી આપણને ઉપલબ્ધ નથી.

૨૭ નક્ષત્રો પૈકી ચોમાસાનાં નક્ષત્રો નવ છે. વર્ષાઋતુનો આરંભ આર્દ્રા નક્ષત્રથી થાય છે.

તિથિઓની વધઘટની પેઠે ચંદ્રનક્ષત્રની પણ વધઘટ થતી રહે છે. એ વધઘટના હિસાબ પણ તિથિ જેવા છે.

નક્ષત્રો તથા તેના યોગતારાઓનાં નામ

નં.	નક્ષત્રનું નામ	યોગતારાઓનું યુરોપીય નામ
૧	અશ્વિની (૧૨)	બીટા એરીટીસ
૨	ભરણી	૪૧, એરીટીસ (મસ્કા)
૩	કૃત્તિકા (૧)	ઈટા ટોરી (આલ્સિઅની)
૪	રોહિણી	આલ્ફા ટોરી (આલ્કીબરાન)
૫	મૃગર્શીષ (૨)	લાંબ્ડા ઓરાયનિસ
૬	આર્દ્રા	આલ્ફા ઓરાયનિસ
૭	પુનર્વસુ	બીટા જેમિનોરમ (પોલક્ષ)
૮	પુષ્ય (૩)	ડેલ્ટા કેન્દ્રો
૯	આશ્લેષા	આલ્ફા કેન્ક્રી
૧૦	મઘા (૪)	આલ્ફા લિયોનિસ (રેગ્યુલસ)
૧૧	પૂર્વા ફાલ્ગુની	થીટા લિયોનિસ
૧૨	ઉત્તરા ફાલ્ગુની (૫)	બીટા લિયોનિસ (ડેનિ બેલા)
૧૩	હસ્ત	ડેલ્ટા કર્વી (અલ્ગોરાબ)
૧૪	ચિત્રા (૬)	આલ્ફા વર્જિનિસ (સ્પાયકા)
૧૫	સ્વાતિ	આલ્ફા બૂટિસ (આર્કટ્યૂર)
૧૬	વિશાખા (૭)	આલ્ફા લિબ્રા
૧૭	અનુરાધા	ડેલ્ટા સ્કોર્પી
૧૮	જ્યેષ્ઠા (૮)	આલ્ફા સ્કોર્પી (એન્ટારિસ)
૧૯	મૂળ	૪૫ ઓફિચાઈ
૨૦	પૂર્વાષાઢા (૯)	ડેલ્ટા સેગીટેરી
૨૧	ઉત્તરાષાઢા	સિગ્મ સેગીટેરી
૨૨	શ્રવણ (૧૦)	આલ્ફા એકિવલી (આલ્ટેર)
૨૩	ઘનિષ્ઠા	આલ્ફા ડેલ્ફિની (સ્વેલોસીન)
૨૪	શતતારા	લાંબ્ડા એકવેરિયસ
૨૫	પૂર્વા ભાદ્રપદી	આલ્ફા પેગાસી (માડાબ)
૨૬	ઉત્તરાભાદ્રપદી (૧૧)	અલ્ફેરાટ આલ્ફા એન્ડોમિડી
૨૭	રેવતી	ઝીટા પિશ્યમ, મ્યુ પિશ્યમ
૨૮	અભિજિત	આલ્ફા લિટી (વેગા)

નક્ષત્રોનાં નામની પાછળના અંકો જે નક્ષત્રો ઉપરથી ભારતીય મહિનાઓનાં નીચેનાં નામ પડ્યાં છે તે દર્શાવે છે.

૧	કાર્તિક-કારતક	૭	વૈશાખ
૨	માગશર	૮	જ્યેષ્ઠ-જેઠ
૩	પોષ	૯	અષાઢ
૪	મહા	૧૦	શ્રાવણ
૫	ફાગણ	૧૧	ભાદ્રપદ-ભાદરવો
૬	ચૈત્ર	૧૨	આશ્વિન-આસો

નક્ષત્રોનાં નામ દરેકના તારાની સંખ્યા, આકાર અને તેમનાં સ્થાન કવિશ્રી દલપતરામ ખૂબ જ સારી રીતે એમના નીચેના કાવ્યમાં સમજાવે છે. દરેક નક્ષત્રની ઉપર એમના ક્રમાંક આપ્યા છે. ૨૭ નક્ષત્ર પૂરાં થતાં ફરી એ જ આવતા ક્રમાંક જે તે નક્ષત્રનો આકાર દર્શાવે છે, જેમ કે અશ્વિનીના[૧]-તુરંગનું[૧] તુંડ.

નક્ષત્રો


તારા અશ્વિની[૧]ના ત્રૈણ, ત્રૈણ તારા ભરણી[૨]ના,
કૃતિ[૩]કાના છ છે, પાંચ રોહિણી[૪] વખાણીએ;
ત્રૈણ મૃગ[૫]શિર તણા, આ[૬]રદ્રાનો એક એવો,
પુ[૭]નર્વસુ ચાર, ત્રૈણ પુષ્ય[૮]ના પ્રમાણિયે;
અશ્લેષા[૯]ના પાંચ પૂરા માનિયે મ[૧૦]ઘાના પાંચ,
પૂરવા[૧૧]ના જોડ, જોડ ઉત્તર[૧૨]ના જાણિયે;
પં[૧૩]ઝાના તો પાંચ, ચિત્રા[૧૪] સ્વાતી[૧૫] તણા એક એક
ચાર વિશાખા[૧૬] ને અનુ[૧૭]રાધા ઉર આણિયે.
તારા તો જ્યેષ્ઠા[૧૮]ના ત્રૈણ, મૂળ[૧૯]ના અગ્યાર સાર
પૂર[૨૦]વા ઉત્તરા[૨૧]ષાઢા બબે પૂરા પેખિયે.
અભિજિત[૨૨] તારા ત્રૈણ, ત્રૈણ તારા શ્રવણ[૨૩]ના,
ઘનિષ્ઠા[૨૪]ના ચાર, શતભિષા[૨૫]ના સો દેખિયે.
પૂરવા[૨૬] ઉત્તરા ભાદ્રપદ[૨૭]ના પલંગ જેવા
બબે મળી ચાર પાયા જેવા જાણી લેખિયે.
રેવતી[૨૮] બત્રીસ : એવી રીતે અઠ્ઠાવીસ જોઈ
જતાં થોડી રાત રૂડા અંતરમાં રેખિયે.
તુરંગનું[૧] તુંડ, ને ત્રિકોણ[૨] છે, સજા[૩]યો સારો,
ગાડી[૪] મૃગમ[૫]સ્તક મણિ[૬] તણે પ્રકાર છે;
ગૃહકાર[૭] બાણા[૮]કાર ચક્ર[૯] ને મંદિરાકાર[૧૦], પલંગના[૧૧]
પાયાસાર[૧૨] બે મળીને ચાર છે.
પંઝા[૧૩] મોતી[૧૪] ને પ્રવાળ[૧૫] તોરણ[૧૬] બળદ[૧૭] તેવો
કુંડળ[૧૮] કેસરીપૂછ[૧૯] મયંક[૨૦] આકાર છે
કરિદંત[૨૧] ત્રિકોણ[૨૨] ત્રિપદ[૨૩] તથા ઢોલડી[૨૪] છે ચારણી[૨૫]
ચોપાયા[૨૬] જોટે[૨૭] મૃદંગ[૨૮] સુભાર છે.
કૃત્તિકા રોહિણી અને પુષ્ય અશ્લેષા ને ચાત્રા,
શ્રવણાદિ ત્રણ રેવતી તે મધ્યાચારી છે;
અશ્વિની ભરણી મઘા ફાલ્ગુની બે સ્વાતિ તથા
વિશાખા બે ભાદ્રપદ ઉત્તરે ઉતારી છે,
મૃગશિર આરદ્રા ને પુનર્વસુ હસ્ત અનુરાધા.
જ્યેષ્ઠા મૂળાષાઢા દક્ષિણમાં ધારી છે,
નવ મધ્યચારી છે ને નવ છે ઉત્તરચારી
દક્ષિણી છે નવ; સૌની શોભા સારી છે.

- કવિશ્રી દલપતરામ

યોગ અને કરણ

યોગ

યોગની સંખ્યા નક્ષત્રની પેઠે ૨૭ છે. તારાત્મક નક્ષત્રની મદદથી સામાન્ય માણસ કોઈ પણ રાત્રે ચંદ્ર કયા નક્ષત્રમાં છે તે કહી શકે છે. અલબત્ત, એ રીતે ચંદ્રનક્ષત્ર કહેવામાં એકાદ, વિભાગાત્મક નક્ષત્રનો ફરક પડવા સંભવ છે.



રાશિ-નક્ષત્ર ચક્ર : ઋતુઓ, રાશિચક્ર, નક્ષત્રો અને મહિનાઓનો એકબીજા સાથે સબંધ
૧૩°૨૦' = નક્ષત્ર - ૨૭ નક્ષત્ર = ૩૬૦°
૩૦° = રાશિ - ૧૨ રાશિ = ૩૬૦°

યોગનું નક્ષત્ર જેવું નથી. વળી, સામાન્ય માનવી માટે, તિથિ યા નક્ષત્ર પેઠે મહત્ત્વ ધરાવતી બાબત નથી, યોગ નિશ્ચિત કરવા સૂર્ય અને ચંદ્રના સાયન ભોગો - આકાશી રેખાંશનો સરવાળો કરવો પડે છે. એ સરવાળો ૧૩°.૨૦' (°અંશ-'કળા) અગર તેના ગુણકમાં થાય ત્યારે એક યોગ થાય છે. ૨૬°.૪૦' થતાં બે યોગ થાય છે વગેરે. યોગ અંગેનો સરવાળો ૩૬૦° યા ૦° થતાં યોગચક્ર પૂરું થઈ નવું ચક્ર શરૂ થાય છે. યોગચક્રની શરૂઆત વિષ્કંભથી અને અંત વૈધૃતિ યોગથી થાય છે. આ યોગોની વચ્ચે 'વ્યતિપાત' યોગ થાય છે.

નવા યોગો

૧ વિષ્કંભ	૧૦ ગંડ	૧૯ પરીઘ
૨ પ્રીતિ	૧૧ વૃદ્ધિ	૨૦ શિવ
૩ આયુષ્યમાન	૧૨ ધ્રુવ	૨૧ સિદ્ધ
૪ સૌભાગ્ય	૧૩ વ્યાઘાત	૨૨ સાધ્ય
૫ શોભન	૧૪ વ્યતિપાત	૨૩ શુભ
૬ અતિગંડ	૧૫ હર્ષણ	૨૪ શુક્લ
૭ સુકર્મા	૧૬ વજ્ર	૨૫ બ્રહ્મ
૮ ધૃતિ	૧૭ સિદ્ધિ	૨૬ ઐંદ્ર
૯ શૂળ	૧૮ વરિયાન	૨૭ વૈધૃતિ

નીચેના યોગોની અમુક ઘડીઓ શુભ કર્મમાં ત્યાગવા યોગ્ય ગણાય છે.

૧ વિષ્કંભ - પહેલી ૩ ઘડી
૧૦ ગંડ - પહેલી ૩ ઘડી
૬ અતિગંડ - પહેલી ૬ ઘડી
૧૩ વ્યાઘાત - પહેલી ૯ ઘડી
૯ શૂલ - પહેલી ૫ ઘડી
૧૬ વજ્ર - પહેલી ૩ ઘડી
૧૯ પરિઘ અગર પૂર્વાર્ધ ૯ ઘડી

૧૪ વ્યતિપાત અને ૨૭ વૈધૃતિ શુભ કર્મો માટે સંપૂર્ણ વજર્ય મનાયા છે. બાકીના બધા જ યોગો શુભ મનાયા છે.

કરણ

કરણ તિથિનું અર્ધ છે. સૂર્ય અને ચંદ્ર વચ્ચે ૬°નું અંતર પડવા માટે જે સમય લાગે તેને કરણ કહેવામાં આવે છે. ચંદ્રની કુલ તિથિઓ ૩૦ છે અને તેનાં કરણ ૬૦ છે. ૬૦ કરણો પૈકી ૩૦ કરણ તિથિની સમાપ્તિ સાથે પૂરાં થાય છે. જ્યારે બાકીનાં ૩૦ તિથિની મધ્યમાં સમાપ્ત થાય છે. પંચાંગમાં તિથિની મધ્યમાં સમાપ્ત થનારાં કરણોનો સમાપ્તિકાળ આપવામાં આવે છે.

કરણ બે પ્રકારનાં હોય છે : સ્થિર અને ચલ.

સ્થિર કરણો :

૧ શકુનિ · કૃષ્ણપક્ષ ૧૪નો બીજો અર્ધભાગ
૨ ચતુષ્પાદ- અમાવાસ્યા પૂર્વાર્ધ
૩ નાગ - અમાવાસ્યા પરાર્ધ
૪ કિંસ્તુઘ્ન - ચાંદ્રમાસમાં એક જ વખત આવે; શુક્લ પ્રતિપદા પૂર્વાર્ધ ચર કરણો

૧ બવ, ૨ બાલ્વ શુક્લ પ્રતિપદાના, ૩ કૌલવ ઉત્તરાર્ધથી અનુક્રમે, ૪ તૈતિલ આવે, ૫ ગર, ૬ વણિજ, ૭ વિષ્ટિ (ભદ્રા) આ સાત કરણો, શુભ કર્મોમાં ત્યાગવામાં આવે છે.

ચલ કરણ જાણવા માટેનું સૂત્ર (તિથિ-૧) x ૨ શેષ તુલ્ય બળથી ગણતાં તે તિથિના પૂર્વાર્ધનાં કરણ થાય.

સામાન્ય માણસો માટે કરણ મહત્ત્વની બાબત નથી. યોગ અને કરણનો ઉપયોગ જ્યોતિષીઓ કરતા હોય છે. (ક્રમશઃ)

—— વિજ્ઞાન-કથા ——

હિમયુગ આવી રહ્યો છે

—— લેખક : પ્રો. જયંત નારલીકર - અનુવાદક : યજ્ઞેશ દવે ——

'ડેડિ, ડેડિ, ઊઠો, જલ્દી ઊઠો, જુઓ તો બહાર-કેટલો બધો બરફ છે! કેવું રોમાંચક દશ્ય છે, નહીં ?' છોકરાઓના કલશોરે રાજીવ શાહને સવારની ગાઢ નિદ્રામાંથી આ રીતે જગાડ્યા. પહેલાં તો તેને ખબર જ ન પડી કે આ બધું શું હતું? કવિતા અને પ્રમોદ આટલાં આનંદમાં કેમ હતાં?

કવિતાએ પૂછ્યું : 'ડેડી, અમે નીચે જઈને બરફમાં રમીએ?'

'બરફ? અહીં મુંબઈમાં? એ કેવી રીતે બને?'

રાજીવ ત્વરાથી ઊઠ્યો અને બારી બહાર જોયું. માનવામાં ન આવતું હોય તેમ તે તાકી રહ્યો. હા, વાત સાચી હતી. બરફ પડ્યો હતો. હિમવર્ષા થઈ હતી. બે ઘરો વચ્ચે બરફની સફેદ જાજમ પથરાઈ ગઈ હતી. અચાનક તેને ખ્યાલ આવ્યો કે વાતાવરણમાં કેટલી ઠંડી હતી. છોકરાંઓએ પુલ ઓવર પહેર્યાં હતાં, આથી વિશેષ કાંઈ જ નહીં. અને આમેય મુંબઈમા ગરમ કપડાંની જરૂર પણ ક્યાં પડતી? ઊટીથી આ કપડાં ખરીદ્યાં ત્યારે કલ્પનાય ન હતી કે તેનો ઉપયોગ કરવો પડશે.

'નહીં, નીચે જશો નહીં.' રાજીવે ઠંડીમાં ધ્રૂજતાં ધ્રૂજતાં જવાબ આપ્યો. પછી શાલને લપેટતાં હળવેકથી કહ્યું : 'એના બદલે આપણે અગાશીમાં જઈએ. તમારાં બૂટ-મોજાં પહેરી લો.'

પ્રમોદ અને કવિતા આગળ દોડી ગયાં. રાજીવે પોતાના માટે જાડી શાલ કાઢી. તેને થયું કે તેની પાસે રૂમહીટર હોત તો સારું થાત. અરે! આ કડકડતી ઠંડીમાં સગડી પણ સારી લાગત.

ગયા અઠવાડિયાથી હવામાન બદલાયું હતું. આ હિમપ્રપાત એની ચરમ સીમા હતી. સામાન્ય રીતે પારો ૧૫ ડિગ્રી સેન્ટિગ્રેડથી નીચે ઊતરે એટલે મુંબઈગરાઓ ઠંડીની ફરિયાદ શરૂ કરી દે. ગઈ કાલે દિવસનું તાપમાન ૫ ડિગ્રી હતું અને રાત્રે તો પારો શૂન્યથી નીચે ઊતરી ગયો. વાતાવરણમાં આવો પલટો અણધાર્યો હતો. જાણકારો પણ વિમાસણમાં મુકાઈ ગયા હતા. આ બધું ક્યાં લઈ જશે?

અગાશીના ઉપરના પગથિયેથી પ્રમોદ બોલ્યો : 'પપ્પા, ઉપર આવોને. '

રાજીવને પોતાનો અપાર્ટમેન્ટ હતો, ઉપરનો માળ હતો અને અગાશી હતી. આટલી સગવડથી તેઓ ખુશ હતા.

'હું ઉપર આવું છું પણ તમે લોકો જરા સંભાળજો. ત્યાં લપસણું હશે.'

રાજીવ જ્યારે પગથિયાં ચડ્યો ત્યારે પગ જાણે પાછા પડ્યા. ઉપર તો કેટલી ઠંડી હશે.

અગાશી પર પહોંચીને તેણે જે દશ્ય જોયું તેથી તે આશ્ચર્યચકિત થઈ ગયો. ઠંડીનો ખ્યાલ જ ન રહ્યો. મુંબઈની બાફવાળી ગરમીને સ્થાને ક્રિસમસ કાર્ડમાં કોઈ યુરોપિયન શહેરનું દશ્યચિત્ર જોતો હોય તેવું લાગ્યું. હિન્દુ કૉલોનીની બંને તરફનાં વૃક્ષો પણ બરફથી છવાઈ ગયાં હતાં. ફૂટપાથ અને રસ્તાઓ ટ્રાફિકને લીધે સફેદ અને કાળાનાં મિશ્રણ જેવાં મેલાં લાગતાં હતાં. દાદર તરફ જતી રેલવે લાઈન સૂમસામ લાગતી હતી.

'હું શરત લગાવું છું કે સેન્ટ્રલ રેલવે તો બંધ જ થઈ ગઈ હશે. આમેય તેને કંઈક બહાનું જ જોઈતું હોય છે.' તે સ્વગત ગણગણ્યો : 'મને આશ્ચર્ય છે પશ્ચિમ રેલવેની શી હાલત હશે?' તેના પ્રશ્નનો જાણે જવાબ આપતી હોય તેમ અવાજ કરતી એક ટ્રેઈન માહિમ તરફ દોડી ગઈ.

રાજીવને તેણે પાંચ વરસ પહેલાં મારેલી શરત યાદ આવી. તે શરત તેને તે વખતે જીતી શકાય તેવી સુરક્ષિત લાગી હતી. વસંતે પૂછ્યું હતું : 'મુંબઈમાં હિમવર્ષા થશે?'

તેણે જવાબ આપ્યો હતો : 'કદી નહીં.' અને વસંતે દલીલ કરી હતી કે, 'આવતાં દસ વર્ષમાં જ હિમવર્ષા થશે.' અને આજે વસંતની વાત સાચી પડી - અને તે પણ પાંચ વરસમાં જ.

પાંચ વરસ પહેલાં વૉશિંગ્ટન - અમેરિકામાં ભારતીય એલચીને ઘરે લેક્ચર ટુર પર નીકળેલા પ્રોફેસર વસંત ચિટનીસને તે મળ્યો હતો. ભારતીય એલચીએ વૉશિંગ્ટન ડી.સી., મેરીલેન્ડ અને વર્જિનિયાથી કેટલાક પત્રકારો અને વિજ્ઞાનીઓ તેમને ત્યાં આમંત્ર્યા હતા. રાજીવ એક પત્રકાર તરીકે ત્યાં ગયો હતો. વિજ્ઞાન અને રાજકારણના વિષયો પર સામાન્ય ગપસપ ચાલતી હતી. આ બધાં વચ્ચે વસંત તેની પાસે શાંતિથી બેઠો હતો. આવી પાર્ટીઓ અને વાતોનો તે માણસ જ ન હતો. પણ.....

ઉત્તેજનાપૂર્વક એક ખબરપત્રી ઉત્તેજનાથી અંદર ધસી આવ્યો અને બોલ્યો, 'ટેલિપ્રિન્ટર પર હમણાં જ સંદેશો મળ્યો છે કે વિસુવિયસ ફરી ફાટ્યો છે.'

'ઓ ભગવાન! ત્રણ મહિનામાં આ ચોથો જ્વાળામુખી ફાટ્યો. ધરતીમાતાના પેટમાં કશીક ગરબડ થઈ લાગે છે.' રાજીવે વસંતને કહ્યું. વસંતે ટૂંકમાં જવાબ આપ્યો :

'આપણે તેના પેટ કરતાં તેની સપાટીની વધારે ચિંતા કરવી જોઈએ.'

'એટલે તમે શું કહેવા માગો છો ?' રાજીવે કહ્યું.

'હા, વસંત, એ વિશે તમે કંઈક ફોડ પાડીને કહો.' મેરીલેન્ડ યુનિવર્સિટીના એક પ્રોફેસરે ઉમેર્યું.

'વારુ, જ્યારે જ્વાળામુખી ફાટે છે ત્યારે બધી જ વસ્તુ પૃથ્વી પર પડતી નથી. કેટલાક ઉત્સર્જિત પદાર્થો વાતાવરણમાં ફેંકાય છે. આ પદાર્થો જો અમુક માત્રા કરતાં વધારે હોય તો તે વાતાવરણમાંનું સંતુલન ખોરવી નાખે છે. મને ડર છે કે, આપણે એ મર્યાદા વટાવી ન હોય તો પણ તેની નજીક તો પહોંચી જ ગયા છીએ.' વસંતે ચિંતાજનક સૂરે કહ્યું.

'વાતાવરણનું સંતુલન ખોરવાઈ જવું એટલે? તેની શું અસરો થાય?' આ વાતમાંથી કોઈ ન્યૂઝ સ્ટોરી મળશે તેમ ધારી પ્રશ્ન પૂછતાં અમેરિકન રિપોર્ટરે લખવા માટે પેડ કાઢ્યું. રિપોર્ટરની આંખમાં આંખ પરોવી વસંતે તેને ભડકાવ્યો :

'જો હું તમને એમ કહું કે તમારે તમારું પાટનગર વૉશિંગ્ટનને બદલે હોનોલુલુ ફેરવવું પડશે તો?'

'કેમ, એવી શું જરૂર છે?' રિપોર્ટરે પૂછ્યું.

હસતાં હસતાં વસંતે જવાબ આપ્યો : 'તમને રિપોર્ટરોને કોયડાઓ ન ગમતા હોય તો જવાબ હું જ આપું. લઘુ હિમયુગના આગમન સાથે તમારે ન્યૂ યૉર્ક, શિકાગો અને વૉશિંગ્ટન જેવાં તમારાં ઉત્તરનાં શહેરો ખાલી કરવાં પડશે.'

વસંત વાતને વિસ્તારે તે પહેલાં જ સ્ટેટ ડિપાર્ટમેન્ટના કોઈ વી.આઈ.પી. આવ્યા અને ચર્ચામાં વિક્ષેપ પડ્યો. વાતચીત સામાન્ય હતી પણ રાજીવ વસંતને વધુ વિગતવાર પૂછવા માગતો હતો. બીજી વખત જ્યારે મોકો મળ્યો ત્યારે રાજીવે તે ઝડપતાં સીધી મૂળ વાત જ કાઢી.

'તમારાં કોઈ પણ વિધાનો પાછળ ખાતરીબંધ પુરાવા હોય છે તેવી તમારી નામના છે, પણ હિમયુગ વિશેની આગાહી તાણી-તૂસેલી, અતિકાલ્પનિક નથી લાગતી ? હું તમારા ક્ષેત્રનો નથી પણ મને એવું લાગે છે કે આવતાં હજારો વરસો સુધી બીજો હિમયુગ આવવાની કોઈ જ શક્યતાઓ નથી. છતાં બેશક સામાન્ય ડહાપણ...'

'તે વાત સાચી નથી.' વસંતે પાપડ ખાતાં ખાતાં જવાબ આપ્યો : 'આપણી પૃથ્વી પર સાંપ્રત પર્યાવરણતંત્રનું નાજુક સંતુલન ખોરવાઈ રહ્યું છે અને તેને લીધે આ દુર્ઘટના આવતાં દસ વર્ષમાં જ થઈ શકે તેમ છે. છતાં મિ. શાહ તમારે ચિંતાનું કારણ નથી. તમે સુરક્ષિત હશો. વિષુવવૃત્તની બંને બાજુ ૨૦' અક્ષાંસ સુધીના પટ્ટામાં હિમયુગની ખાસ અસર નહીં થાય.'

'નાનપણમાં ઠાંસી ઠાંસીને અમને જે ભૂગોળ ભણાવવામાં આવી હતી તેમાંથી મને કેટલુંક યાદ છે. તેમાંની એક વાત એ પણ છે કે મુંબઈ ૧૯ ઉત્તર અક્ષાંસ પર આવેલું છે અને તમે જે પટ્ટીની વાત કરો છો તેની નજીક જ છે.'

'એટલે આપણે મુંબઈગરાઓએ હિમવર્ષા અને ઠંડીનાં મોજાંનો સામનો કરવો પડશે. હું તો એટલું જ કહીશ કે આપણને તો આટલાથી જ છોડી દેવામાં આવ્યા છે.' વસંતે હસીને કહ્યું.

આવતાં દસ વર્ષમાં મુંબઈમાં હિમવર્ષા? હું નથી માની શકતો. અશક્ય. ચાલો, લાગી ગઈ દસ ડૉલરની શરત? હું કહું છું કે તેવું કદી નહીં બને. આવી વિચિત્ર ઘટના કાંઈ એટલી સહેલાઈથી બની શકે?' રાજીવે દસ ડૉલરની નોટ કાઢતા કહ્યું.

'મને લાગે છે કે આવી વિચિત્રતા મારી તરફેણમાં જ છે. હું શક્યતાના આધારે શરત મારતો નથી મિ. જર્નલિસ્ટ! તમે તમારા દસ ડૉલર ગુમાવશો જ. એના કરતાં આપણે આપણા કાર્ડની આપ લે કરીએ. મારા કાર્ડમાં હું આજની તારીખ લખીશ. તમારા કાર્ડમાં તમે પણ લખજો. જો દસ વરસમાં બરફ પડે તો તમે મને આ કાર્ડ તમારી હાર થઈ છે તેવી કબૂલાત સાથે પાછું મોકલજો. જો હું હારીશ તો હું પણ તેમ જ કરીશ.' વસંતે કહ્યું.

તેઓ કાર્ડની આપ-લે કરતા હતા ત્યાં તો યજમાન ગૃહિણીએ આવીને કહ્યું : 'આવો, તમારા યજમાને તમારા માટે જે ખાસ મીઠાઈ બનાવી છે તેને ન્યાય આપો.'

બુફે ડિનર જ્યાં ગોઠવવામાં આવ્યું હતું તે મધ્યસ્થ મેજ પર 'આઈસ કેઈક' લાવવામાં આવી. રાજીવ અને વસંતે નોંધ્યું કે, આ કેઈકનું નામ 'ધી આર્કટિક સરપ્રાઈઝ - ઉત્તર ધ્રુવીય આશ્ચર્ય' હતું.

વસંત બોલ્યો : 'ખરું આશ્ચર્ય તો દસ વરસમાં આવશે. ફેર એટલો જ હશે કે તે સુખદ નહીં હોય.'

કવિતાએ ફેંકેલો બરફનો ગોળો રાજીવને વાગ્યો અને તે વર્તમાનમાં પાછો ફર્યો. હા, તે શરત હારી ગયો. નક્કી થયા મુજબ તે વસંતને કાર્ડ પોસ્ટ કરશે. તે દાદર ઊતર્યો.

જ્યારે ખાનામાંથી કાર્ડ કાઢ્યું ત્યારે તેની નજર કાર્ડ પરના ફોન નંબર પર પડી અને તેને એક સરસ વિચાર આવ્યો. હા, સમજૂતી પ્રમાણે તે કાર્ડ તો પોસ્ટ કરશે જ પણ વસંત સાથે ફોન પર વાત શા માટે ન કરવી ? તેણે નંબર લગાવ્યો.

'ડૉ.ચિટનીસ?' સામે છેડેથી વ્યક્તિનો અવાજ આવતાં તેણે પૂછ્યું.

'હા, હું વસંત ચિટનીસ બોલી રહ્યો છું. હું આપનું નામ જાણી શકું?'

'હું રાજીવ શાહ. તમને યાદ છે?.....'

આપણી શરતની વાત કરો છો! આજે હું તમને જ યાદ કરતો હતો. તો શું તમે હાર સ્વીકારો છો ને?' રાજીવે કલ્પના કરી કે સામેના છેડે વસંત મલકાતો હશે.

'હા, ચોક્કસ. પણ તમે મને અડધા કલાકનો ઈન્ટર્વ્યૂ આપી શકો?'

'શા માટે?'

મારે તમે કરેલી આગાહીનો વૈજ્ઞાનિક આધાર જાણવો છે. હું તમારી થીઅરિ-તમારા સિદ્ધાંતને પ્રકાશમાં લાવવા માગું છું.'

'એક જર્નલિસ્ટની જેમ જ! પણ તેનો કોઈ અર્થ નહીં સરે. છતાં તમે જો આજે સવારે અગિયાર વાગે અમારી ઇન્સ્ટિટ્યૂટમાં આવી શકો તો જરૂર આવજો.'

રાજીવે સંમતિ આપી. દાઢી કરતાં તેણે રેડિયો શરૂ કર્યો. રેડિયો પર વિશેષ બુલેટિન આવતું હતું... 'આખું ઉત્તર ભારત એક અભૂતપૂર્વ હવામાનનો અનુભવ કરી રહ્યું છે. રાજસ્થાનથી બંગાળના અખાત સુધી અને હિમાલયથી સહ્યાદ્રિની પર્વતમાળા સુધી ઓછીવત્તી માત્રામાં હિમવર્ષા થઈ છે. માણસો અને પશુઓની જાનહાનિના ચોક્કસ આંકડાઓ જાણી શકાયા નથી. હજારો પ્રવાસી પક્ષીઓ આ અણધાર્યા હવામાન પલટામાં

સપડાઈને મરી ગયાં છે. મોટા ભાગનો પાક નષ્ટ થયો છે. રોડ અને રેલવેવ્યવહાર પણ ખરાબ રીતે ખોરવાઈ ગયો છે. પ્રધાનમંત્રી અને રાજ્યના મુખ્યમંત્રી સ્થાનિક જગ્યાએ હેલિકોપ્ટરમાં નિરીક્ષણ કરી રહ્યા છે. બરફના આ વિનાશ સામે પ્રધાનમંત્રીએ ખાસ ફંડની ઘોષણા કરી છે. દરેક નાગરિકને આ ફંડમાં ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરવામાં આવી છે.' રાજીવે બીજું સ્ટેશન ટ્યૂન કર્યું : ત્યાં પણ એ જ બુલેટિન આવતું હતું. 'ડૅડિ, ચાલો આપણે ટી.વી. જોઈએ.' તેમાં બધે બરફનાં ચિત્રો જ બતાવી રહ્યાં છે.' કવિતાએ કહ્યું.

ટી.વી. પર પણ સ્પેશિયલ બુલેટિન આવતાં હતાં. ટી.વી.માં ઉત્તરભારતની હિમવર્ષાનાં ચિત્રો આવતાં હતાં. ટેક્નોલૉજીને કારણે બીજું કંઈ નહીં પણ માહિતીના પ્રવાહ સાથે કદમ મિલાવી શકતા હતા.

રાજીવને 'ડૉ. ઝિવાગો' ફિલ્મમાં જોયેલા રશિયાનાં દશ્યો યાદ આવ્યાં. ટી.વી. પર ત્યારે દેશમાં પ્રવર્તતા ઉષ્ણતામાનની માહિતી આવી. શ્રીનગર માઈનસ ૨૦°, ચંદીગઢ માઈનસ ૧૫°, દિલ્હી માઈનસ ૧૨°, વારાણસી માઈનસ ૧૦° સે., કલકત્તા માઈનસ ૩° સે. માત્ર દક્ષિણ મુંબઈમાં જ પારો ૦° સેન્ટિગ્રેડથી ઊંચો હતો. મદ્રાસમાં ૫° સે. બૅંગલોર ૨° સે. ત્રિવેન્દ્રમ ૭° સે. સરખામણીમાં ગરમ લાગતાં હતાં.

ત્યાં તો સમાચારમાં ફ્લૅશ આવ્યા કે, આ પરિસ્થિતિમાં અનુસંધાને રાષ્ટ્રપતિએ એક કટોકટી મીટિંગ બોલાવી છે. આ મીટિંગમાં ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, કેબિનેટમંત્રીઓ, સર્વોચ્ચ અધિકારીઓ, સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અને વિરોધપક્ષના નેતાઓ ભાગ લેવાના છે. આ મીટિંગમાં દેશનું પાટનગર દિલ્હીથી મુંબઈ ખસેડવા અંગે નિર્ણય લેવાશે.'

રાજીવને વસંતે પાંચ વરસ પહેલાં અમેરિકન રિપોર્ટરને જે શબ્દો કહેલા તે યાદ આવ્યા : 'તમારે તમારું પાટનગર વૉશિંગ્ટન હોનોલુલુ ખસેડવું પડશે.' જો ભારત જેવા ગરમ દેશની આ દુર્દશા છે તો યુરોપ અને રશિયાની શું હાલત થઈ હશે ? આ સમાચાર માટે તેણે બી.બી.સી. વર્લ્ડ સર્વિસ ટ્યૂન કરી.

હા, બધે જ દુર્ઘટના અને કરુણાંતિકાઓ સર્જાઈ હતી. ઉષ્ણતામાન વીસથી ત્રીસ ડિગ્રી જેટલું નીચું ગયું હતું. કૅનેડા, યુરોપ અને રશિયા તો ઠંડા હવામાનથી ટેવાયેલાં છે. તેમના માટે આ ફેરફાર ભારત જેટલો આઘાતજનક ન હતો.

અચાનક રાજીવને તેની એપૉઈન્ટમેન્ટ યાદ આવી. તેની ઘડિયાળમાં ૯.૦૫ મિનિટ થઈ હતી. સૂર્ય નીકળ્યો હતો પણ તે ગ્રહ જેવો કે ચંદ્ર જેવો ફિક્કો લાગતો હતો. કવિતા અને પ્રમોદે તો માની જ લીધું હતું કે આજે સ્કૂલ બંધ જ હશે. તેઓ નિરાંતે ટી.વી. જોતાં હતાં. આજે તેના લેસન માટે તેની મમ્મીની રોજિંદી માથાકૂટ ન હતી; કારણ કે તેમની મમ્મી તો તેની બહેનપણીની દીકરીના લગ્નપ્રસંગે પૂના ગઈ હતી.

રાજીવે જલ્દી જલ્દી તેનો નાસ્તો પતાવ્યો અને ગૅરેજમાંથી કાર કાઢી. ઍંજિન ઠંડું પડી ગયું હતું. ઘણી મહેનતે ચાલુ થયું. પણ ખરી મુશ્કેલી તો રસ્તામાં થઈ. રસ્તામાં બધે બરફ હતો. બરફને લીધે તેની કાર લસરવા લાગતી હતી. રાજીવને પરદેશમાં કાર ચલાવવાનો અનુભવ હતો તેથી કારને કાબૂમાં રાખતાં વાંધો ન આવ્યો. બીજાં મુંબઈગરાઓ આ પરિસ્થિતિથી ટેવાયેલાં ન હતાં. કેટલાંકે તો કાર રસ્તામાં જ છોડી દીધી હતી. કેટલીક કાર અને બસો રોડ પર ભટકાયેલી હાલતમાં જ પડ્યાં હતાં. આખો આંબેડકર રોડ તેની સાહેદી પૂરતો હતો.

'બ્રેક, એક્સિલરેટર અને પેડલ ક્યાં છે તે જાણી લઈએ એટલે આપણે ભારતીયો તો માનવા લાગી જવાના કે આપણે તો એક્સપર્ટ ડ્રાઈવર થઈ ગયા.' કાદવ અને ભંગારમાંથી સાવધાનીથી મારુતિ ચલાવતાં રાજીવ મનોમન બોલ્યો.

તેને ભાન થયું કે, સામાન્ય રીતે તો કોલાબા પહોંચતાં પોણો કલાક થાય છે, આજે કદાચ દોઢેક કલાક પણ થાય.

'આવો મિ. જર્નલિસ્ટ, તમે એક કલાક મોડા છો. આજે શું રસ્તામાં ઇન્ટર્વ્યૂ માટે કોઈ બીજો શિકાર મળી ગયો ?' ઑફિસમાં પ્રવેશતાં રાજીવને સત્કારતાં વસંતે કહ્યું.

'હું દિલગીર છું પ્રો. ચિટનીસ. પણ આ અંધાધૂંધીભર્યા શહેરમાં વાહન ચલાવવાને બદલે જો હું ચાલતો આવ્યો હોત તો જલ્દી પહોંચી ગયો હોત.' રાજીવે આરામખુરશીમાં લંબાવતાં કહ્યું. વસંત સામેની રિવૉલ્વિંગ એકઝિક્યૂટિવ ખુરશી પર બેઠો.

'પહેલાં તો પ્રોફેસર તમને ધન્યવાદ. તમે આબાદ નિશાન તાક્યું. અમે પત્રકારો બીજું કંઈ નહીં તોય જિજ્ઞાસુ હોઈએ છીએ. મહેરબાની કરીને મને એ સમજાવશો કે તમે આ આગાહી કેવી રીતે કરી? અને શા માટે એમ કહ્યું કે આની જાહેરાતનો કોઈ અર્થ નથી?'

વસંતે રાજીવ સામે ફાઈલ ધરતાં કહ્યું : 'આનો જવાબ તમને આમાંથી મળશે.'

ફાઈલમાં આંતરરાષ્ટ્રિય જર્નલોમાં પ્રકાશિત થયેલાં પેપરોની રીપ્રિન્ટ ટાઈપ કરેલી સ્ક્રિપ્ટો અને હસ્તપ્રતો હતી. રાજીવ આ ક્ષેત્રનો અજાણ્યો હતો તેથી તેમાંથી કાંઈ સમજી શક્યો નહીં. તેણે લેખોનાં શીર્ષકો અને પ્રકાશિત થયેલા લેખોનો સારાંશ નોંધ્યો.

'હિમયુગ વિશેના મારા સિદ્ધાંતોનો મોટો ભાગ હજી અપ્રકાશિત છે.' લુખ્ખા અવાજે વસંતે કહ્યું.

'એમ કેમ?'

'કહેવાતી તટસ્થતા, નિરપેક્ષતા, ચકાસણી માટે પુનર્મૂલ્યાંકન પદ્ધતિ અને ન્યાયની ભાવના માટે અમે વિજ્ઞાનીઓ ગર્વ લેતા હોઈએ છીએ.' વસંતના ચહેરા પર વ્યંગ અને હતાશાના ક્ષણિક હાવભાવ આવી ગયા, ચહેરો ફરીથી ભાવશૂન્ય થઈ ગયો. તેણે વાત આગળ લંબાવી; 'તમે અમને વિજ્ઞાનીઓને જ્ઞાનની શોધમાં

નીકળેલા વિદ્વાનો માનો છો. તમે માનો છો કે, અમને ઈર્ષા કે લાલચની કોઈ અસર નથી થતી. પણ આ બધું હંબક છે. અમે વિજ્ઞાનીઓય માણસો છીએ. માણસજાતની માનવમનની બધી નિર્બળતાઓ અમે ધરાવીએ છીએ. અમારા ક્ષેત્રનાં સ્થાપિત હિતોને જો નવો સિદ્ધાંત કે નવી શોધ પ્રતીતિજનક ન લાગે તો તેને દબાવી દેવા તેઓ બધું કરી છૂટે છે. મારા કેટલાક વિચારો હું પ્રકટ કરી શકું તે માટે મારે મારી પરિકલ્પનાને હળવી કરી નાખવી પડી. મારી આગાહીઓને થોડી ધૂંધળી બનાવી દેવી પડી. આ હસ્તપ્રતોમાં મારા જે અપ્રકટ રહેલા વિચારો, સિદ્ધાંતોને ઘણા તરંગી માનવામાં આવ્યા અને પ્રકાશન માટે વિચિત્ર માનવામાં આવ્યા છે.'

'મને માફ કરો પ્રોફેસર ચિટનીસ.'

પ્રોફેસરે રાજીવને અટકાવ્યો, 'મને વસંત કહો.'

'આભાર વસંત, પણ તમે જે કહો છો તેની સરખામણી કૉપરનિક્સ અને ગેલિલિયોના જમાના સાથે થઈ શકે છે. મને યાદ છે ત્યાં સુધી તેમના પુસ્તકની મૂળ પ્રસ્તાવનાને બદલે પ્રકાશકે તે હળવા સ્વરૂપે છાપી હતી કે જેથી તેમને તે વખતની ધાર્મિક સંસ્થાઓ તરફથી કોઈ વિરોધ ન સહન કરવો પડે.' રાજીવે મુલાકાત રેકૉર્ડ કરવા ટેપરેકૉર્ડર ચાલુ કર્યું.

જવાબ આપતાં પહેલાં મનમાં ચાલતા વિચારોને વસંતે વ્યવસ્થિત કર્યા. 'હા, તે દિવસોમાં ધાર્મિક સંસ્થાઓનું ઘણું પ્રભુત્વ હતું. આજે વિજ્ઞાનીઓ હવે ઉચ્ચ આસને છે અને તેઓ નક્કી કરે છે કે શું પ્રકાશિત કરવા જેવું છે અને શું નહીં, શેને વિજ્ઞાન કહેવાય, શેને નહીં અને એવું શું છે જે કદીય પ્રકટ ન થાય. પાંચસો વરસો પહેલાં ધર્મના પાદરીઓ હતા તેવી રીતે તેઓ આ જમાનામાં વિજ્ઞાનના ક્ષેત્રના પોપ અને પાદરીઓ છે...મારી વાત તમને જો કડવી લાગતી હોય તો હું દિલગીર છું.'

'વસંત, બેશક મને એવું લાગે છે કે તમે તમારા અંગત અનુભવોને આધારે એક આખા તંત્ર ઉપર તમારો ચુકાદો આપી રહ્યા છો. પણ મારે જો તેમનો બચાવ કરવાનો હોય તો એટલું જ કહું કે, વિજ્ઞાનીઓને તેમની કારકિર્દી દરમિયાન ઘણી વિચિત્ર અને અર્ધપક્વ પરિકલ્પનાઓ સૂઝતી હોય છે. આ બધી પરિકલ્પનાઓને ચકાસવાનો કોને સમય છે? તેઓ સાવ નવા અને બિનપ્રણાલિગત વિચારોથી દૂર ભાગવા માગતા હોય તો.....'

'દોષ કોને દેવો તેમજ ને? તમારી વાત સાથે હું સહમત થાઉં છું પણ જો આવો બિનપ્રણાલિગત વિચાર તર્કપૂત હોય અને પુરાવાથી સિદ્ધ કરી શકાય તેવો હોય તો તેને ગંભીરતાપૂર્વક સાંભળવો ન જોઈએ? અને આવા એક વિચારને હજારો તરંગી અર્ધપક્વ વિચારોથી જુદા પાડવાનું ખરેખર બહુ અઘરું નથી. અને એ પણ ત્યારે કે જ્યારે તે વિચાર, તે સિદ્ધાંત રજૂ કરનાર વિજ્ઞાનીએ તે ક્ષેત્રમાં કામ કરી તેમાં પોતાની નામના મેળવી હોય..... પણ આ બધી સામાન્યીકરણની વાતો બાજુ પર રાખીએ અને હું મારા સિદ્ધાંતની વાત પર આવું.'

'હા, વસંત. હવે તમે તમારા સિદ્ધાંત અને તમારી આગાહીઓ વિષે જણાવો.' રાજીવે સહ્યું.

વસંતે પૃથ્વીનો નકશો કાઢ્યો અને રાજીવની સામે કૉફી-ટેબલ પર પાથર્યો. 'હવે તમે આપણા ભૂપૃષ્ઠ તરફ જોશો તો તમને ખ્યાલ આવશે કે જમીન પૃથ્વીની સપાટીનો માત્ર ત્રીજો ભાગ જ રોકે છે. બાકી બધે પાણી છે - સાગર અને મહાસાગર રૂપે. આપણા હવામાનને નિયંત્રિત રાખવામાં સમુદ્રનો મોટો ફાળો છે. તેના ઉપરની ગરમ હવા ઊંચી ચડે છે. પૃથ્વીના વાતાવરણ સાથે મિશ્રિત થાય છે અને નીચે ઊતરતાં પહેલાં ફેલાઈ-વિખેરાઈ જાય છે - ખરું ને ?'

'આટલી માહિતી તો શાળાનાં પાઠ્યપુસ્તકોમાં પણ હોય છે' રાજીવે જવાબ આપ્યો.

'પણ આપણે એવું ધારી લીધું છે કે, સમુદ્રો ગરમ છે અને કાયમ ગરમ રહેવાના છે. પણ આ માન્યતા કેટલી હદ સુધી સાચી છે? થોડાં વરસો પહેલાં મેં સમુદ્રની ખૂબ જ ઊંડાઈએ માપ્યું હતું અને મને જે જાણવા મળ્યું તેનાથી હું ચકિત રહી ગયો. સમુદ્રના ઉપરના સ્તરો ગરમ હોય છે અને નીચે જતાં તે ઠારણ બિન્દુ સુધી ઠંડા હોઈ શકે છે. જે માહિતીએ મને આઘાત આપ્યો તે એ હતી કે સમુદ્રના ઉપરના ઉષ્ણ સ્તરો કે જેના પર આપણું વાતાવરણ નિર્ભર છે તે બહુ પાતળા છે, અને વરસો જતાં તે વધુ ને વધુ પાતળા થતા જાય છે.'

'પણ સૂર્યનું શું? શું સૂર્ય મારફતે સમુદ્રમાંથી ગરમી નથી મળતી?' રાજીવે પૂછ્યું.

'સૂર્ય એ ગરમીનું સીધું જ વિતરણ સારી રીતે નથી કરી શકતો. ઉનાળામાં ધ્રુવો પર ઉજ્જવળ સૂર્યપ્રકાશ તો હોય છે છતાં ત્યાં કેટલો બરફ પીગળે છે? બરફ તો સૂર્યપ્રકાશને પરાવર્તિત કરે છે અને એના લીધે ગરમી અંદર પ્રવેશી શકતી નથી. પણ જો કે પરોક્ષ રીતે પ્રકાશ પર વધુ અસર થઈ શકે અને થાય પણ છે. તમે મારી પ્રયોગશાળામાં આવો હું તમને બતાવું.' વસંત ઊભો થયો અને રાજીવને પરસાળમાં થઈ પ્રયોગશાળા તરફ દોરી ગયો.

પ્રયોગ-ટેબલ પર કાચનું એક મોટું પાત્ર પડ્યું હતું. વસંતે એક સાધન ચાલુ કર્યું અને સમજાવ્યું, 'હું આ પાત્રની હવા ઠંડી કરું છું. તેમાં થોડો ભેજ છે એટલે કે પાણીની વરાળ છે. જો હું ચોકસાઈપૂર્વક પ્રયોગો કરું તો ઉષ્ણતામાન શૂન્યથી નીચે જવા છતાંય વરાળનું બરફમાં રૂપાંતર નહીં થાય.'

ઉષ્ણતામાપકમાં પારો નીચો જવા લાગ્યો અને શૂન્યનો આંક વટાવી ગયો છતાં બરફ ઉત્પન્ન થયો નહીં. વસંતે પાત્રમાં પ્રકાશનું કિરણ ફેંક્યું પણ કાટખૂણેથી જોતાં તો પાત્રમાં ગાઢ અંધારું જ લાગ્યું. (આવતા અંકે પૂરું)

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૨૭)

— જયન્તીલાલ મહેતા



આઠમી ફેબ્રુઆરી ૧૯૭૧ની એ પુણ્યતિથિએ જ્યોતિર્ધર મુનશીના જર્જરિત દેહને તેમના મહાપ્રાણે તજી દીધો ત્યારે કદાચ તેમના મનમાં છેલ્લું રટણ તેમને મુખસ્થ પેલો પવિત્ર ગીતાશ્લોક : 'વાસાંસિ જિર્ણાની યથા વિહાય…' જ હશે. પરંતુ આખી આલમના અનેક મહાનુભાવોને મન તો એક મહાન વ્યક્તિત્વની વિદાય વસમી લાગી હતી. અને તેથી દુનિયાભરમાંથી મુનશીના જીવન અને કવનને બિરદાવતી વિવિધ ક્ષેત્રોના ગણમાન્ય અગ્રણીઓની શ્રદ્ધાંજલિનો જાણે કે વરસાદ વરસી પડ્યો હતો. તેમાંથી થોડીક ચૂંટેલી નિવાપાંજલિઓ ૧૯૮૭માં મુનશી શતાબ્દીના 'ભવન્સ જર્નલ'ના ડિસેમ્બર ૧૬-૩૧ના અંકમાં અંગ્રેજીમાં સંગૃહીત થઈ છે તે વાંચતા સમજાય છે કે કેટલા બધાને મન તેઓ આદરણીય જ માત્ર નહિ પણ વહાલા પણ હતા. તેમાં મુનશીના પ્રિયપાત્ર વિશ્વાસુ ભવનના અને જનરલ સેક્રેટરી સુ. રામકૃષ્ણનની અંજલિ ખૂબ ભાવવિભોર કરે તેવી છે. તો હાલના અધ્યક્ષ મહાન રાજનિતીજ્ઞ સી. સુબ્રહ્મણ્યમ તો મુનશીને શ્રદ્ધાંજલિ અર્પતા મુનશીવાણી ટાંકે છે કે : 'આજના વિ-નૈતિક (અ-મોરલ) યંત્રયુગમાં જ્યારે માનવીય સંસ્કૃતિના પાયા હચમચી રહ્યા છે ત્યારે ભવન આર્યસંસ્કૃતિના મહાન સત્યો - ઋત, સત્ય, યજ્ઞ અને તપસ - ના અવિચળ પાયાઓ પર રચાયેલી ભારતીય સંસ્કૃતિનું સંગોપન અને સંવર્ધનનું મહાન કાર્ય કરી રહ્યું છે…' અને મુનશી હંમેશાં હતા, છે અને રહેશે ભવનના આદ્યપિતા અને સકળ સંચાલક.

સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ જે.એમ. શેલત મુનશીને એક અનન્ય કાનૂનવિદ તરીકે અંજલિ આપે છે. ભારતના અગ્રિમ ઈતિહાસવિદ ડૉ.રમેશચંદ્ર મજમુદાર મુનશીને એક દૃષ્ટિસંપન્ન અને વિચક્ષણ ઈતિહાસકાર તરીકે બિરદાવે છે. તો સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ એમ. પતંજલિ શાસ્ત્રી મુનશીને સંસ્કૃત ભાષા અને સાહિત્યની પુનઃપ્રતિષ્ઠાના પ્રણેતારૂપે અંજલિ આપે છે. સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ એન.એચ. ભગવતી મુનશીને ભારતના નૂતન સંવિધાનના દીર્ઘદૃષ્ટિસંપન્ન અને લોકશાહીચાહક મૂળ ઘડવૈયા તરીકે પ્રમાણે છે. એક અનામી મહાનુભાવ મુનશીને દેવાધિદેવ ભગવાન શંકરના સૃજનજૂના સોમનાથ મંદિરના પુનરોદ્ધારક તરીકે પ્રણમે છે. તો મુનશીના મિત્ર અને સહકાર્યકર સ્વાતંત્ર્યસેનાની અને રાજનીતિજ્ઞ ડૉ.દીવાકર મુનશીને 'ભારતીય વિદ્યા'ના પયગમ્બર રૂપે અંજલિ આપે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ અને મહાન વિદ્યાપુરુષ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તેમના પરિશીલનના પરિપાક જેવા સટિક સુંદર અંજલિલેખમાં લખે છે : '…વીસમી સદીના ત્રીસીના દસકાના ગુજરાતમાં બે મહાન લેખકો નીપજાવ્યા મહાત્મા ગાંધી અને કનૈયાલાલ મુનશી… તેમની નવલકથાઓ, નાટકો, આત્મકથા, પ્રવાસવર્ણનો, વિવેચનો અને નિબંધોમાં મુનશીનું જે આગવું વ્યક્તિત્વ ઝળક છે તે અતિ સંકુલ છે… તેમના વ્યક્તિત્વની સાચી પરિણતી મુનશી તેમનાં સાહિત્યિક સર્જનો અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા જેટલા પામ્યા છે તેટલી પરિણતી તેઓ કાનૂનવિદ કે રાજનીતિજ્ઞ તરીકે પૂરી પામ્યા નથી… ગુજરાતીમાં ઐતિહાસિક નવલકથાના એઓ આદ્ય નિયન્તા હતા… અને આ નવલ-કથાઓના મહાન સર્જકત્વમાંથી તેઓ વિદ્યાક્ષેત્રે મહાન ગુરુ અને રાજકારણના અનુભવી અગ્રણી બન્યા હતા… મુનશીએ નવલિકા અને નાટકના ક્ષેત્રને જલદી તિલાંજલી આપી હતી. પરંતુ ગુજરાતીમાં ટૂંકી વાર્તાના મુનશી જ આદ્યપ્રણેતા ગણાય. અને એકાંકી નાટકોના મૂળ પ્રવર્તક પણ મુનશી જ હતા. બટુભાઈ ઉમરવાડિયા, ધનસુખલાલ મહેતા, યશવંત પંડ્યા, ચંદ્રવદન મહેતાના આ ક્ષેત્રે પથપ્રદર્શક પણ મુનશી જ હતા… ટૂંકમાં મુનશીએ ગુજરાતી સાહિત્યને જગતના દરબારચોકમાં એક માનવંતું સ્થાન અપાવ્યું હતું. અને આધુનિક ભારતીય સંસ્કૃતિના પુનર્જાગરણનો ધ્વજ લહેરાવ્યો હતો…'

ગુજરાતી દૈનિકો, સાપ્તાહિકો, માસિકો, ત્રૈમાસિકો અને અન્ય પ્રકાશનોએ તો ગુજરાતના આ જ્યોતિર્ધરને સુંડલે સુંડલે મહિમાગાનનાં મોતીઓથી વધાવ્યા હતા. વિશેષાંકો બહાર પાડ્યા હતા. પછી જીવનચરિત્રો પણ પ્રસિદ્ધ થયા હતા. અને આજે પણ તેમની કૃતિઓ સૌથી વધુ વંચાય છે અને વેચાય છે તે તો તેમના અત્યંત વિશ્વાસુ અને વફાદાર પ્રકાશક મિત્રો ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયનો સ્વાનુભવ છે. ૧૯૮૭માં ગુર્જરે મુનશી શતાબ્દીની સમુચિત ઉજવણીરૂપે સમગ્ર મુનશી સાહિત્યની ગ્રંથાવલિ પ્રકટ કરી. તેના નિવેદનમાં તેઓ લખે છે : 'ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સારસ્વત ઉમાશંકર જોશીને ઘેર ગુર્જરના ઠાકોરભાઈ શાહ ગયા હતા. એ સમયે કાકાસાહેબ કાલેલકરની જન્મશતાબ્દી નિમિત્તે કાકાસાહેબનાં તમામ લખાણોને ગ્રંથસ્થ કરી ગ્રંથાવલિ રૂપે પ્રકાશિત કરવાની વિચારણા ચાલતી હતી. એ પ્રસંગે ઉમાશંકરભાઈએ સહજ સૂચન કર્યું : ૧૯૮૭માં મુનશીની પણ જન્મશતાબ્દી આવશે. તમે સમગ્ર મુનશી સાહિત્ય એકસરખાં રૂપરંગમાં પ્રકાશિત કરવાની યોજના કેમ ન બનાવો? સૂચન અમૂલ્ય હતું. મહામના મુનશીનું કેટલુંક સાહિત્ય છેલ્લા દાયકાઓથી અપ્રાપ્ય હતું. કેટલુંક સાહિત્ય અલગ અલગ

કદ અને રૂપમાં હતું. એ સર્વને એકસરખા સ્વરૂપમાં ગ્રંથાવલિ રૂપે પ્રકટ કરવાની ભાવના થઈ. એ દ્વારા મુનશીને શતાબ્દી નિમિત્તે ઉત્તમ ભાવાંજલિ અર્પવાની તક પણ મળતી હતી... સ્વ. ક.મા. મુનશી અને ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના સંબંધી લેખક-પ્રકાશક વચ્ચેના સંબંધોના વિરલ ઉદાહરણરૂપ છે. પોતાનાં સર્વ લખાણો ગુર્જર જ પ્રકટ કરે એવી મુનશીની લાગણી હતી. એમના દેહાવસાન પછી ભારતીય વિદ્યાભવને પણ એમની લાગણી જળવાઈ રહે એવી જોગવાઈ કરી છે એનો અમને આનંદ છે... મુનશી સાહિત્યના કૉપિરાઈટ ભારતીય વિદ્યાભવન ધરાવે છે. એના નિયામક રામકૃષ્ણનજી સમક્ષ અમે મુનશી સાહિત્યની શતાબ્દી આવૃત્તિની યોજના રજૂ કરી કે તરત જ એમણે એનો સત્કાર કર્યો. ગ્રાહકોને આ પુસ્તકો સસ્તાં મળી શકે એ હેતુથી શતાબ્દી આવૃત્તિની રૉયલ્ટીની રકમ પણ નિશ્ચિત સમય માટે ઓછી કરી. પરિણામે આ ગ્રંથાવલિ નિશ્ચિત કરેલા સમય દરમિયાન ઓછી કિંમતે વાચકોને સુલભ કરી શકાઈ છે...' ગુજરાત ગુણિયલ જ માત્ર નહિ, ગુણાનુરાગી પણ છે જ.

'ભવન્સ જર્નલ'ના આ શતાબ્દી અંકમાં મુનશીનાં ૮૩ વર્ષોનાં જીવનકાર્યની સાલવારી આપી છે. તે વાંચતા આપણાથી અ...પ...પ... ઓચરી જવાય છે. આ મહામનાના શતદલ જેવા પરિમલભર્યા જીવનની પ્રત્યેક પાંખડીઓનો પમરાટ ફેલાવતું પુસ્તક લખીએ તો મહાભારતનો ગ્રંથ પણ નાનો લાગે તેવું વિરાટ પુસ્તક બને! એ અમારા ગજા બહારનું કાર્ય કરવાનું દુઃસાહસ કરવાને બદલે અમે તો આ પૃષ્ઠોમાં મુનશીના જીવનના વિવિધ રંગો તેમની સાહિત્ય-રચનાઓના અલૌકિક મેઘધનુઓમાં કેવી રીતે પ્રતિબિંબિત થયા છે અને એ સાહિત્યિક મેઘધનુઓના રંગોથી તેમનું સમગ્ર જીવન કેમ ઘડાતું-વણાતું ગયું તેની જ વાતો પર લક્ષ્ય આપ્યું છે.

મુનશીજીવનનાં બે મહાન સ્વપ્નો હતાં. આર્યસંસ્કૃતિનું પુનર્જાગરણ કરી આર્યત્વને સિદ્ધ કરી ભારતીય માનવજીવનને મહાસમૃદ્ધ કરવું. અને તે સ્વપ્ન તેમણે મહદ્ અંશે સિદ્ધ કર્યું તેમના પ્રભુકાર્ય ભારતીય વિદ્યાભવન દ્વારા. આ કાર્યની અંતિમ સિદ્ધિ હાંસલ થતા સંભવ છે કે હજુ બીજા દાયકાઓ વીતે. પણ તેનાં વાવેતર રસાળ ભૂમિમાં થયાં છે. તેનું જળસિંચન શુદ્ધ છે. તેનું વિશાળ વટવૃક્ષ સમું સંવર્ધન અવશ્યંભાવિ છે.

મુનશીનું બીજું મહાન સ્વપ્ન હતું હિમાલય ગિરિમાળાના પશ્ચિમ છેડે આવેલ હિંદુકુશની પર્વતમાળાઓથી આરંભી દક્ષિણ-પૂર્વ છેડે આવેલ વિશાળ જલનિધિઓ સુધીનું એક અવિભાજ્ય અને એકતાન આર્યવર્ત સર્જવું. આ વિરાટ સ્વપ્ન સિદ્ધ કરવા માટે ત્યાંશી વર્ષોનો દીર્ઘ જીવનકાળ પણ તેમને ટૂંકો પડ્યો. પરંતુ સત્યવચની ગીતાકારના વિશ્વવિખ્યાત શ્લોકની પેલી' પંક્તિ 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ ધ્રુવં જન્મં મૃતસ્ય ચ'ને સાચી પાડવા કોણ જાણે મુનશીના મહાપ્રાણે આ પુણ્યભૂમિમાં જ ક્યાંક પુનર્જન્મ નહિ ધારણ કર્યો હોય? તેમના મહાસ્વપ્નની સિદ્ધિ સાધવા. (સંપૂર્ણ)

— પ્રસંગપરાગ —

કાવ્યરચનાની પ્રથમ દિક્ષા

— વિનોદ અધ્વર્યુ —

હાઈ સ્કૂલના અભ્યાસ દરમિયાન સંસ્કૃત ફરજિઆત. તેમાં ક.સું.ત્રિવેદી રચિત પાઠ્યપુસ્તક શીખવાય. પુસ્તક વ્યાકરણનું. પણ પાછળ થોડા પાઠ વિશેષવાચનના હોય. તેમાં સુભાષિતો, મહાકાવ્યોની પ્રસાદી.

હિતોપદેશની કથા, નાટ્યાંશ એવું બધું હોય. વાંચવું ખૂબ ગમે. છતાં પરીક્ષામાં, 'અપઠિત' તરીકે તેમાંથી અનુવાદ પુછાય તે અઘરા લાગે. છતાં તૈયારી તો કરવાની જ હોય!

એવી એક પરીક્ષાની તૈયારી માટે, મૌખિક પરીક્ષામાં બોલવા કેટલાક શ્લોક મુખપાઠ કર્યા. અનુવાદ ન આવડે. અર્થ સામાન્ય સમજાય!

અને છમાસિક લેખિત પરીક્ષામાં એમાંથી એક શ્લોક પુછાયો અનુવાદ માટે!

હવે?... પણ હિંમત કરી! સમય ઘણો બચ્યો હતો એટલે શ્લોક સમજીને અનુવાદ કર્યો - પદ્યમાં! શ્લોકબદ્ધ!

હેડમાસ્તર ભટ્ટસાહેબ (માતામહ)! એ જ સંસ્કૃત શિક્ષક અને પરીક્ષક! શ્લોક વાંચ્યો! ઉત્તરવહી પર નામ જોયું! (ત્યારે છ માસિકમાં નામ લખતાં) - રાત્રે હું ઘેર આવ્યો ત્યારે પકડ્યો.

'આ અનુવાદ ક્યાંથી લાવ્યો?'

'જાતે કર્યો.' કંઈક ગભરાઈને કહ્યું.

'વાંચ જોઈએ.' વાંચ્યો.

'શાનો પ્રયત્ન કર્યો? અનુવાદનો?'

'સમશ્લોકીનો.'

'આ સમશ્લોકી ન કહેવાય, કારણ કે મૂળનો છંદ વસંતતિલકા છે અને તેં શાર્દૂલવિક્રીડિત લીધો છે. પણ વાંચતાં કશુંક કઠે છે?'

'ખ્યાલ નથી આવતો.'

'આ જો...' અને એમણે પંક્તિ વાંચીને કહ્યું :

- આ 'સૂવર્ણ રેખા પડી'માં 'સુ'નો દીર્ઘ ઉચ્ચાર કરવો પડે છે. અને આ વિદ્યૂતઝીણી ઝગે' બોલવું પડે છેતે 'દ્યૂ' પણ દીર્ઘ થાય છે.

'ગુજરાતીમાં તો હ્રસ્વદીર્ઘ નથી જળવાતાને!'

'કવિતામાં કાનને ન કઠે એટલી જ છૂટ લેવાય!' કર્ણમાધુર્ય તો જળવાવું જ જોઈએ.'

અને એમણે સુધાર્યું 'સૌવર્ણ રેખા પડી.'

તથા 'વિદ્યુત્‌ઝીણેરી ઝગે!...'

કવિતારચનાનો મળેલો એ પહેલો પાઠ! આજેય કોઈ કાવ્યરચનામાંનો પ્રયોગ કાનને કઠે છે ત્યારે દાદાજીનો એ પાઠ યાદ આવે છે!

'કવિતામાં કર્ણમાધુર્ય ન જોખમાય એટલી જ છૂટ લેવાય!' જીવનભર કવિતા રચતાં આ મંત્ર બરાબર યાદ રાખ્યો છે! □

કંકાવટી

ક્ષમાવતી

આજકાલ કાશ્મીરની ઘણી ચર્ચા છે. આઝાદી પછીનાં વર્ષોમાં કાશ્મીરને કારણે સતત ઉચાટ રહ્યા જ કર્યો છે. સૌથી મોટો ઉચાટ એ છે કે ત્રણ-ચાર હજાર વર્ષોથી જ્ઞાનવિજ્ઞાનને ક્ષેત્રે અનન્ય પ્રદાન કરનાર આ સ્વર્ગીય સુંદરતાયુક્ત પ્રદેશ જ ગંદા રાજકારણની હમચી ખૂંદવાનો પ્રદેશ બની ગયો છે. ભૂતકાળમાં આ પ્રદેશે વિશ્વના સૌથી મહાન ધર્મપ્રચારક કુમારજીવ આપ્યા તેમ વિજ્ઞાનવિદુષી ક્ષમાવતી પણ આપી છે. તોપો અને બૉમ્બોની ધમાધમી વચ્ચે કોને ફુરસદ છે કે ક્ષમાવતીને યાદ કરે?

વધારે આશ્ચર્યની વાત એ છે કે જૂના હિન્દની વિદુષીઓની ગણના કરતી વેળાય તમામ લોકો ગાર્ગી આગળ અટકી જાય છે. ઉત્તર મધ્યકાલીન વિજ્ઞાનવિદુષી ક્ષમા ભાગ્યે જ કોઈને યાદ આવે છે.

એક જ જિંદગીમાં સ્વર્ગ અને નરક બંનેની ભરપૂર અનુભૂતિ કરનાર ક્ષમાવતીનું લૌકિક નામ ખણા છે, અને એ નામે એ બંગાળ સહિત પૂર્વ હિન્દમાં જાણીતી છે. ત્યાં લોકો ખણાની કહેવતો, ખણાનાં ભાવિકથનોનો સામાન્ય બોલ-ચાલમાં ઉપયોગ કરે છે. જો અમુક દિવસે છાંટા પડે તો વરસ ભર્યુંભાદર્યું નીવડે. જો અમુક દિવસે ગાજવીજ થાય તો વરસ કોરું જાય, સદીઓ પર્યન્ત ખણાનાં વૈજ્ઞાનિક નિરીક્ષણો કદાચ પ્રણાલિકા અને વહેમ બની ગયાં છે. એ નિરીક્ષણોનાં મૂળ વિસરાઈ ગયાં છે.

એના વૈજ્ઞાનિક જીવનની તથા ભવ્ય આત્મબલિદાનની ગાથા આજે કેટલાં લોકો જાણે છે? શરમજનક વાત એ છે કે વિજ્ઞાનનાં પુસ્તકો સુધ્ધાંમાં આ વિજ્ઞાની નારીનો ઉલ્લેખ નથી.

કાશ્મીરમાં રળિયામણા પહાડોની પશ્ચિમે અને હિંદુકુશની પૂર્વે હાલ કાફિરી-સ્તાન નામે રૂપકડો ખીણપ્રદેશ છે. ત્યાં શ્રીનગર નામે નાનું-શું ગામડું છે. અઢારમી સદીની અધવચ્ચે આ ગામડામાં અનંતાચાર્ય નામે એક કાશ્મીરી બ્રાહ્મણ પંડિત વસતા હતા. કાશ્મીરના રાજાઓએ જે અનેક બ્રાહ્મણોને વર્ષાસનો બાંધી આપેલાં તેમના એ વંશજ હતા. પણ આ કાળે કાશ્મીરનું જ નહિ, સમગ્ર હિન્દનું રાજતંત્ર ઉત્તર-મુઘલ કાળની અંધાધૂંધીમાં ફસાયું હતું. અનંતાચાર્યની આવક બંધ થઈ ગઈ હતી. એમના ઘરમાં ભૌતિક દરિદ્રતાનું રાજ હતું.

એ સમૃદ્ધ હતા માત્ર બે ચીજોથી : એક તો પેઢી-દર-પેઢી એમના વંશમાં ઊતરી આવેલું ખગોળ તથા જ્યોતિષનું અદ્વિતીય જ્ઞાન, અને બીજી એમની આનંદી, હસમુખી, રમતિયાળ અને બુદ્ધિના ચમકારાથી શોભતી નાનકડી દીકરી ક્ષમાવતી. અનંતાચાર્ય દિવસ-રાત તારાઓ જોયા કરતા.

ક્ષમા હજુ માંડ ભાંખોડિયે ચાલતાં શીખી હતી ત્યારથી જ માતાની ગોદ ગુમાવી બેઠી હતી. પિતા અનંતાચાર્ય જ એના માતા, પિતા અને ગુરુ બની રહ્યા હતા. એ વેળા આજના જેવી શિક્ષણવ્યવસ્થા તો હતી નહિ. દીકરીઓના શિક્ષણની તો કોઈ કલ્પના પણ કરતું નહોતું. પરંતુ પુત્રહીન વૃદ્ધ અનંતાચાર્યને તો ક્ષમાવતી પુત્રવત્ હતી. એમણે સવાર-સાંજ દીકરીને ભણાવવા માંડી. દીકરીની એ સારસંભાળ રાખતા, એને રાંધી ખવડાવતા, નવડાવી-ધોવડાવીને સ્વચ્છ કપડાં પહેરાવતાં રોજ સાંજે બાપની આંગળીએ વળગીને દીકરી કાફિરીસ્તાનનાં વનો અને ખીણોમાં ફરવા નીકળતી. વનની વનસ્પતિ વિષે, પ્રાણીઓ-પંખીઓ-ખડકો વિષે વાતો પૂછતી. હેતાળ પિતા દીકરીના સવાલોના લંબાણપૂર્વક જવાબો દેતા.

ઘણી વાર બંને મોડી રાત લગી બહાર કોઈ શિલા પર બેસી રહેતાં. પિતા પોતના પ્રિય ખગોળ સામે તાકી રહેતા. કુદરતી રીતે જ દીકરીની કુતૂહલભરી ચમકતી આંખો તેજભર્યા આકાશી પદાર્થો ભણી વળી જતી અને પછી પ્રશ્નોનો જે ધોધ વહેતો તે જ્ઞાની અનંતાચાર્યને આનંદથી તરબોળ બનાવી દેતો. દીકરીને એ જ્ઞાનગંગામાં સ્નેહપૂર્વક નવડાવતા અને ક્ષમાની ગ્રહણશક્તિ તથા જ્ઞાનપિપાસા જોઈ એમની છાતી ગજગજ ફૂલતી. ક્ષમાવતીની જિજ્ઞાસા અદમ્ય હતી તો અનંતાચાર્યનું જ્ઞાન પણ અમાપ હતું. પ્રાચીન હિન્દની જ્ઞાન-ખીણ અતલ હતી અને એની અનેક અજાણી ગલીકૂચીઓમાં અનંતાચાર્ય ભમી વળ્યા હતા.

એમનું સુદામા-ગૃહ આઠેય પહોર જ્ઞાનવાર્તા અને શ્લોકોચ્ચારથી ગુંજી રહેતું. હેતાળ પિતાની હૂંફ નીચે ક્ષમાવતીની જ્ઞાનવેલી પાંગરી રહી હતી.

આમ, બાળપણના પારણામાંથી બહાર ડગ ધરતાં જ ક્ષમાવતી જ્ઞાનવિજ્ઞાનની દુનિયામાં વિહરવા લાગી. હજુ અગિયારેક વર્ષની થાય તે પહેલાં તો ક્ષમા સંસ્કૃત ભાષા પર આધિપત્ય પામી ચૂકી હતી. અને ભાસ્કરાચાર્ય અને વરાહમિહિર જેવા ખગોળશાસ્ત્રીઓની પોથીઓ વાંચવા લાગી હતી. પિતાએ ઘડેલા પ્રાથમિક પ્રકારના દૂરબીન વડે બ્રહ્માંડનાં ઊંડાણ એ જોવા લાગી હતી. એ પોતાના આગવા ખગોળીય નકશા દોરવા લાગી હતી. એમાંથી એણે અગાઉ નહિ કલ્પાયેલાં આકાશી જૂથો તારવવા માંડ્યાં અને એમની ગતિનાં આગવાં ગણિત ટપકાવવા માંડ્યાં.

પિતા અનંતાચાર્યને હવે એક ચિંતા સતાવવા લાગી. પુત્રીની જ્ઞાનસુધા એટલી બળવત્તર હતી કે શ્રીનગરનું આ ગામડું તથા પિતાનું આ જીર્ણ મકાન એને માટે સીમિત બની રહ્યાં હતાં. પિતા ક્યારેક એના પ્રશ્નોથી અકળાતા. જવાબો આપી ન શકતા. પુત્રી પિતાથી

આગળ નીકળી ગઈ હતી.

ઘણા દિવસો સુધી વૃદ્ધ અનંતાચાર્ય આ વાત વાગોળતા રહ્યા. આખરે એમણે એ સમયના વિદ્યાધામ કાશી જવાનો નિશ્ચય કર્યો. કાશીમાં બે ગંગાનો સંગમ થાય છે : એક જળગંગા અને બીજી જ્ઞાનગંગા.

કાશી પહોંચીને થોડાક દિવસ તો પિતાપુત્રીએ અહીંતહીં દેવદર્શનમાં અને ઓળખાણો કરવામાં ગાળ્યા. અનંતાચાર્ય નાનપણમાં અહીં ભણી ગયા હતા. એમને માટે અહીં ખાસ નવીનતા નહોતી, પણ કિશોરી ક્ષમા જાણે અદ્ભુત નવી દુનિયામાં આવી ગઈ. એણે જલદી જલદી ગંગાના એકેએક ઘાટને અને ગુરુકુળને ઓળખવા માંડ્યો. ગુરુઓ, પ્રાંતેપ્રાંતમાંથી આવેલા શિષ્યો, મંદિરો, નૌકાઓ, રંગીન બજારો, એ બધું જ ક્ષમાને ભાવાવેગના કોઈ મહાપુરમાં તાણી રહ્યું હતું.

અહીં પણ ક્ષમાએ ખગોળ, ગણિત, વ્યાકરણ જેવાં શાસ્રો ઝડપથી ભણવા માંડ્યાં. આયુર્વેદ, રસાયણ અને ભૌતિકશાસ્રનો વિજ્ઞાનભંડાર પણ અખૂટ હતો. ક્ષમા એ ક્ષેત્રે પણ ચંચુપાત કરવા માંડી.

બહુ થોડા સમયમાં અનંતાચાર્ય અને એમની વિદુષી પુત્રીની ખ્યાતિ આખા વારાણસીમાં પ્રસરી ગઈ. હવે ખગોળ અને ગણિત ભણવા જે નવા વિદ્યાર્થી આવતા તે આ પિતાપુત્રીને જ શોધતા. એમનું પોતાનું ગુરુકુળ રચાયું. વિદ્યાના એ વાતાવરણમાં ક્ષમા પિતા અને અન્ય અનેક ગુરુઓ કરતાંય આગળ નીકળી ગઈ.

બેએક વર્ષ આમ વીત્યાં અને અનંતાચાર્યને જણાયું કે, ક્ષમા હવે બાળક નથી રહી. મુગ્ધા-યૌવના બની ચૂકી છે. હૃદયના એક સણકા સાથે એમણે અનુભવ્યું કે પુત્રી હવે લગ્નયોગ્ય બની ગઈ છે. જન્મથી અને જ્ઞાનથી પોતાની સાથી બની રહેલી પુત્રીનો હવે પોતે વિરહ વેઠવો પડશે.

એમણે પોતાના શિષ્યોમાંથી મિહિરને પસંદ કર્યો. બંગાળના ૨૪ પરગણા પ્રદેશમાં આજે દેવલી નામે ગામડું છે. ત્યાં એ વેળા ચન્દ્રપુર નામનું રજવાડું હતું. આમ તો રાજા મુઘલ શહેનશાહનો ખંડિયો ગણાતો, પણ દિલ્હીથી તે એટલું દૂર હતું કે રાજા લગભગ સ્વતંત્ર હતો.મિહિર એના રાજપુરોહિતનો દીકરો હતો. અહીં ક્ષમા સાથે એની દોસ્તી થઈ હતી. બંને ખગોળ અને ગણિતના કોયડા બનાવવા અને પૂછવાની રમત કર્યા કરતાં. એ રીતે, રમત રમતાં તેઓ વિજ્ઞાનનાં સૂક્ષ્માતિસૂક્ષ્મ પાસાંઓને સ્પર્શી લેતાં.

ચંદ્રપુર, બંગાળના રાજા પોતાનાં વૃદ્ધ માતાજી સાથે કાશીની યાત્રાએ પધાર્યા. સ્વાભાવિક જ એમણે પોતાના રાજ-પુરોહિતના પુત્રની ભાળ મેળવી. મિહિર પોતાના રાજવીને અહીં મળીને આનંદ પામ્યો. પોતાના ગુરુની સંમતિ મેળવીને એ તેમને ગુરુકુળમાં ખેંચી લાવ્યો.

રાજા ચંદ્રકેતુ આ ગુરુકુળ જોઈને પ્રસન્ન થઈ ગયા. ગુરુ અનંતાચાર્યની પ્રતિભાથી એ છેક જ અંજાઈ ગયા. એમને ચરણે બેસીને એમણે નિત્ય જ્ઞાનવાર્તા સાંભળવા માંડી.

થોડા દિવસ પછી એમણે પાછા વળવાની તૈયારી કરી. મિહિરને પણ સાથે લઈ જવાની એમની ઇચ્છા હતી.

મિહિરના સંતાપનો પાર ન રહ્યો. ચંદ્રપુરમાં રાજના વડા પંડિતની ગાદી એને મળનાર હતી. પણ એથી એને આનંદ નહોતો. એના આનંદનો સ્રોત તો અહીં હતો. ક્ષમા જ એના સુખનું મૂળ હતી. પરંતુ ખુલ્લંખુલ્લાં એ શી રીતે કહે કે ક્ષમાને હું લઈ જઈશ? વળી, વૃદ્ધ અનંતાચાર્યની પણ સમસ્યા હતી. એમની એકની એક દીકરીને છેક બંગાળ સુધી ખેંચી જવી એ શું યોગ્ય હતું?

વિચારતાં વિચારતાં મિહિરને એક અદ્ભુત યોજના જડી ગઈ. એણે રાજા ચંદ્રકેતુને કહ્યું, 'મહારાજ, આપણા રાજ્યની શોભા વધે એવો એક વિચાર મને સૂઝ્યો છે.'

'એવો કયો વિચાર છે?'

'આપ ગુરુ અનંતાચાર્યને બંગાળ બોલાવી લો. એ વિજ્ઞાની છે. આપણા રાજ્યનું એમની હાજરીથી કલ્યાણ થશે.'

'વાત તો સાચી; પણ એ છેક બંગાળ લગી આવવા તૈયાર થશે ખરા?'

'આમ તો એ છેક હિન્દુકુશથી આવ્યા છે. વારાણસીમાં હવે નવા જ્ઞાનનું કોઈ આકર્ષણ નથી. એટલે જો રાજ્યાશ્રમ મળે તો જરૂર ચંદ્રપુર આવવા રાજી થાય.'

મિહિર તો પોતાના હૈયામાં પડેલી એક અન્ય ઝંખનાનો પ્રેર્યો જ આ દરખાસ્ત કરી રહ્યો હતો.

ખુદ રાજા ચંદ્રકેતુને પણ દરખાસ્ત ગમી ગઈ. એમણે એ જ સાંજે અનંતાચાર્ય સમક્ષ આ દરખાસ્ત મૂકી દીધી. અનંતાચાર્ય સ્મિત કરી રહ્યા. મિહિરની ક્ષમા પ્રત્યેની લાગણી એમનાથી અજાણી નહોતી. આ દરખાસ્તમાં મિહિરનો જ હાથ હશે! એમણે કહ્યું, 'રાજાજી, હું એક શરતે ચંદ્રપુર આવીશ. જો આપ ક્ષમાનાં લગ્ન મિહિર સાથે કરાવી આપશો તો.' અને થોડીક વાર મૌન રહીને એમણે ઉમેર્યું, 'મારા જીવનનો હવે કશો હેતુ રહ્યો નથી. માત્ર પુત્રીના સુખની ઝંખના છે. જો મિહિર જેવા લાયક યુવક સાથે એ લગ્નગ્રંથિ વડે જોડાય તો મારો આત્મા અનંત શાંતિ પામશે.'

ચંદ્રકેતુએ પણ થોડા દિવસના કાશીવાસ દરમિયાન ક્ષમાની પ્રતિભા જોઈ લીધી હતી. એ સમજી ગયા હતા કે અનંતાચાર્ય અને મિહિર કરતાંય ક્ષમા વિશેષ બુદ્ધિવતી છે. વળી, મિહિરના સૂચન પાછળનો મતલબ પણ હવે એ સમજી ગયા. એમણે તરત જ એ બંનેનાં લગ્ન કરાવી આપવાનું અને ક્ષમાની ભાવિ સુરક્ષાનું વચન અનંતાચાર્યને આપી દીધું. અલબત્ત, જે હિન્દમાં નકારાત્મક પરિબળો વીસમી સદીને અંતે સુધ્ધાં, ધાર્મિક અંધશ્રદ્ધાને બળે નગ્ન નાચ કરી શકતાં હોય તેના મધ્યયુગમાં બાપડો એક રાજા

વિજ્ઞાનવિદુષીની રક્ષાનું વચન ક્યાંથી પાળી શકે?

ચંદ્રપુરના દરબારમાં એને માટે મોખરાનું સ્થાન નક્કી થયું હતું. અહીં બેસીને એ જ્ઞાનવાર્તામાં ભાગ લેતી. આકાશી પદાર્થોની ગતિવિધિ અંગે પ્રવચનો આપતી. ગ્રહણોની સચોટ આગાહીઓ કરતી, એ માટેનાં વૈજ્ઞાનિક કારણો આપતી. પૃથ્વી પરની ઋતુઓને સૂર્યપરકમ્મા સાથે સાંકળતી. પોતાના સાદા દુરબીન વડેય ચંદ્રદર્શન કરીને જે માહિતી મેળવતી એ દરબારમાં કહી સંભળાવતી.

ગેલિલિયોના ચરિત્રની ક્ષમાને ખબર નહોતી. ધર્માન્ધ માન્યતાઓ સામે વૈજ્ઞાનિક હકીકતો રજૂ કરનારાઓને યુરોપે જીવતા બાળ્યા હતા એની ક્ષમાને જાણ નહોતી. એ તો જે સત્ય જાણતી તે ઉચ્ચારતી. એને ખબર નહોતી કે એના દુશ્મનો આ જ દરબારમાં બેસીને એના સર્વનાશનાં કાવતરાં ઘડી રહ્યા છે!

બ્રાહ્મણ પુરોહિતોનાં જૂઠાણાં સામે વૈજ્ઞાનિક સત્ય રજૂ કરતી આ યુવતી પર તરાપ મારવાની તક જલદી સાંપડી ગઈ. ઈ.સ. ૧૭૪૨ના શિયાળામાં એક જબરદસ્ત ધરતીકંપે બંગાળનાં મેદાનોને હચમચાવી મૂક્યાં. એનો સૌથી ભારે આંચકો કિનારાનાં મેદાનોમાં વરતાયો હતો. ચંદ્રપુરના શાસન હેઠળનાં ગામડાંઓમાં કાળો કકળાટ વ્યાપી ગયો. હજારો કુટુંબો બેઘર બની ગયાં. દરિયાનાં પાણીએ ધસીને ખેતી ધોઈ નાખી.

વસતીએ ચંદ્રપુરમાં ધામા નાખ્યા. રાજા પાસે આશ્રય માગ્યો. ઉદાર રાજાએ ખજાનો ખુલ્લો મૂકી દીધો. પણ પંડિતોએ લાગ સાધ્યો. એમણે રાજાને કહ્યું કે આવી કુદરતી આફતોના નિવારણ સારુ પૃથ્વીદેવીને ભોગ આપવો જોઈએ. રાજાએ વાત કબૂલ રાખી. મિહિરનો અભિપ્રાય પુછાયો. એણે પણ ભોળે ભાવે સંમતિ આપી.

બલિદાનની આ વાતમાં સૌ બ્રાહ્મણો સંમત થયાનું જાણ્યું ત્યારે પહેલાં તો ક્ષમાને હસવું આવ્યું. પછી ગુસ્સો ચડ્યો. બલિદાન વડે રીઝીને ધરતી ધ્રૂજવાનું બંધ કરશે એવી બુદ્ધિહીન વાતમાં અન્ય બ્રાહ્મણો તો ઠીક, ખુદ મિહિરની પણ સંમતિ જોઈને આ વિજ્ઞાની નારીને દુઃખ થયું. પછી એ દરબારમાં ગઈ. એણે જણાવ્યું કે ધરતીકંપ તો સદીઓથી થતા જ રહ્યા છે. એને માટેનાં કારણ જણાયાં નથી; પરંતુ માનવીનું બલિદાન આપવાથી ધરતી ધ્રૂજે નહિ એને કોઈ શાસ્ત્રનો આધાર નથી. છતાં એવાં શાસ્ત્રવચન હોય તો બતાવો!



દરબારમાં કોઈ ક્ષમાનો આ પડકાર ઝીલી શક્યું નહિ. પરંતુ એના આ પડકારે અને વિજયે એક અવળી જ અસર કરી. પુરોહિતો બધા ઈર્ષા અને કિન્નાખોરીથી સળગી ઊઠ્યા. એમણે કોઈ પણ ઉપાયે ક્ષમાનો નાશ કરવાનું ઠરાવ્યું. એમણે વાતો ફેલાવવા માંડી કે ક્ષમા તો ઉત્તરમાંથી ઊતરી આવેલી ડાકણ છે! એણે જ પોતાના જંતરમંતરથી ધરતી હલાવી મૂકી છે. આપણા રાજમાં એ હશે ત્યાં સુધી સુખનો રોટલો નહિ ભાળીએ.

એમણે ખુદ રાજાને આ વાત સમજાવી દીધી. પોતાના આક્ષેપના ટેકામાં સમસ્ત અજ્ઞાન-પ્રજા ખડી કરી દીધી. મિહિરના કાનમાંય ઝેર રેડ્યું : 'અલ્યા, આ તો પિશાચિની છે. એક દહાડો તને કાચો ને કાચો કચડી ખાશે.'

બધાના સંયુક્ત અભિયાનનું પરિણામ એ આવ્યું કે રાજા ચંદ્રકેતુએ ક્ષમાને કહેવડાવ્યું, 'મારા રાજયમાં તારે માટે સ્થાન નથી. માટે અગ્નિસ્નાન કરી લેજે. એમ નહિ કરે તો પ્રજાજનો જ તારા ઘરને આગ ચાંપશે.'

ક્ષમાવતી માટે આ દુઃખની વાત હતી. જ્ઞાન-વિજ્ઞાન પ્રસારવા માટે એ સુદૂરના દેશમાં આવી હતી. દેશના રાજા અને પુરોહિતપુત્રને નિમંત્રણે આવી હતી. એ જ દેશ, રાજા અને પ્રજા હવે એનો પ્રાણ માગતા હતા. બુદ્ધિગમ્ય વાત કોઈને રુચતી નહોતી. જ્ઞાનનાં તેજ કરતાં અજ્ઞાનનો અંધકાર આ અબુધોને વહાલો હતો!

ક્ષમાએ તરત જ નિર્ણય કરી લીધો. લોકો આવીને અપરાધિની કે ડાકણ ગણીને મને સળગાવી જાય તે પહેલાં જ હું મારી જાત અગ્નિને હવાલે કરી દઈશ.

વળતે દિવસે પરોઢે, ઘરના વાડામાં લાકડાં ગોઠવી, એ પર ઘી છાંટીને સ્વરચિત ચિતા પર ક્ષમા ચડી ગઈ. સ્વહસ્તે એણે ચિતાને આગ ચાંપી.

ઘડીએકમાં તો પ્રભાતનો શીતળ પહોર અગ્નિના તડબડાટથી ચોંકી ઊઠ્યો. મિહિર ઘર બહાર નીકળ્યો. પણ પ્રિય પત્નીને બચાવવા એ કશું કરી શકે એમ નહોતો. એ માત્ર કાયર આંસુ સારી રહ્યો.

અને આમ, મધ્યયુગની એક હિન્દી વિજ્ઞાનવિદુષીનો અકાળે અંત આવ્યો. શું એની ચિતામાંથી દેશમાં વિશેષ વિજ્ઞાનવિદુષીઓ જન્મી? શું વહેમ કરતાં વિજ્ઞાનનું બળ વધ્યું? શું માનવતાવાદી વિચારોને માન મળતું થયું?

હજુ તો એવા અણસાર ઓછા છે. હજુ તો પ્રગતિશીલ વિચારો ધરાવનારને રૂંધવા-બાંધવાની જ પ્રથા પ્રચલિત છે. હજુ તો આ દેશમાં વિજ્ઞાન કરતાં અંધશ્રદ્ધા વધુ બળવાન છે.

કદાચ એકવીસમી સદીમાં આ દેશ પુનઃ જાગશે. આશા અમર છે. □

- ગાર્ગી વૈદ્ય ('જનસત્તા'માંથી)

અડ દડ કો

તનીભાઈના ભાઈબંધો

શ્રદ્ધા ત્રિવેદી

'તો બા આ છોકરાથી તો! નવ નવ વાગ્યા સુધી પડી રહે. કેટલી વાર કહેવાનું કે ભાઈ, વહેલા ઊઠો. પણ... સાંભળે છે કોણ? હવે એ ઊઠશે ક્યારે? ન્હાશેધોશે ક્યારે? ખાશે ક્યારે?... ને પછી નિશાળે દોડવાનું. સાંભળો છો, આ તમારા લાડકાએ તો હવે હદ કરવા માંડી છે હોં! હું તો કહી કહીને થાકી ગઈ.' કપિલાબહેને સુશીલભાઈને ફરિયાદના સૂરમાં કહ્યું.

'મનેય અકળામણ થાય છે. નાનો હતો ત્યાં સુધી ઠીક હતું. હવે તો એ ખાસ્સો મોટો થયો છે. ભણવાનું ય વધ્યું છે. પણ એ એનો એ જ રહ્યો. જે માગે તે હાજર કરીએ છીએ. હવે તો મને ય ચિંતા થાય છે. બહુ લાડ લડાવ્યા ને હવે પસ્તાવો થાય છે.' સુશીલભાઈએ પણ વ્યથા રજૂ કરી.

તની અને તરુ એમનાં સંતાનો. તની દીકરો એક જ તે ખૂબ લાડેકોડે ઉછેરે. તની નાનો હતો ત્યારથી તે જે માગે તે હાજર કરે. થોડો મોટો થયો ને તેને શાળાએ મૂક્યો. કપિલા-બહેન જાતે જ લેવામૂકવા જાય. તેને મન થાય ત્યાં સુધી તે ઊંઘ્યા કરે. લેસન કરવું હોય તો કરે. ને નહીં તો બહેનને કહી દે કે પેટમાં દુઃખતું હતું. જો શાળામાં બહેન તેને શિક્ષા કરે તો શરૂમાં તો કપિલાબહેન તેનું ઉપરાણું લે. ઘણી વાર સાથે ભણતા છોકરાઓને મારે પણ ખરો. ને મન ફાવે તો નાસ્તોય કરાવે. તરુ તો તેનાથી ખાસ્સી પાંચ વર્ષ નાની. જો નાની તરુને મમ્મીપપ્પા વધારે રમાડે તોય તે ખિજાય. રમકડાં છુટ્ટાં ફેંકે. ખાવા-પીવામાંય જીદ. મા-બાપને થાય : 'મોટો થશે એટલે ઠેકાણે આવી જશે.' પણ... તનીભાઈ મોટા થયા તોય એવા ને એવા રહ્યા. હવે તો માતા- પિતાને ખૂબ ચિંતા રહેતી.

તનીભાઈના આળસની યે શી કથા કરવી? તેમને આઇસક્રીમ ખૂબ ભાવે. એક દિવસ તેમના પપ્પા ઓફિસેથી ઘેર આવતી વખતે આઇસક્રીમ લાવ્યા. મમ્મીએ વાટકીમાં કાઢ્યો. એક વાટકી તનીને આપી, તરુને આપી, સુશીલ ભાઈને આપી ને પોતે લીધી. થોડી જ વારમાં ત્રણે જણનો આઈસક્રીમ પૂરો થયો. પણ તનીભાઈએ તો ખાવાની



આઈસક્રીમ ખાતાં તારાબહેન અને તની

શરૂઆત પણ નહોતી કરી. મમ્મી : 'અરે તની! ખાવા માંડ. જો એનું દૂધ થવા માંડ્યું.'


તની : 'મમ્મી, ચમચી પકડીને ખાવાનો કંટાળો આવે છે. દૂધ થશે એટલે સ્ટ્રો વડે પી જઈશ.'

તરુ : 'તો તેં આઈસક્રીમ ખાધો ના કહેવાય. એ તો કોલ્ડડ્રિંક પીધું કહેવાય.' પણ તનીભાઈ તો ના હાલે કે ચાલે. વળી તનીભાઈનો મિજાજ પણ ભારે! ને બીકણ પણ એવા. વાત મોટી વાઘ માર્યાની કરે પણ ઘરમાં જો એકલા રહેવાનું આવે તો ધરાર ના પાડી દે!

એક વાર એમનાં મમ્મી-પપ્પાને બહારગામ જવાનું થયું. રાત્રે આવતાં મોડું થાય તેમ હતું. નિશાળેથી આવ્યાં પછી તરુ અને તનીએ મમ્મીએ કરેલાં પૂરીશાક ખાઈ લીધાં. પછી તરુ તો બહેન-પણીઓ સાથે પોળમાં રમવા ગઈ. તનીભાઈ તેને ના પાડે તે પહેલાં તો તે દોડી ગઈ. હવે તનીભાઈ તો ઘરમાં એકલા પડ્યા. વિક્રમરાજાની વાર્તાની ચોપડી તેમને નિશાળમાંથી વાંચવા મળેલી તે વાંચવા લાગ્યા. માંડ થોડી વાર્તા વાંચી કે રસોડામાં ખખડાટ થયો ને બેચાર વાસણ પડ્યાં. તેનો અવાજ સાંભળી તનીભાઈ તો ઘરમાંથી કૂદકો મારીને ભાગ્યા કે વાત ના પૂછો. સીધા પહોંચ્યા તરુ રમતી હતી ત્યાં. તનીભાઈ તો થરથર ધ્રૂજે. તરુ ને તેની બહેનપણીઓ તેમની આસપાસ વીંટળાઈ વળી. તરુ કહે : 'તનીભાઈ! તનીભાઈ! શું થયું? કેમ આમ ધ્રૂજો છો?'

પણ તનીભાઈ તો કંઈ બોલી જ ના શકે ને! એ તો માત્ર ઘર બાજુ જોયા કરે. એમના હાથમાં પેલી વાર્તાની ચોપડી હતી. તરુ પૂછે : 'તમે ભૂત જોયું?...' ને ભૂતનું નામ સાંભળીને તો તની-ભાઈનાં રૂંવાડાં જ ખડાં થઈ ગયાં. તરુ તેની બહેનપણીઓને કહે : ચાલો, આપણે મારે ઘરે જઈને જોઈએ કે શું છે?'

ટોળી તરુના ઘરમાં ગઈ. તનીભાઈ તો ત્યાંના ત્યાં જ! તરુએ એક પછી એક બધું જોઈ નાખ્યું. ક્યાંય કશું લાગ્યું નહીં. તેણે તનીને બૂમ પાડી. માંડ માંડ તનીભાઈ ઘરમાં આવ્યા. ને રસોડા તરફ આંગળી ચીંધી. તરુ રસોડામાં ગઈ. જોયું તો બેચાર વાસણ આમ તેમ પડેલાં. તેણે લાઈટ કરી જોયું તો ખૂણામાં પાંજરા નીચે બિલાડી ભરાઈ ગયેલી. બહાર જઈ તે સાવરણી લઈ આવી ને બિલાડીને ભગાડી દીધી ને કહેવા લાગી : 'વાહ, મારા બહાદુર મોટાભાઈ, વાહ! ભૂત ભાગી ગયું છે, હોં! બિલાડીને જતી જોઈ તનીભાઈના જીવમાં જીવ



રસોડામાં બિલાડી, તરુ અને બહેનપણીઓ

આવ્યો. તરુને કહે : 'તરુ, તમે લોકો અહીં ઘરમાં જ રમોને!

બધી બહેનપણીઓ હસવા લાગી. તનીને ખરાબ તો લાગ્યું પણ બીક એવી લાગતી હતી કે માથેમોઢે ઓઢી સૂઈ ગયો. થોડી વારે એમનાં મમ્મી-પપ્પા પણ આવી ગયાં.

તનીભાઈ બીકણ તો બીકણ! પણ તોય પાછા ગુસ્સાવાળાય બહુ. જમતાં જમતાં જો તેમને ભાવતી વસ્તુ કોઈ ના હોય તો થાળી ફેંકતાય વાર નહીં! એટલે એમનાં મમ્મીને તો ખૂબ ચિંતા થતી.

તનીભાઈનાં દાદા-દાદી બાજુના નાનકડા શહેરમાં રહે. દાદા ડૉક્ટર હતા. ને દાદી પણ તેમને મદદ કરે. તનીભાઈના પપ્પાને એક સરસ કંપનીમાં નોકરી મળી. તેથી તે શહેરમાં રહે. અવારનવાર તે પોતાનાં બા-બાપુજીને મળવા જાય. ક્યારેક દાદા-દાદી પણ તેમને ઘેર આવે. એક વાર તેઓ તનીભાઈના ઘેર આવ્યાં હતાં. તેમને તેમના દવાખાના માટે થોડું ખરીદવાનું હતું. તરુ તો બા-દાદાને જોઈ ખૂબ ખુશ થઈ ગઈ. પણ તનીભાઈ તો બસ! એ જ એમની રીતભાત! દાદાએ જોયું કે તની તો દફતર ફેંકીને, અંદર જઈ પલંગમાં પડ્યો. તેમણે ધીમે રહી કપિલાબહેનને પૂછ્યું : 'શું, તની માંદો છે?'

કપિલાબહેને પેટછૂટી વાત કરી. તે સરખું ભણતોય નથી કે નથી સરખું કોઈ કામ કરતો. મોડે સુધી પડી રહે



બા-બાપુજી સામે વ્યથા વ્યક્ત કરતાં કપિલાબહેન

ને પાછો મિજાજ કરે. વાત કરતાં કરતાં તો તેમની આંખમાં આંસુ આવી ગયાં. બા કહે : 'બેટા! ચિંતા ના કર. થોડા દિવસ તું એને અમારે ત્યાં મોકલ. સૌ સારાં વાનાં થશે.'

દાદા : 'હા બેટા! એને મોકલ. અહીં તેના ભાઈબંધો સારા નથી.'

કપિલાબહેન : 'પણ બાપુજી! એને કોઈ ભાઈબંધ જ નથી. એ જ ઉપાધિ છે ને! ભાઈબંધો જો હોત તો તે આવો આળસુ કે બીકણ ના હોત.'

દાદા : 'હું, એના આ જ ભાઈ-બંધોની વાત કહું છું. આળસ-જૂઠ-ક્રોધ એ બધાં એનાં ભાઈબંધો છે. એ દોસ્તી બદલાવવી પડશે. અમે એને અમારી જોડે લઈ જઈશું. એક-બે મહિના ભલે એની નિશાળ બગડે, પણ પછી તેની જિંદગી સુધરી જશે.'

'અરે! બે શું બાર મહિના છો ને થાય. આમેય શું ભણે છે? એક વરસ અત્યારે પાછો ભલે પડે, પણ પછી જિંદગીમાં તો તે ક્યારેય પાછો ના પડે તે બસ. ને બા! કદાચ છે ને તે ના સુધરે તોય તમે દુઃખી ના થશો. જીવ ના બાળશો. જેવું મારું નસીબ!' કહી કપિલાબહેન ફરી રડી પડ્યાં.

દાદા : 'પણ તું જોજેને બેટા! મારો તની કેવો ડાહ્યો ને હોંશિયાર થઈને આવે છે તે! જો અમે કાલે બપોરે જ પાછાં જવાનાં છીએ. અમારી સાથે જ તે આવશે. તેનો સામાન તું તૈયાર રાખજે.'

બીજે દિવસે તનીભાઈ તો ટેવ પ્રમાણે મોડા ઊઠ્યા. જોયું તો દાદાને મળવા બેત્રણ મોટા ડૉક્ટરો આવેલા. સૌ દાદાને માન આપતા હતા. થોડી વારે તેઓ ગયા. તનીને જોઈ દાદા કહે : 'અરે વાહ! મારો દીકરો ઊઠી ગયો! ચાલ, હવે તૈયાર થઈ જા. ને મારી સાથે બજારમાં ચાલ.' બજારમાં દાદા સાથે જવું કે ના જવું તે હજી નક્કી કરે તે પહેલાં તો દાદા પોતાના કામે લાગી ગયા. થોડી વારે દાદાએ ફરી બૂમ પાડી. પણ તનીભાઈ તો હતા તેવા ને તેવા. દાદા કહે : 'તું હજી તૈયાર નથી થયો, તની! કંઈ નહીં. તરુ, તું તૈયાર છે? હંઅઅ... તો તું ચાલ.' દાદા તરુને લઈને ગયા. ને અડધો કલાકમાં પાછા પણ આવી ગયા. તરુને તેમણે સરસ મઝાનો ડ્રેસ અપાવ્યો હતો. તરુ તો ખુશખુશાલ હતી. દાદા : 'તની, આવ્યો હોત તો તને કંઈક અપાવત. કંઈ નહીં. હવે ફરી કોઈ વાર. કેમ તની?' કહી તે તો ત્યાંથી ખસી ગયા. તરુ પણ તનીને ડિંગો બતાવી જતી રહી. થોડી વારે મમ્મીએ તનીને કહ્યું : 'તની, તારે બા-દાદા સાથે જવાનું છે. આ તારી થેલી તૈયાર કરી છે. તેમાં તારી ચોપડીઓ-કપડાં બધું મૂક્યું છે.' જ્યાં આ સાંભળ્યું કે તનીનું તો ફટક્યું. એક તો દાદાએ

(અનુસંધાન પૃ.૪૫)



નવા ડ્રેસમાં દાદા સાથે તરુ

સાહિત્યસંપર્ક

ગઅટે : ૨૫૦મી જન્મજયન્તીએ

વિશ્વના સાહિત્યમાંનાં કેટલાંક ઉન્નત શિખરોમાંનું એક તે જર્મન કવિ-નાટ્યકાર-ચિંતક અને વિશ્વપુરુષ યોહાન



વોલ્ફગૅંગ ફોન ગઅટેનો જન્મ ઈ. ૧૭૪૯ના ઑગસ્ટની ૨૮મીએ ફ્રાન્કફુર્ટ-આમ-માઈન નામના શહેરમાં પિતા યોહાન કાસ્પર અને માતા ઇલિઝાબેથ ટેક્સ્ટરને ત્યાં થયેલો. આ એમની ૨૫૦મી જન્મજયન્તીનું વર્ષ છે. ૧૮૮૭થી ૧૯૧૯ દરમિયાન વાઈમાર નગરમાંથી એમના સમગ્ર સાહિત્યના ૧૩૩ ગ્રંથો પ્રકટ થયા હતા. પિતાનો અહંકાર અને માતાનો અહોભાવ તેમને વારસામાં મળ્યા હતા. એ કાળે ગઅટેના નિવાસસ્થાનની નજીકમાં ફ્રેન્ચ લશ્કરી ટુકડીનો પડાવ હતો અને તેનો નાયક કાઉન્ટ થૉરાંક ગઅટેના પિતા પાસે અવારનવાર આવતો અને ફ્રેન્ચ સાહિત્યની રસલહાણ કરતો. પાંચેક વર્ષનો ગઅટે આમ શૈશવકાળથી ફ્રેન્ચ સાહિત્ય પ્રત્યે આકર્ષાયો. ૧૬ વર્ષની ઉંમર સુધીમાં શિક્ષણની સાથોસાથ ગઅટેએ ઇટાલિયન, હિબ્રૂ અને અંગ્રેજી સાહિત્યનો પણ પરિચય કેળવી લીધો. આ રીતે ભાવિના એક ઉત્તમ સાહિત્યકારનો આ સઘન ઘડતર-કાળ હતો. પરન્તુ પિતાની ઇચ્છા પુત્રને વકીલ બનાવવાની હતી. આથી ગઅટેને, પિતાની મરજીથી વિપરીત એવી કાયદાશાસ્ત્રની શાખામાં અભ્યાસ કરવા ૧૭૬૫માં લાઈપત્સિશની યુનિવર્સિટીમાં મોકલી આપ્યો. પરન્તુ અહીં માંદગીમાં સપડાતાં એ ૧૭૬૮માં અભ્યાસ અધૂરો મૂકી વતન પાછો ફર્યો. પણ આ ત્રણ વર્ષના ગાળા દરમિયાન એ ધાર્મિક રહસ્યવાદ, ઍલ્કમિ, જ્યોતિષશાસ્ત્ર, ગુહ્ય તત્ત્વવિદ્યા આદિમાં ઊંડો રસ લેવા લાગ્યો, જેની અસરો એમની સર્વશ્રેષ્ઠ કૃતિ 'ફાઉસ્ટ'માં વર્તાયા વગર રહેતી નથી. વળી, એ આ ત્રણ વર્ષના અધૂરા અભ્યાસકાળમાં ગ્રેટ્શેન નામની તેરેક વર્ષની કિશોરીના પૂરા પ્રેમમાં પડ્યો અને એ પ્રથમ પ્રણયાનુભવે એને પ્રેમની રહસ્યમયી સૃષ્ટિમાં મૂકી દીધો. પછી તો એના જીવનકાળ દરમિયાન અનેક પ્રેમિકાઓએ પ્રવેશ કર્યો. અને જીવનભર એ પ્રેમનો અર્થ પામવા મથતો રહ્યો. દરમિયાનમાં ૨૧ની વયે અધૂરો રહેલો અભ્યાસ પૂરો કરવા માટે સ્ટ્રાસબર્ગ પહોંચ્યો, જ્યાં જે.જી. હર્ડર નામના આંખની સારવાર માટે આવેલા એક વિવેચકની એને અલ્પકાલીન પણ ચિરંજીવી મૈત્રી થઈ. હર્ડરે એને ફ્રેન્ચ સાહિત્યના વળગણમાંથી મુક્ત કરાવ્યો અને જર્મનના તળ સાહિત્ય પ્રતિ અભિમુખ કર્યો. આ પૂર્વે એણે ફ્રેન્ચ પ્રભાવિત અને પ્રેમાવેશ આધારિત ઊર્મિકો લખ્યાં હતાં. હવે તેને સાહિત્યનો નૂતન રાહ મળી ગયો. જર્મન સાહિત્યનાં મૂળમાંથી પ્રેરણા મેળવી એણે સ્વપ્રતિભાના બળે નવસર્જન કર્યું. આનું પ્રથમ પ્રયાણ તે 'ગ્યૂન્ઝ ફૉન બર્લિશિંગેન' નામક નાટકનું સર્જન. શેક્સ્પીઅર શૈલીના આ નાટકે યુવાન ગઅટેને સમગ્ર જર્મનીમાં સુખ્યાત બનાવી દીધો અને આ કૃતિએ જર્મન સાહિત્યમાં 'સ્ટર્મ ઍન્ડ ડ્રંગ' (તોફાન અને તનાવ) નામક યુગનો આરંભ કર્યો. એ જ વર્ષે એટલે કે ૧૭૭૩માં એ વકીલાતનો વ્યવસાય કરવા વેટ્ઝલાર ગયો, જ્યાં તે કારકિર્દીમાં નિષ્ફળ રહ્યો. વળી, ત્યાં પોતાના એક મિત્રની વિવાહિતા સાથે પ્રેમમાં પડ્યો અને પુનઃ નિષ્ફળ ગયો. આ ઘટનાથી ઉત્તેજાઈ એણે ફ્રાન્કફુર્ટ આવી 'ધ સૉરોઝ ઑવ્ વેર્ટર' નામક નવલકથા ઈ.૧૭૭૪માં પ્રકટ કરી. ફ્રાન્કફુર્ટથી એ ડ્યુસ્સેલફોર્ડ ગયો, જ્યાં સ્પિનોઝા વિશે ખૂબ ચર્ચાઓમાં ભાગ લીધો અને વિજ્ઞાનમાં એનો રસ સક્રિય બન્યો અને કુદરતનાં રહસ્યોમાં રસ લેવા લાગ્યો.

આ દરમિયાન ઈ.૧૭૭૪ના અંતે ગ્રાન્ડ ડ્યૂક ચાર્લ્સ ઑગસ્ટસ ગઅટેને વાઇમાર આવવાનું નિમંત્રણ પાઠવ્યું. ગઅટેએ તે નિમંત્રણનો તત્કાલ સ્વીકાર ન કર્યો. ફરી ઈ.૧૭૭૫ના ઑક્ટોબર મહિનામાં ચાર્લ્સ ઑગસ્ટસે પેલા નિમંત્રણને દોહરાવ્યું. હવે ગઅટે વાઇમાર ગયા અને ઈ.૧૮૩૨ સુધી મૃત્યુપર્યંત ત્યાં જ રહ્યા. વચ્ચે ૧૮મી સદીના નવમા દશકના ઉત્તરાર્ધમાં બે વાર ઇટલીનો પ્રવાસ કર્યો. વાઈમારમાં વિવિધ રાજકીય પદો સંભાળ્યાં પછી ઇટલીમાં ગઅટે પોતાના ઊર્મિલ ચિત્તતંત્ર અને સાહિત્યિક-સાંસ્કૃતિક ચિત્તછાપોને કોરાણે મૂકી મનઃશાન્તિ માટે અજાણ ભ્રમણ કરવા લાગ્યો. આ દરમિયાન પ્રાચીન ગ્રીક સંસ્કૃતિ અને કલા તરફ આકર્ષણ વધતું ગયું. પરિણામે એમની પછીની સાહિત્યિક રચનાઓમાં આ પ્રભાવ પ્રધાન રહ્યો. અને એમની સર્જનદૃષ્ટિ વૈશ્વિક બની. તત્કાલીનને આશ્રયે સર્વકાલીન લક્ષ્યતી એમની પછીની રચનાઓ એમની સાહિત્યિક કારકિર્દીની ઉત્તમ પરિણતિ બની રહી. 'ખંડક ફાઉસ્ટ', 'એગમોન્ટ', 'ઇફીજીની ઑવ્ ટૉરિસ' અને 'તોર્કાતો તાસ્સો' એ ચારેય નાટ્યકૃતિઓનું તેમના આ ઇટલીપ્રવાસે નવસંસ્કરણ કર્યું.

કવિ શિલરની દોસ્તી એમના ઉત્તર જીવનની અનુત્તર ઉપલબ્ધિ છે. ઇટલીથી પરત આવ્યા પછી ગઅટે માર્યા માર્યા ફરતા હતા, ત્યારે શિલરે એમને 'ધ હોરેન' નામક પોતાના પત્ર માટે લખવાનું નિમંત્રણ પાઠવ્યું. આ કામગીરીથી ગઅટેના જીવનમાં પુનઃ બહાર આવી!

ઇટલીના પ્રવાસ દરમિયાન એમણે પ્રતિષ્ઠાના શિખરે સ્થાપનાર 'ધ રોમન એલિજિઝ' લખી જે ઊર્મિપક્ષે સબળ અને ક્લાપક્ષે સફળ છે. પણ ઘોર વિપત્તિકાળમાં શિલરની મૈત્રીથી જે નવું ભોર ફૂટ્યું હતું તેનો અઘોર અંધકાર ૧૮૦૫માં શિલરના મૃત્યુ સાથે વ્યાપી વળ્યો. ગઅટેને જાણે પોતાનું જ અર્ધું મૃત્યુ અનુભવવાનું થયું!

આવા એક વિશ્વઐક્ય ઝંખતા વિશ્વપુરુષે પૂર્વપશ્ચિમની સંસ્કૃતિઓનો સંગમ સાધવા 'દીવાન ઓવ્ વેસ્ટ એન્ડ ઇસ્ટ' ૧૮૧૯માં પ્રકટ કર્યું. આવી જ સમુન્નત ભાવનાથી પ્રેરાઈને એમણે 'વિશ્વસાહિત્ય'ની ભાવના-વિભાવના તરતી મૂકી હતી. એમણે નિસર્ગવિજ્ઞાનમાં પણ નોંધપાત્ર ફાળો આપ્યો. ૧૮૦૫થી '૧૦ના ગાળામાં એમણે તૈયાર કરેલું વિજ્ઞાનપુસ્તક 'થીઅરિ ઑવ્ કલર' એમની કીર્તિદા કૃતિ બની રહ્યું. એમના ગ્રંથરાશિમાં લગભગ ૧૪ જેટલાં તો વિજ્ઞાનગ્રંથો છે. એમની આત્મકથાના ત્રણ ભાગ એમણે અનુક્રમે ઈ.સ. ૧૮૧૧, ૧૮૧૨ અને ૧૮૧૪માં પ્રકટ કર્યાં. ૧૮૧૬-૧૭માં ઇટલીપ્રવાસનું પુસ્તક 'ઇટાલી એ નિશ રાઈસ' પ્રકટ કર્યું. 'ફાઉસ્ટ'નું પ્રથમ પ્રકાશન ૧૮૦૮માં થયા પછી ૧૮૨૮ બાદ જીવનનાં અંતિમ વર્ષો દરમિયાન એ અમર રચના 'ફાઉસ્ટ'ને પરિપૂર્ણ કરવામાં લાગી ગયા હતા. અને અન્તે તે તેના ઉત્તમાંશો સાથે જીવનના સંધ્યાકાળે પ્રકટ થઈ, પણ એ રચનાએ એમને સદાને માટે સમયના કીર્તિમધ્યાહ્ન પર સ્થાપી આપ્યા.

આવા મનીષી અને માતબર સાહિત્યકારનું ૧૮૩૨ના માર્ચની ૨૨મીએ શરદીની બીમારીને કારણે ૮૨ વર્ષની પાકટ વયે અવસાન થયું હતું. - ધી.પ.

પ્રાપ્ત પ્રકાશનો

ચોમાસાનું વહાલ (કાવ્યસંગ્રહ) : લે. નિરંજન મ. દેસાઈ 'અમીદાન', પ્રકાશક : પોતે, હનુમાન ભાગડા, વાયા વલસાડ, ડિમાઈ સાઈઝ, પૃ.૨૪, કિં.રૂ.૧૦.

અનુ.] વાચકો લખે છે [પૃ.૨થી
સૌર વર્ષ અને ચાંદ્ર વર્ષને સાથે રાખે છે અને તે વિશિષ્ટતા છે અને તે કંઈ અંગ્રેજી સત્તા દરમિયાન બન્યું નથી.

૧૪મી જાન્યુઆરી મકરસંક્રાંતિ સૂર્ય પર આધાર રાખે છે અને આ તારીખ પણ બદલાય છે. પણ સામાન્ય જનતા એવું માને છે કે મકરસંક્રાંતિ એટલે ૧૪મી જાન્યુઆરી. પણ વિવેકાનંદનો જન્મ મકરસંક્રાંતિએ થયો હતો અને ત્યારે તારીખ ૧૨ જાન્યુઆરી હતી. બીજું સૌર પંચાંગ પણ ગુડફ્રાઈડે માટે ચંદ્ર પર આધારિત છે. ફ્રાઈડે એટલે શુક્રવાર આવે પણ તેની તારીખ માટે પૂર્ણ ચંદ્ર ક્યારે છે તે જાણવું પડે અને તે પરથી આ તહેવાર નક્કી થાય. આવી ક્લિષ્ટતા હોવા છતાં સૌર પંચાંગમાં ગુડફ્રાઈડે તો છે જ. આમ, આપણે ચંદ્ર પર આધાર રાખતુ પંચાંગ જાહેર ઉપયોગ માટે વૈજ્ઞાનિક હોવાથી અગવડભર્યું ન કહી શકીએ.

- ભરત મહેતા (રાજકોટ)

નવેમ્બર ૧૯૯૯ના અંકમાં સંગીતના લેખમાં સામગાન વિશે રસપ્રદ માહિતી આપી છે. કેટલાંક વર્ષો પહેલાં વેરાવળ (સોમનાથ) ખાતે નોકરીમાં હું હતો ત્યારે આજુબાજુનાં ગામોમાં પોતાના માઢે રબારી કોમને આરોહ-અવરોહ સાથે સામગાન (માત્ર આલાપ જેવું) કરતા મેં સાંભળેલા.

એમ તો રાજકોટ પાસે પડધરીમાં સ્વ. રેવાશંકરભાઈ શાસ્ત્રી થઈ ગયેલા. તેમને સામવેદ કંઠસ્થ હતો અને બ્રિટિશ ઇન્ફર્મેશને તેનું રેકોર્ડિંગ કરી લીધાની માહિતી છે.

ભારતીય પંચાંગ વિશેની આ જ અંકમાં આપેલી માહિતીમાં ઘણી વિગતો છે. આ બધું ફરીફરી મમળાવવામાં મઝા આવે છે.

કલાવાર્તા વિભાગ મારો પ્રિય વિભાગ છે. એમાં અપાતાં રેખાંકનો, તસવીરો જોવાં-સમજવાંમાં સમય ક્યાં ચાલ્યો જાય તે ખ્યાલ રહેતો નથી. ખરે જ રસપૂર્ણ વિભાગ! - ભાસ્કર ન. સ્વાદિયા (રાજકોટ)

અનુ.] અડકોદડકો [પૃ.૪૩થી
તરુને સરસ ડ્રેસ અપાવ્યો હતો. ને પોતાને કશું નહીં, પોતે તરુથી મોટો તોય! ને હવે મમ્મીએ પોતાને પૂછ્યા વગર જવાનું પણ ગોઠવી દીધું. તેણે તો મમ્મીના હાથમાંથી થેલી ખેંચી ને જોરથી અંદરની બાજુએ ફેંકી. તે જ વખતે અંદરથી દાદા બહાર આવતા હતા. તેમણે થેલી ઝીલી લીધી. કહે : 'તની! તું સરસ બોલર થઈ શકે હોં! આપણે તેને ક્રિકેટમાં મોકલીશું, જો, મનેય કૅચ કરતા કેવો સરસ આવડ્યો નહીં?' પછી તેની પાસે જઈ તેને ખભે હાથ મૂકી કહે : 'બેટા તની! તું તૈયાર નહીં થાય તોય ચાલશે. સુશીલ ટેક્સી લેવા ગયો છે. આપણે ટૅક્સીમાં જ જવાનું છે. અહીંથી બેસવાનું ને ત્યાંય છેક ઘરને બારણે ઊતરવાનું. જરાય તૈયાર થવાની જરૂર નથી. ત્યાં જઈ નહાજે. કેમ બરોબરને!' ત્યાં તો તરુ આવી. કહે : 'તનીભાઈ, તમારે ના જવું હોય તો પછી હું જાઉં?' હજી તો બોલવાનું પૂરું કરે તે પહેલાં તો તની ઊકળ્યો. 'ના, હું જઈશ. મમ્મી! ટૅક્સી ઊભી રાખજે. હું ઝટપટ નાહીને આવું છું.' કહી તે બાથરૂમમાં ગયો ને થોડી વારમાં તૈયાર થઈ આવી ગયો. એટલામાં ટૅક્સી પણ આવી ગઈ.

કપિલાબહેન : 'બા, તની બહુ પજવે તો કહેવડાવી દેજો. લઈ જશે. તમે બહુ હેરાન ના થતાં.'

દાદા : "પણ તની પજવવાનો જ નથી ને! જો સાંભળ! થોડા દિવસ પછી જો તું ત્યાં આવીશ તો તને થશે, 'વાહ! મારો તની આવો સરસ!"

સુશીલ : 'બેટા તની, બા-દાદાનું કહ્યું માનજે, હોં. ને બાપુજી, તમને જરાય તકલીફ પડે તો કાગળ લખી નાખજો. આવી જઈશ.'

ને પછી 'આવજો', 'સાચવજો'ના અવાજ સાથે ટૅક્સી ઊપડી. (ક્રમશઃ)

[ચિત્રાંકન : દિવ્યકાંત વિશ્વકર્મા]

કલાવાર્તા


રેખાંકનરસિયા શ્રી હરિભાઈ ટંડેલ

'કલાગુરુ રવિશંકર રાવળના શિષ્ય શ્રી ભીખુભાઈ વી. પટેલ મારા ગુરુ.'



ગુરુ-શિષ્ય પરંપરા સંભારવાનો સદ્‌ગુણ જેમનામાં વિદ્યમાન છે એવા ચિત્રકાર શ્રી હરિભાઈ ટંડેલે પોતાની ઓળખ આપતાં નિરાળુ સૌજન્ય દાખવ્યું.

પહેલે દિવસે એક અન્ય ચિત્રકારના પ્રદર્શનમાં શ્રી હરિભાઈ સાથે મારી પહેલવહેલી મુલાકાત થઈ અને બીજે દિવસે તો એમણે મને એક સાદા પોસ્ટકાર્ડ પર ગ્રામકન્યાનું નાનું પણ રૂપકડું ચિત્રાલેખન કરી આજુબાજુના કોરા ભાગમાં મરોડદાર અક્ષરે શુભેચ્છાનાં બે-ચાર વાક્યો સાથે મોકલી આપ્યું. એ જોતાંવેંત જ મને ગાંધીયુગના વિશ્વ-વિખ્યાત ચિત્રકાર સ્વ. નંદલાલ વસુનું સ્મરણ થયું. એઓ પણ આ પ્રમાણે સ્કેચ ચીતરી પોસ્ટકાર્ડની આજુબાજુના કોરા ભાગમાં પોતાની બે અંગત વાતો સગાં-સ્નેહીઓને લખી મોકલતા. વળી, આ બીના જાણીને સૌને સાશ્ચર્ય આનંદ થશે કે સ્વ. નંદલાલ વસુનાં તે બધાં અસલ પોસ્ટકાર્ડની તો આજે ચિત્રજગતમાં અલભ્ય સંપદામાં ગણના થાય છે.



પાવાગઢનું દૃશ્ય

૧૯૪૩ની પહેલી જૂને માછી પરિવારમાં જન્મી અત્યંત ગરીબાઈ-માંથી પોતાના સંસ્કારબળે ઊજળા બનેલા હરિભાઈ ટંડેલ નવસારીની તાતા ગર્લ્સ હાઈ સ્કૂલમાં ચિત્રશિક્ષક છે. એઓ જાહેર જીવનમાં સંકળાયેલા અને સાદગીને વરેલા છે. ઉડમા ગાંધીમેળામાં એમણે દોરેલું સંનિષ્ઠ સમાજસેવક સ્વ. જુગતરામ દવેનું રેખાંકન એમની સાદગીની પ્રતીતિ કરાવે છે.

શ્રી હરિભાઈ સાહિત્યપ્રેમી પણ ખરા. ગુજરાતી સાહિત્ય પરિષદના તેઓ આજીવન સભ્ય છે. આપણી ભાષાના મૂર્ધન્ય કવિ સ્વ. ઉમાશંકર જોશીનું રેખાંકન નિહાળતા કવિની ધ્યાનસ્થ મુદ્રામાં એમનું કલાકૌશલ્ય આપણા ચિત્તને હરી લે છે. સાલ ઓઢેલા સદાબહાર કાર્ટૂનિષ્ટ મિત્ર 'ચકોર'ની હૂંફ મળી. આ ત્રણે મહાનુભાવોનો અહોભાવ કુદરતી રીતે જ સ્કેચપેન દ્વારા કાગળ પર ઊતર્યો. (જુઓ નીચે)

ધાર્મિક ઐતિહાસિક મૂલ્ય ધરાવતા પાવાગઢના ચિત્રમાં તેની ભવ્યતા સુપેરે તાદૃશ થઈ શકે તે માટે તળેટી આગળથી દૃશ્યદર્શનનો દૃષ્ટિકોણ નિયત કરી એક









આદિવાસી યુગલ

સબળ ચિત્રનું પ્રમાણભાન આબાદ રીતે જળવાયેલું નજરે ચઢે છે.

તરણેતરનો મેળો ત્યાંના આદિવાસીઓને આનંદ અને ઉલ્લાસથી મસ્ત બની નાચવાઝૂમવા લલકારે છે. હીંડોળે ચઢવા તત્પર એવા આ યુગલમાં થનગનતી યુવાની તેઓના સમગ્ર અસ્તિત્વમાં ઝળકી ઊઠેલી દેખાય છે. શ્રી ટંડેલે તરણેતરના મેળાના પ્રતીકસમા આ યુગલનું મનમોહક ચિત્રાલેખન કર્યું છે.



મરચાં વેચનારી બહેનો

ગામને પાદરે માથું ઓઢી, લાંબી બાંયનું પોલકું પહેરી, વસ્ત્રાભૂષણ સજી, લાંબે સુધી નજર લંબાવી ઊભેલી અને મરચાં વેચવા ખુલ્લા લાંબા પગ વાળીને બેઠેલી બન્ને બહેનોનું દૃશ્ય પડખેના ગોળ ગોળ વૃક્ષોની ઓથને કારણે ખીલી ઊઠ્યું છે.

જીવનજરૂરી નાનીનાની વસ્તુ વેચવા બેઠેલી આદિવાસી કન્યાઓ મેળામાં ભરાતા બજારને ભર્યુંભર્યું બનાવે છે. હરેક ચિત્રકારને તરેહતરેહનાં રેખાંકનો કરવા અહીં મોકળું મેદાન મળે છે.

ફૂલો અને માટીના ઘડા ખરીદનારની દશે દિશાએ નજર દોડાવી રાહ જોતી બે બહેનો વચ્ચે ખુલ્લા વાળમાં નાજુક હાથે ફૂલો ખોસી, પોતાના ઉન્નત ઉરપ્રદેશને વાળની લટથી વિભાગી રહેલી, નિર્દોષ નજરે નીરખી રહેલી યૌવનાનો મહેનતકસ એકવડો અને લચીલો બાંધો એ આ ધરતીનું યૌવનધન છે. શ્રી હરિભાઈ ટંડેલે આ ત્રણે પાત્રોનું અતિસુંદર ચિત્રસંયોજન કરી રેખાંકન પરનું પોતાનું પ્રભુત્વ પુરવાર કર્યું છે.



આદિવાસી કન્યાઓ



ફૂલો અને માટીના ઘડા વેચનારી યૌવનાઓ

હસમુખા હરિભાઈ હરીફાઈની હામ ભીડવામાં હરહંમેશ હોંશીલા રહ્યા છે. ૧૯૬૯ થી ૧૯૯૮ સુધીનાં શહેરકક્ષાથી માંડી રાજ્યકક્ષા સુધીની ચિત્રસ્પર્ધાઓમાં એમણે અનેક વાર પારિતોષિકો પ્રાપ્ત કર્યાં છે. તેમાં પણ રાજ્યકક્ષાની યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની ચિત્રસ્પર્ધામાં ૧૯૭૦ થી ૧૯૭૩ સુધી લગાતાર ચાર વર્ષ પ્રથમાક્રમનાં પારિતોષિકો પ્રાપ્ત કરી એઓ નોંધપાત્ર સિદ્ધિને વર્યા છે. - નાથુભાઈ મિસ્ત્રી

છ ચિત્રકારોનું ધ્યાનપાત્ર પ્રદર્શન

અમદાવાદની કન્ટેમ્પરરી આર્ટ ગેલરીમાં છ કલાકારો શ્રી વિઠ્ઠલ પટેલ નવીન ઢગત, મફત પટેલ, પ્રવીણ સોની, આલોક આનંદ તથા કિરિ જયંતનું સંયુક્ત પ્રદર્શન યોજાયું. નાગજીભાઈ ચૌહાણે આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું. છ ચિત્રકારોએ ચિત્રકલામાં ડિપ્લોમા મેળવ્યો છે. આ ઉપરાંત અનેક સ્થળે ગૌરવપ્રદ પારિતોષિકો મેળવ્યાં છે. તેમણે ગ્રૂપ શો તથા વૈયક્તિક પ્રદર્શનો પણ કર્યાં છે. તેમનાં ચિત્રો જાહેર તથા ખાનગી સંગ્રહમાં સચવાયાં છે.



વારલી લોકોની જીવનચર્યા (વિઠ્ઠલ પટેલ)



પક્ષીઓની લાક્ષણિક મુદ્રાઓ (નવીન ઢગત)




ગ્રામજીવન અને ગ્રામનારી (પ્રવીણ સોની)

ખાસ નોંધવાપાત્ર છે વિઠ્ઠલ પટેલ, નવીન ઢગત, મફત પટેલ તથા પ્રવીણ સોનીનાં ચિત્રો. અન્ય બે કલાકારોનાં ચિત્રો પણ સુંદર છે. વિઠ્ઠલ પટેલનાં ચિત્રો આદિવાસી કલા વારલી ચિત્રો પર આધારિત સુંદર સપાટી પર થયેલી સંરચનાઓ છે.

નવીન ઢગતનાં આકૃતિપ્રધાન ચિત્રોમાં માનવ ચહેરાઓ, પક્ષીઓની હાજરી છે. આ ચિત્રો આધુનિક માનવીની સ્થિતિનાં દ્યોતક છે. તેમની સંરચનાઓ આધુનિક શૈલીની છે.

મફત પટેલનાં મિક્ષ-મીડિયામાં સર્જાયેલાં ચિત્રો (પોસ્ટર, ઇંક, પ્લાસ્ટિક વ્હાઈટ) અમૂર્ત શૈલીનાં છે. તેમાં રંગો, અમૂર્ત રૂપોનું સુંદર અને આકર્ષક સપાટીઓ રચી નિરૂપણ થયું છે.

પ્રવીણભાઈ સોનીનાં ગ્રામજીવન અને ગ્રામનારીને ધબકતા કરતા વાતાવરણ-પ્રધાન ને આકૃતિપ્રધાન ચિત્રો સુંદર, મધુર રંગવિન્યાસ તથા અવકાશવિન્યાસને કારણે આકર્ષક બન્યાં છે.




મિક્ષ મીડિયામાં રચાયેલું ચિત્ર (મફત પટેલ)

શ્રીમતી પ્રવીણા સોની (મહિચા)નાં વૉલ હેન્ગિંગ અને ચિત્રો

૧૯૭૦માં અંજારમાં જન્મેલાં પ્રવીણાબહેનને બાળપણથી જ કલાના સંસ્કારો મળ્યા હતા. ૧૯૯૧માં સી.એન. કૉલેજ ઑવ્ ફાઇન આર્ટ્‌સમાંથી ચિત્રકલામાં ડિપ્લોમા મેળવ્યા બાદ ચિત્રકલા તથા મનોવિજ્ઞાન જેવા વિષયોમાં માસ્ટર ઑવ્ આર્ટ્‌સની ઉપાધિ મેળવી. ગુજરાત યુનિવર્સિટીના ૧૯૮૯, '૯૪, '૯૫ના યુથ ફેસ્ટિવલમાં ભાગ





ફૂલોનું સૌંદર્ય (મદનલાલ મીના)

[illegible] ઑન ધ સ્પૉટ ચિત્રકલા સ્પર્ધામાં ઈનામો મેળવ્યાં તથા '૯૪-'૯૫માં કલે મોડલિંગ સ્પર્ધામાં પણ ઈનામો મેળવ્યાં. તેમણે અત્યાર સુધીમાં છ સ્થળોએ કલાશિબિરોમાં ભાગ લીધો છે. રાષ્ટ્રિય તથા રાજ્યકક્ષાનાં પ્રદર્શનોમાં પણ ભાગ લીધો. તેમનાં ચિત્રો જાણીતી સંસ્થાઓ



જીવનવૃક્ષ (પ્રવીણા સોની)

તથા વ્યક્તિઓના સંગ્રહોમાં સચવાયાં છે. હાલમાં તેઓ અંબરનાથ-મુંબઈમાં ડ્રૉઈંગ ટીચર તરીકે કેન્દ્રિય વિદ્યાલયમાં સેવાઓ આપી રહ્યાં છે.

જીવનવૃક્ષને (The Tree of Life) મુખ્ય વિષય બનાવીને નૈસર્ગિક વેજિટેબલ રંગોમાં (ડાયૂઝ) તૈયાર થયેલાં તેમના સુશોભનાત્મક, આકર્ષક, સૂક્ષ્મ, લલિત રેખાઓ દ્વારા ઈસ્લામ કે મુઘલ કલામાં જોવા મળતી નજાકત, લાલિત્ય તથા વળાંકો લેતી વૃક્ષોની ડાળોની પેટર્ન અને ગાયો, પક્ષીઓ, ખિસકોલીઓ, મોર તથા બતકો દ્વારા, ઠંડા રંગોથી તૈયાર થયેલાં કાપડની સપાટી અને અવકાશને ગત્યાત્મકતાથી ભરી દેતાં વૉલ હેંગિંગ્સ ખરેખર નયનરમ્ય બન્યાં છે. તેમના કલાકાર પિતા તનસુખભાઈ મહિચાને પગલે તેમણે પણ આ સુંદર જાણીતી કલાકારીની શૈલીમાં ચિત્રો સર્જ્યાં છે.

તેમની અન્ય લગભગ અમૂર્ત શૈલીમાં તૈયાર થયેલાં ચિત્રોની શ્રેણીમાં તેમણે વળાંકો લેતાં મોજામાં અત્રતત્ર મુકાયેલા સૂર્ય જેવા ગોળાકાર રૂપને મૂકી ગતિશીલ, મુક્ત સંરચનાઓ સર્જી છે.

મદનલાલ મીનાનાં નૈસર્ગિક ચિત્રો

૧૯૭૪માં રાજસ્થાનના નારાયણપુર તત્વારામાં જન્મેલા મદનલાલ મીનાએ સરકારી કૉલેજ, કોટામાંથી ૧૯૯૯માં ડ્રૉઈંગ એન્ડ પેન્ટિંગમાં એમ.એ.ની ઉપાધિ મેળવી. તેમણે ૧૯૯૭માં વનસ્થળી વિદ્યા-પીઠ રાજસ્થાનમાંથી ફ્રેસ્કો અને મ્યૂરલ પેન્ટિંગનો અભ્યાસક્રમ પૂરો કર્યો. તેમને બે નોંધપાત્ર સ્કૉલરશિપ મેળવી છે તથા જયપુર, દિલ્હી ખાતે યોજાયેલાં પ્રદર્શનોમાં ભાગ લીધો છે અને ચાર પારિતોષિકો મેળવ્યાં છે. વનમેન શો ઉપરાંત ગ્રૂપ શોમાં ચિત્રો પ્રદર્શિત કર્યાં. રાજસ્થાનની જાણીતી સંસ્થાઓમાં તેમનાં ચિત્રો સંગ્રહાયાં છે.

પ્રકૃતિના ચાહક મદનલાલ ફૂલોના સૌંદર્યને તેમનાં મિક્ષ મીડિયામાં સર્જાયેલાં ચિત્રોમાં સજીવ કરે છે, મૂર્ત કરે છે. ખાસ તો તેમની 'કમળ' પુષ્પ અને તેનાં પર્ણોને ચિત્રની સપાટ ભૂમિ પર ઊભા ફૉર્મેટમાં કમળવનની લાગણી જન્માવે એ રીતે તેજસ્વી આકર્ષક ભૂરા, જાંબલી, પીળા, ગુલાબી રંગોનાં પર્ણો તથા પુષ્પોને ભૂરી પશ્ચાદ્‌ભૂની સામે પાણીની લાગણી જન્માવવા રચ્યાં છે. આ સુંદર સંરચનાઓ તથા ખાસ તો છ-સાત ચિત્રોની જપાનિઝ ચિત્રકલાની યાદ આપતી ઊભી વૈવિધ્યપૂર્ણ પૅનલરચના ધ્યાનપાત્ર છે. આ ચિત્રોની રંગીન દુનિયામાં પ્રવેશ કરતા અને મહાન પ્રભાવવાદી કલાકાર મોનેટ (Monet)ના જીવનના અંતમકાળના અંતિમ વિશાળ કદના લગભગ અમૂર્ત કક્ષાએ પહોંચેલાં 'તળાવમાંનાં કમળો'ની ચિત્રશ્રેણી છે.

- બંસીલાલ દલાલ

અતીતમાં અવગાહન

[આજથી ઓગણચાળીસ વર્ષ પહેલાંના 'કુમાર' અંક ૪૫૫, પૃ.૪૦૧-૪૦૨ નવેમ્બર ૧૯૬૧ના અંકમાંથી ઉદ્ધૃત]

જીવનના સંવત્સરમાં માણસની ઉંમર માત્ર દસ મિનિટની છે!

(વાંચો અને સરખાવો સામેના પાનાનો આલેખ)

આ પૃથ્વી ઉપર માણસની ઉત્પત્તિ થયે લાખો વર્ષ વીતી ગયાં; છતાં પૃથ્વી અસ્તિત્વમાં આવ્યા પછી તેના ઉપર જીવનનો સૌપહેલો પ્રારંભ તો એટલાં કરોડો ને અબજો વર્ષો પહેલાં થયો છે કે તેને મુકાબલે માણસજાતનો જન્મ તો હજી હમણાં જ થયો ગણાય! સમયના આ વિરાટ ગાળાનું પ્રમાણ સમજવા માટે આપણે તેને એક નાના ગાળાનું રૂપ આપી દઈએ તો એનો ખયાલ સચોટ રીતે મળી શકે.

ધારો કે આપણી પૃથ્વી પરના જીવ-વિકાસનાં અબજો વર્ષના એ વિસ્તારને માત્ર એક વર્ષ જેટલા ટૂંકા સમયનું રૂપ આપીએ તો તેનું ઇતિહાસ-ચિત્ર કેવું રચાય તે આ સામેના પાને આપ્યું છે.

એ હિસાબે તદ્દન પ્રાથમિક દશાના અને અંગવિહીન એકકોષી પ્રથમ જીવની ઉત્પત્તિ જો જાન્યુઆરીની પહેલી તારીખે થયાનું ગણીએ (ચિત્ર-૧) તો ત્યાર પછી છેક સાત મહિને, જુલાઈની આખરે તો હજુ સૌપ્રથમ કરોડરજ્જુવાળા જળચરની ઉત્પત્તિ થાય છે (ચિત્ર-૨)ને મહાકાય સરીસૃપ પ્રાણીઓ તથા સૌપ્રથમ સ્તનપાયી જાનવરો તો તે પછી છેક ઑક્ટોબરમાં આવે છે (ચિત્ર-૩).

એ પછી સાડા અગિયારમે મહિને, ડિસેમ્બરની ૧૩મી તારીખે ત્રીજો યુગ શરૂ થઈ વાનર જેવાં પ્રાણીઓ દેખા દે છે; (ચિત્ર-૪)ને ડિસેમ્બરની ૩૧મી તારીખે, એટલે કે આપણી આ કાળગણનાને છેક છેલ્લે દિવસે બપોરે બે વાગ્યે (એટલે કે આજથી દસ લાખ વર્ષ પૂર્વે) ચોથો અને ભૂભૌતિક ફેરફારવાળો છેલ્લો યુગ શરૂ થાય છે. માણસોનો આદિ વડવો આ દિવસે જ જન્મ લે છે.

તે પછી એ દિવસે છેક સાંજે સાડા પાંચ વાગ્યે (એટલે કે સાડા આઠ લાખ વર્ષ પહેલાં) માનવવંશને મળતા પ્રાણી માઈથેકેન્થ્રોપસનો જન્મ થાય છે. હજી ખરો માનવ ઉત્પન્ન નથી થયો.

રાતના ૮ વાગે છે, અને આજથી લગભગ ૫,૦૦,૦૦૦ વર્ષ પહેલાં સ્વાન્સકોમ્બ ને ફોન્ટેશીવેડો નામનાં, માણસ જેવાં પ્રાણીઓ હવે ઉત્પન્ન થાય છે. તે પછી રાત્રે ૧૧ કલાક ને ૪૦ મિનિટના ગાળામાં - એટલે કે આજથી ચાળીસ હજાર વર્ષ પહેલાં નીએન્ડરથલ માનવનું આગમન થયાના અવશેષો મળે છે.

મધરાત થવાને હવે માત્ર દસેક મિનિટ બાકી છે ત્યારે (સમયના આ વિરાટ ઘડિયાળની લાંબી પચાસ મિનિટો વીતી ગયા પછી) હવે બુદ્ધિની અમૂલ્ય શક્તિવાળા માનવપ્રાણીનો જન્મ થાય છે.

અને હવે તો પ્રત્યેક સેકંડની ગણતરી કરવાની છે. પશ્ચિમમાં નીઓલિથિક યુગ શરૂ થાય છે ત્યારે તો બાર વાગવા આડી પાંચ મિનિટ અને ૪૫ સેકંડ જ બાકી છે. અને તે પછી માણસે કાંસાની ધાતુ વાપરવાની શોધ કરી તે કાંસ્યયુગ (બ્રોન્ઝ એઈજ) શરૂ થયો. લિપિની શોધ થઈ અને સંસ્કૃતિનો પ્રારંભ થયો ત્યારે બારમાં એક જ મિનિટ બાકી રહી છે.

તે પછીનો નિશ્ચિત ઐતિહાસિક યુગ તો થોડી સેકંડથી જ હવે માપવાનો રહે છે. મધરાતને હવે ૧૫ સેકંડ જ બાકી છે ત્યારે ભારતમાં બૌદ્ધધર્મની શરૂઆતનો કાળ પ્રવર્તે છે; ને બરાબર મધરાતે આપણું આ અલ્પપ્રમાણ વર્ષ પૂરું થાય છે ત્યારે, ઈશુના જન્મ સાથે ઈસવી સનની શરૂઆત થાય છે.

અને હવે આજથી ૪૦ વર્ષ બાદ જ્યારે ઈસ્વી સનનું ૨૦૦૦મું વર્ષ બેસશે ત્યારે, બાર ઉપર એક મિનિટે આપણે આપણા આ અલ્પપ્રમાણ વર્ષાનુસાર નવા વર્ષની માત્ર એક જ મિનિટ વિતાવી હશે, એટલે કે આ વિરાટ ઘડિયાળના ૨૦૦૦ વર્ષે એક મિનિટ થાય છે.!

અનુ.| માનવ થાઉં તો ઘણું |પૃ.૫થી


સંસ્કૃતમાં એક સુભાષિત છે કંઈક આવા જ મતલબનું :

अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुंबकम् ॥

'આ મારો આ પારકો' એ ક્ષુદ્ર માણસોની વિચારસરણી હોય છે. જગત ઉદારચરિત્રવાળા માનવો માટે તો આખુંયે કુટુંબ બરાબર હોય છે.

આપણે રસ્તા ઉપર હંમેશાં ચાલીએ છીએ. લોકો કેવી રીતે આવે વખતે વર્તે છે એ જોવા જેવું છે અને આપણે પણ કેવી રીતે વર્તીએ છીએ એની પણ નોંધ કરીશું તો ઉત્તમ માનવી બનવા તરફ પગલાં ભરતાં થઈ જઈશું. આ બધું આમ બહુ જ સરળ હોય છે, આપણને જો ખબર હોય તો. □

૧લી જાન્યુઆરીથી ૩૧મી ડિસેમ્બર સુધીના એક વર્ષના ગાળામાં સમાવેલો પૃથ્વી પરનો જીવનવિકાસ



ગોવા (દેશાટન-૧૨)

ભારતના પશ્ચિમી દરિયાકાંઠે આવેલું ગોવા ઘણું આકર્ષક અને ખૂબસૂરત નગર



છે. ભારતના અરબી સમુદ્રના કોંકણ કિનારા પરનું ૧૦૫ કીલોમિટર જેટલો દરિયાકાંઠો ધરાવતું ગોવા ૪૫૧ વર્ષો સુધી પોર્ચુગીઝોનાં શાસનધુરામાં રહ્યા બાદ ૧૯૬૧માં સ્વતંત્ર થયું. ભારતનું તે સૌથી નાનું રાજ્ય છે.

દુનિયાભરનાં પર્યટકો ગોવાનાં ખ્રિસ્તી દેવળો, હિન્દુ મંદિરો, આનંદોત્સવો જોવા માટે અને તહેવારો ઊજવવા માટે ત્યાં આવે છે. 'સમુદ્રકિનારાની રાણી' એ નામથી પ્રખ્યાત, સાત કિલોમીટર લાંબો કલંગુટ સમુદ્રતટ ત્યાં આવેલો છે.

ગોવાની રાજધાની પણજીમાં ત્યાંની મંડોવી અને જુઆરી એ બે નદીઓ સમુદ્રને મળે છે. વિખૂટાં પડેલાં બે પ્રેમીઓની કહાનીવાળું 'ડોના પાઓલા' પણજીમાં આવેલું છે. ગોવાનાં મંદિરો આલંકારિક પ્રવેશદ્વારો અને સ્તંભો માટે વિશેષ જાણીતાં છે. શ્રી મંગેશી શિવમંદિર, શ્રી શાંતાદુર્ગા મંદિર, સપ્તગોપેશ્વર, સપ્તકોટેશ્વર, તંબડી સર્લા વગેરે પ્રસિદ્ધ મંદિરો છે. જૂના ગોવામાં અનેક ચર્ચો આવેલાં છે. જેમાં સંત ફ્રાન્સિસ ઝેવિયરનો દેહ રાખવામાં આવ્યો છે તે 'બાસિલિકા ઑવ્ બૉમ જીસસ' ચર્ચ ખૂબ પ્રખ્યાત છે.

ગોવા નિવાસીઓ નૃત્ય અને સંગીતના શોખીન છે. તેથી બધા તહેવારો આનંદ, ઉલ્લાસથી ઊજવવા માટે પર્યટકો અહીં આવે છે. આ પ્રજા ખૂબ સ્નેહાળ અને ઉત્સાહઘેલી છે. ગોવા રેલવે, સડક અને હવાઈ માર્ગથી બધાં શહેરોમાંથી સહેલાઈથી ત્યાં જઈ શકાય છે.

('યોજના'ને આધારે)



આર્દ્ર ઝરણી

ઘડી છોડી દેને ગડમથલ તારા જગની,
જરા જા આજે તો નિર્જન મહા જંગલ મહીં;
તરુ, પક્ષીમાંથી જરૂર મળશે કાંઈ કીમિયા,
જશે અંધાપો આ તુજ હૃદયનો ત્યાં વિહરતાં.

– 'કલાપી'

સદ્ગત શંકરદયાલ શર્મા

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. શંકરદયાલ શર્માનું હૃદયરોગની લાંબી બીમારી બાદ તા.૨૬મી ડિસેમ્બર ૧૯૯૯ના રોજ દિલ્હીની એસ્કોર્ટ્સ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટમાં રાત્રે ૧૦.૩૫ વાગ્યે દુઃખદ નિધન થયું છે. એમનો જન્મ ૧૯મી ઑગસ્ટ, ૧૯૧૮ના રોજ ભોપાલમાં થયો હતો. ત્યાં રામકૃષ્ણ પાઠશાળા, બિરિસિઆ સ્કૂલ અને એલેક્ઝાન્ડ્રા હાઈ સ્કૂલમાં એમણે શિક્ષણ લીધેલું. ૧૯૩૭માં અલાહાબાદ યુનિવર્સિટીમાંથી તેમણે સ્નાતકની પદવી મેળવી હતી. અહીં શિષ્યવૃત્તિ પ્રાપ્ત થતાં તેઓ વધુ ઉચ્ચ અભ્યાસ માટે બ્રિટન ગયા. ત્યાં કાયદાશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને ૧૯૪૬-૪૭ દરમિયાન કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં કાયદાશાસ્ત્રના અધ્યાપક બન્યા. ૧૯૪૭-૪૮ દરમિયાન અમેરિકાની હાર્વર્ડ લૉ સ્કૂલમાં ફેલો રહ્યા. ત્યાંથી તેઓ અધ્યાપનની કારકિર્દીના નિશ્ચય સાથે ૧૯૪૮માં ભારત પાછા ફર્યા અને યુનિવર્સિટી ઑવ્ લખનઉમાં કાયદાની વિદ્યાશાખામાં રીડર તરીકે નિયુક્ત થયા. એ જ વર્ષે ૭મી નવેમ્બરે ભોપાલ નજીકના નાનકડા ગામ સિહોર ગયા. તેમની સાથે કવિ-પત્રકાર ભાઈ રતનકુમાર પણ હતા. તેમનું ત્યાં જવાનું પ્રયોજન ત્યાંનાં દેશી રજવાડાંને ભારતના રાષ્ટ્રમાં ભેળવી દેવાનું હતું. ત્યાં એમણે જે ભાષણ કર્યું તેનાથી ત્યાંના લોકો ખૂબ પ્રભાવિત થયા અને ત્યાંના નવાબને ભારતના રાષ્ટ્રમાં જોડાઈ જવા સહુ એકમત થઈ આંદોલન ચલાવવા લાગ્યા.

આ હતો એમનો રાજકીય કારકિર્દીનો પ્રથમ પ્રવેશ અને આ પ્રથમ પ્રવેશે જ એમણે મેદાન માર્યું. એમની ધરપકડ થઈ અને જેલભેગા કરવામાં આવ્યા: ત્યારથી એમની રાજકીય કારકિર્દીનો સૂર્ય ભારતના રાજકીય ગગનમાં ઊંચે ને ઊંચે ચડવા લાગ્યો. ૧૯૫૨ની ચૂંટણીમાં એમણે ભોપાલ વિધાનસભામાં ઝંપલાવ્યું અને ખૂબ લોકચાહનાથી ચૂંટાઈ



આવ્યા. ૩૩ વર્ષની ઉંમરે તેઓ ભોપાલ રાજ્યના સર્વપ્રથમ મુખ્યમંત્રી બન્યા. ૧૯૬૩માં મધ્યપ્રદેશ કૉંગ્રેસ કમિટીના પ્રમુખ વરાયા અને ૧૯૬૮માં તો અખિલ ભારતીય કૉંગ્રેસના તેઓ મંત્રીપદે વરાયા.

૧૯૭૧માં તેઓ પ્રથમ વાર લોકસભામાં ચૂંટાયા પરન્તુ ૧૯૭૭માં કૉંગ્રેસ-વિરોધી વાયુ વાયો તેમાં તે ચૂંટણી હારી ગયા. ૧૯૮૦માં ફરી કૉંગ્રેસ પક્ષ તરફથી ચૂંટણી લડ્યા અને વિજયી બન્યા. ૧૯૭૪થી ૧૯૭૭ દરમિયાન જ્યારે તેઓ કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી હતા ત્યારે સમગ્ર સંદેશાવ્યવહારના તંત્રના

આધુનિકરણ માટે એમણે પ્રયાસ કરેલો.



રાજીવ ગાંધી શાસનકાળ દરમિયાન ૩ સપ્ટેમ્બર ૧૯૮૭ના રોજ એમની ઉપરાષ્ટ્રપતિ પદે નિયુક્તિ થઈ. તે વખતે તેઓ રાજ્યસભાના પણ અધ્યક્ષ હતા. જુલાઈ ૨૫, ૧૯૯૨ના રોજ તેમની ભારતના રાષ્ટ્રપતિ પદે નિયુક્તિ થઈ અને પાંચ વર્ષ સુધી તેમણે એ પદ નિષ્ઠા અને કુનેહપૂર્વક નિભાવ્યું.

અસલમાં તો તે અધ્યયન અને અધ્યાપનના જીવ. આથી સહજ રીતે જ એમનામાં ઊંચાં જીવનમૂલ્યોની માવજત વિકસી હતી. એમાંય ગાંધી- રંગે રંગાયા પછી તો તેમની કુશાગ્ર બુદ્ધિ, નિખાલસ પ્રકૃતિ, નિષ્ઠાપ્રિય વ્યક્તિત્વ અને સુચારુ વ્યવહારદક્ષતાએ ખૂબ જ ઝડપથી તેમને ભારતના સર્વોચ્ચ એવા રાષ્ટ્રપતિપદે પહોંચાડ્યા હતા. દિવંગતને ચિર શાંતિ હો! - ધી.પ.

કાકડી

કાકડી અનેક રીતે ગુણકારી છે. કાકડીમાં પોટેશિયમ તત્ત્વ ભરપૂર પ્રમાણમાં હોય છે. તે પાચનક્રિયામાં ખૂબ જ મદદરૂપ બને છે, તેથી જેમની પાચનશક્તિ નબળી હોય તેમના માટે કાકડી ભોજનમાં અનિવાર્ય ગણાવી શકાય.હાઈ બ્લડપ્રેશરવાળા વ્યક્તિ માટે પણ કાકડી લાભદાયક છે. આવી તકલીફવાળી વ્યક્તિએ તેનો રસ પીવો જોઈએ. તેવી જ રીતે લીવરની બીમારીમાં પણ કાકડીનો રસ લાભ કરે છે. પાયોરિયાના દર્દી જો કાકડી નિયમિતપણે ચાવવાનું રાખે તો તેને માટે લાભદાયી નિવડે છે.

કાકડી કાપીને શરીર પર ઘસ્યા બાદ નાહવાથી ચામડીને નુકસાન થતું અટકે છે. લીંબુનો રસ કાકડી પર છાંટી અને તે ચાવીને ખાવાથી પેશાબની તકલીફમાં ગુણકારી સાબિત થાય છે.

કાકડી છાલ સહિત ખાવી વધુ લાભદાયી છે. કારણ કે તેની છાલમાં જ વધુ ગુણો રહેલા છે. કાકડી ખાલી પેટે ન ખાવી. નહિતર અજીર્ણ થવાનો સંભવ રહે છે. કાકડી પર લીંબુ, મરી, મીઠું છાંટીને ખાવી જોઈએ. બને તેટલી વધુ ચાવીને ખાવાથી તેનો ભરપૂર લાભ મેળવી શકાય છે.

કાકડીનું કચુંબર નિયમિત ભોજનમાં લેવાથી કબજિયાતમાં પણ લાભ રહે છે. - શ્રીમતી રમણતારા કે. વ્યાસ ('સંદેશ'માંથી)

સરહદની સુરંગ

ગઈ ૧૮મી નવેમ્બરે ભારત-પાક.ની સરહદે સુરક્ષા દળના જવાનોની નજરે એક ખાડો જોયો ત્યારે આ ટુકડીને શંકા જતા તેણે વધુ તપાસ કરી હતી. અને તેમણે શોધી કાઢ્યું હતું કે આ એક ખાડો નહીં પરંતુ મોટી સળંગ સુરંગ (બોગદુ) છે. તેનો એક છેડો ભારતમાં હતો જ્યારે તેનું મુખ પાક.માં ૨૦૦ મિટર લાંબું હતું.

પંજાબ પ્રદેશમાં હાથી જેટલા ઊંચા ઘાસની વચ્ચે આ ખાડો નજરમાં પડે એવો નહોતો. કલ્પના પણ ન કરી શકાય કે સરહદ-પારથી ભારતના ઉગ્રવાદીઓ ઘૂસણખોરી કરવા માટે, શસ્ત્રો અને માદક દ્રવ્યો ભારતમાં ઘુસાડવા મોટી યોજના બનાવી રહ્યા હતા. પરંતુ આપણા જાગ્રત જવાનોની નજરમાં આ ખાડો આવતાં દુશ્મનોની યોજના ધૂળધાણી થઈ ગઈ હતી.

પંજાબ બી.એસ.એફ.ના આઈ.જી.એ.એસ. અવલાખે સરહદી વિસ્તારની મુલાકાત લીધા બાદ આ સુરંગને દેશની સલામતી માટે ખતરારૂપ ગણાવી હતી. તેઓએ પત્રકારોને જણાવ્યું હતું કે આવી મોટી સુરંગ ખોદવામાં મોટી સંખ્યામાં માણસોની જરૂરત પડે, અને ઓછામાં ઓછા ૪૦ થી ૫૦ દિવસ લાગી જાય છે. આવા સંજોગોમાં પાક.ના સત્તાવાળાઓને આની જાણકારી હોવી જ જોઈએ અને તેમના સહકાર વિના આ સુરંગ ખોદી ન શકાય.

જવાનોની નજર આ ખાડા ઉપર જતાં આજુબાજુનું ઘાસ દૂર કરી ખાડો કેટલો ઊંડો છે તેનો અંદાજ મેળવ્યો. ખાડો આશરે પાંચ ફૂટ ઊંડો હતો. આખો વિસ્તાર તપાસ કરતાં જાણવા મળ્યું કે એ સુરંગ ઉપર નાના ખાડા હવાની અવરજવર માટે હતા. સુરંગ અંદરથી માટીનું પ્લાસ્ટર કરેલી હતી. તથા તે સુરંગ ૧૭૦૦ ફૂટ ભારતમાં અને ૪૦૦ ફૂટ પાકિસ્તાનમાં આરપાર નીકળતી હતી.

બી.એસ.એફ.ના જવાનોએ ૧૮મીની રાત્રે ત્યાં જાળ બિછાવી. સુરંગ મારફતે કોઈ આવે તો તેને ઝડપી લેવા પહેરો ગોઠવ્યો. પરંતુ આપણાં દળોની સતર્કતા તેઓની નજરમાં આવી ગઈ હશે તેથી ત્યાંથી કોઈ માણસ કે સામગ્રી આવી નહીં અને આ બાબતે આંતરરાષ્ટ્રિય સરહદ ઓળંગવાના કાયદાનો ભંગ થતાં બી.એસ.એફ.ના વડા મથકે લાહોરસ્થિત પ્રતિનિધિ મંડળને માહિતી આપતાં તેઓએ તરત જ આ સુરંગ બાબતે પાકિસ્તાન રેંજરોના અધિકારીઓ સમક્ષ પ્રચંડ વિરોધ નોંધાવ્યો હતો.

('સર્જનયાત્રા'માંથી)

◆ બાથ ભરીને ભેટ્યાં થકી કરીએ નહિ વિશ્વાસ, ◆
◆ ફોફળને લૈ બાથમાં, સૂડી કરે વિનાશ. ◆

— દલપતરામ

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી અમદાવાદ વસ્યા ત્યારે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ માટે કેટલાકોએ ગુજરાતી સાક્ષરો પાસે ગાંધીજીના નામનું સૂચન કર્યું. સાક્ષરોએ આ સૂચન પ્રત્યે નાપસંદગી દર્શાવી. ગાંધીજીને આ વાતની જાણ થતાં જણાવ્યું, 'મને પ્રમુખ બનાવવાની વાતો કરે એ ચોક્કસ પાગલ કહેવાય. મારે ને સાહિત્યને શું? તમે રમણભાઈ જેવા સાક્ષરને પ્રમુખપદ આપો.' અને અન્તે રમણભાઈ નીલકંઠ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ વરાયા!

*

હાથે કરીને વહોરી લીધેલી, કારણ વગર આમંત્રેલી, આફત અંગે હિન્દીમાં કહેવત છે - આવ બેલ મુઝે માર। એને મળતી ગુજરાતી ભાષામાં પ્રાયઃ સમાનાર્થી કહેવત છે : 'ઉલળ પાણા પગ ઉપર.'

*

દુનિયામાં મોટામાં મોટો પતંગ બનાવવાનો યશ જપાનને જાય છે. આ પતંગ ૨૦ મિટર વ્યાસનો અને ૨૫૦ કિલો વજનનો હતો. તેમાં ૩૦૦૦થી વધુ કાગળનો ઉપયોગ થયો હતો અને તે નારુટોના સાગરકાંઠેથી ચગાવવામાં આવ્યો હતો.



ગણિતગમ્મત

૧૨૩૪૫૬૭૯ ની ખૂબીઓ - ૪

આ સંખ્યાને ૮, ૧૬... થી માંડીને ૭૨ સુધીની, ૮થી વિભાજ્ય પણ ૩થી અવિભાજ્ય હોય એવી સંખ્યા વડે ગુણતાં ગુણાકારમાં ૦થી ૯ સુધીની ૧૦ પૈકી ૯ સંખ્યાઓ આવે છે.

૧૨૩૪૫૬૭૯ x ૮ = ૯૮૭૬૫૪૩૨ (૧ ગુણ)

૧૨૩૪૫૬૭૯ x ૧૬ = ૧૯૭ ૫૩૦ ૮૬૪ (૨ ગુણ)

૧૨૩૪૫૬૭૯ x ૩૨ = ૩૯૫ ૦૬૧ ૭૨૮ (૪ ગુણ)

૧૨૩૪૫૬૭૯ x ૪૦ = ૪૯૩ ૮૨૭ ૧૬૦ (૫ ગુણ)

૧૨૩૪૫૬૭૯ x ૫૬ = ૬૯૧ ૩૫૮ ૦૨૪ (૭ ગુણ)

૧૨૩૪૫૬૭૯ x ૬૪ = ૭૯૦ ૧૨૩ ૪૫૬ (૮ ગુણ)

- નૌતમ વખારિયા

*

શબ્દકથા : રબર અંગ્રેજી ભાષાનો શબ્દ છે. એ ગુજરાતીમાં એ જ રીતે પ્રચલિત છે. 'રબર' શબ્દ ઘસવું ને ભૂંસવું અર્થવાળા અંગ્રેજી 'રબ' ધાતુથી નિષ્પન્ન થયેલો છે. એટલે એનો અર્થ નાબૂદ કરવું ને ભૂંસવું થવા પામ્યો. રબરની શોધ થઈ ત્યારે એનો ઉપયોગ લખેલું રદ કરવા-ભૂંસવા માટે થતો હતો. એટલે એનું નામ 'રબર' પડ્યું. પછી તો રબરના અનેક ઉપયોગ થવા માંડ્યા, પણ છતાંય એનું નામ બદલાવા ન પામ્યું.

*

નવા વર્ષે શુભેચ્છા પાઠવતાં સુરેશે પોતાના મિત્રને ફોન પર કહ્યું : 'દોસ્ત, ૨૦૦૦ના આ નવા વર્ષે તારો શો શુભ સંકલ્પ છે?'

મિત્રે કહ્યું : 'પત્નીને વર્ષભર સુખ આપવાનો.' સુરેશે તે મિત્રપત્નીને ફોન કર્યો : 'તમારો આ નવા વર્ષે શુભ સંકલ્પ શો છે?'

મિત્રપત્નીએ જણાવ્યું : 'તમારા મિત્ર તેમના શુભ સંકલ્પને પાળે તે જોવાનો.'



કાર્ટૂન : નટુ મિસ્ત્રી

હા...હા... પેશન્ટ જ છે... પણ... મને લાગે છે કે દાક્તરે... એના હાથમાં 'બિલ' પકડાવી દીધું લાગે છે!!!

વિશ્વની સૌથી લાંબામાં લાંબી સુરંગ જપાનની સીકોન રેલવેની છે. આ સુરંગ લગભગ તેત્રીસ હજાર માઈલ અને મૉસ્કોની ઓગણીશ હજાર સાત માઈલ જેટલી લાંબી છે.



કલાકણિકા : સારનાથ પાસે ચૌખંડીમાંનું સવાર સાથે સિંહ રાશિનું શિલ્પ ઈ.સ.પૂ. ૫મી શતાબ્દીમાં ગુપ્તકાળ દરમિયાન તૈયાર થયેલું.